બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**જાન્યુઆરી-૨૦૨૪**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ્ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૪૫

વર્ષ : ૨૧, અંક : ૦૧, સળંગ અંક : ૨૪૦

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ખ્વાજા સાહબની જિંદગી અને આપની મહોબ્બતના દાવેદારોની હાલત | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 08 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 11 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 14 |
| 05 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 17 |
| 06 | તઝકેરતુલ અવલિયા : હઝરત સરી સકતી رحمۃ اللہ علیہ | 19 |
| 07 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 21 |
| 08 | ઈસ્લામી અખ્લાક તથા આદાબ | 23 |
| 09 | "શફાઅત" કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 26 |
| 10 | (બીજી સદીના મુજદ્દિદ-૧) હઝરત ઈમામ મુહમ્મદ બિન ઈદરીસ શાફઈ رحمۃ اللہ تعالیٰ علیہ | 30 |
| 11 | સમાજની સુધારણા : સમયની મહત્વની જરૂરત | 32 |
| 12 | વર્તમાન ક્રિકેટ તથા અન્ય રમતો શરીઅતના આઈનામાં | 40 |
| 13 | ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના રાજ કારોબારનો અંદાઝ | 45 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 49 |


### મનકબત : દર શાહે ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہ

અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂર રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

બિગળી મેરી બના દો યા શાહે સંજરી
રંજો અલમ મિટા દો યા શાહે સંજરી

કિત્ના કરમ હે મુઝ પર અપના બના લિયે હે
કિસ્મત મેરી જગા દો યા શાહે સંજરી

પર હે ન પાસ ઝર હે બસ આપકી નઝર હે
તયબહ્ મુઝે દિખા દો યા શાહે સંજરી

ષાબિત કદમ રહેં હમ આશિક બને રહેં હમ
બિલખૈર ખાતિમા હો યા શાહે સંજરી

ફિર હિંદકી ઝમીં પર ઝાલિમ ઉભર રહે હૈં
તીરે નઝર ચલા દો યા શાહે સંજરી

અર્ઝે ફિલિસ્તીં પર મઝલૂમ હૈં મુસલમાં
ફૌઝે મુબીં અતા હો યા શાહે સંજરી

તહરીકે **સુન્ની દા'વતે ઈસ્લામી**કો હુઝૂર
આલમમેં અબ ચલા દો યા શાહે સંજરી

હુસ્ને અમલસે કાસિર દર પર ખળા હે **'શાકિર'**
અપના ઉસે બના લો યા શાહે સંજરી



# ખ્વાજા સાહબની જિંદગી
# અને આપની મહોબ્બતના દાવેદારોની હાલત




સુલ્તાનુલ હિંદ, અતાએ રસૂલ હઝરત ખ્વાજા ગરીબનવાઝ મુઈનુદ્દીન ચિશ્તી સંજરી અજમેરી رحمۃ اللہ علیہની મહાન શખ્સિયતથી કોણ નાવાકેફ હોય, આપણા તો આપણા ગૈરોમાં પણ આપનો સિક્કો ચાલી રહ્યો છે. આપની મક્બૂલિયત જગતભરમાં ખાસ કરીને અખંડ ભારતમાં આમ છે. આપ વલીઓના સરદાર છે. હિંદમાં ઈસ્લામની તબ્લીગમાં આપનો સિંહફાળો છે, આપના પવિત્ર હાથો પર નેવુ લાખ લોકોએ કુફ્ર શિર્કથી તૌબા કરી ઈસ્લામ સ્વીકાર્યો હતો. આજે હિંદભરમાં મુસલમાનોની બોલબાલા છે, અલ્લાહુ અકબરની સદાઓ જે દેશના ખૂણે ખૂણે ગુંજી રહી છે એમાં સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનો મુખ્ય રોલ છે. આપના અખ્લાક તથા આપની કરામતોથી અંજાયને લોકો ટોળે ને ટોળે ઈસ્લામનો કલમો પઢતા હતા. આપ શરીઅત તથા સુન્નતના ચુસ્ત પાબંદ હતા, આપનો સીનો ખૌફે ખુદાથી લબરેઝ હતો. **આજે આપણે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની ચાહતનો દભ ભરીએ છીએ, પણ શરીઅતની સુન્નતોની પાબંદી, નમાઝોની, રોઝાની પાબંદીમાં ઉણા ઉતરીએ છીએ. ઈલ્લા માશાઅલ્લાહ ! ચેહરો કલીન શેવ અને ફાસિકો કાફિરો જેવો દેખાવ, વાણી વર્તન અને તેમના જેવી જ આદતો વગેરે આપણે બનાવી બેઠા છીએ, આપણી સ્ત્રીઓ પર્દો કરવાથી શરમાય છે અને અંગ પ્રદર્શન કરવામાં ગર્વ લે છે !** દુનિયાનો દસ્તૂર છે કે જે જેનાથી મહોબ્બત કરે છે તેનુ અનુસરણ કરે છે, તેના હુકમોને જી જાનથી પાળે છે, પણ **આપણે ઝબાની દાવો તો ખ્વાજા સાહબથી મહોબ્બતનો કરીએ છીએ પણ આપનુ તથા આપની આજ્ઞાઓનુ પાલન કરવાને બદલે ઉલ્ટુ જીવન જીવીએ છીએ.** ઈલ્લા માશા અલ્લાહ ! આવો ! ખ્વાજા સાહબના જીવનની ઝલકો જોઈએ અને એને અનુસરવા કોશિશ કરીએ.

## ★ ખ્વાજા સાહબ અને ખૌફે ખુદા તથા સુન્નતે રસૂલ પર પાબંદી ★

પોતાના દિલમાં અલ્લાહ عزوجل تعالیٰની યાદ વસાવી રાખવી, તેના ખૌફથી ડરતા કાંપતા રહેવું અને ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી) કરવી એ અલ્લાહ ﷻના નેક પરહેઝગાર બંદાઓની ઓળખ છે. હુઝૂર ગરીબનવાઝ رحمۃ اللہ علیہ હમેશાં અલ્લાહ عزوجل تعالیٰની યાદમાં લીન રહેતા હતા અને ખૌફે ઈલાહીથી કાંપતા તથા રૂદન આજીજી કરતા રહેતા હતા. આપ ફર્માવ્યા કરતા હતા કે, **"હે લોકો ! જો તમને જમીનની નીચે દફન થયેલા લોકોનો થોડોક સરખો હાલ માલૂમ થઈ જાય તો તમે ખૌફે ખુદા તથા ભયના કારણે પાણી અને મીઠાની જેમ ઉભા ઉભા ઓગળી જાવ."** *(મસાલિકુસ્સાલિકીન, ૨/૨૮૨)*

"મસાલિકુસ્સાલિકીન"માં છે કે આપ સુન્નતે નબવી علیہ الصلوٰۃ والسلامના અત્યંત કક્ષાએ પાબંદ અને દિલોજાનથી તેની કાળજી રાખતા હતા. "અખ્બારુલ અખ્યાર"ના હાશિયામાં છે : એકવાર આપ વુઝૂ કરી રહ્યા હતા જેમાં આંગળીઓનો ખિલાલ કરવાનું ભૂલી ગયા તો ગયબથી નિદા આવી કે, **"રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતનો દાવો અને સુન્નતનો ત્યાગ ?!"** આ સાંભળતાં જ આપે તરત જ તૌબા કરી અને અહદ કર્યો કે ભાવિમાં

www.barkatekhwaja.net

ગલતી નહીં કરું. એમાં જ છે કે, **આપ જ્યાં ક્યાંક આગ જોતા તો કાંપી ઉઠતા કે ક્યાંક કયામતના દિવસે એની (આંગળીઓનો ખિલાલ ન કરવાની) સજા ન થાય !** સુન્નતની પયરવીમાં આપનો એ જ હાલ હતો જે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો હતો. *(હાશિયા અખ્બારુલ અખ્યાર, પેજ : ૯૦, ૯૧)*

ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ પોતે પણ સુન્નતે નબવીના પ્રમાણે જિંદગી ગુજારતા હતા અને પોતાના મુરીદો, અક઼ીદતમંદો, ચાહકોને પણ હમેશાં તાકીદ કરતા હતા કે સુન્નતની પયરવીને પોતાની જિંદગીનો લાઝમી હિસ્સો બનાવી લો, અને એમાં રજમાત્ર ઉણપ ન વર્તો. આજે ખ્વાજા સાહબની મહોબ્બતનો દમ ભરનાર આમ લોકો પણ તેમજ તેમના નામ પર રોટી કમાનારા ખાદિમો પણ ફાસિકો ફાજિર જોવા મળશે, સફાચટ દાઢીમાં લોકો માટે મઝાર પાકમાં દુઆ કરતા જોવા મળે છે. અલ્લાહની પનાહ !

## ★ ખ્વાજા ગરીબ નવાઝ અને મહબ્બતે રસૂલ ★

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની મહોબ્બત ઈમાનની ગિઝા બલ્કે ઈમાનની જાન છે. મહબ્બતે રસૂલ વિના ઈમાનની કલ્પના જ નથી કરી શકાતી. મિશ્કાત શરીફમાં છે : "તમારામાંથી કોઈ ત્યાં સુધી મો'મિન નથી થઈ શક્તુ જ્યાં સુધી હું તેની નજીક તેના બાપ, અવલાદ અને તમામ લોકોથી અધિક મહબૂબ ન થઈ જઉં." *(કિતાબુલ ઈમાન, પેજ : ૧૨)*

ઈશ્કે રસૂલની આટલી એહમિયતના કારણે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પોતાની જાનથી પણ વધુ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી મહોબ્બત કરતા હતા અને અવલિયાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین પણ મહબ્બતે રસૂલને પોતાની જાનથી અધિક અઝીઝ સમજતા હતા.

હુઝૂર ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ આખી જિંદગી ઈશ્કે ઈલાહીમાં દીવાનાવાર ચુર રહેવાની સાથોસાથ મહબ્બતે રસૂલના નશામાં પણ સરશાર રહ્યા. પોતાના ઈર્શાદો તથા મલ્ફૂઝાતમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નો ઉલ્લેખ ખૂબ જ મહોબ્બતમાં દીવાનગીના અંદાઝમાં કરતા હતા, અને મોટાભાગે હદીષે નબવી બયાન કરીને રડવા લાગતા હતા. એક જગા મલ્ફૂઝમાં ફર્માવ્યું : **"અફસોસ છે એ શખ્સ પર જે ક઼યામતના દિવસે હુઝૂર علیہ الصلوٰۃ والسلام થી શર્મિંદો થશે તેની જગા ક્યાં રહેશે ?! જે આપનાથી શર્મિંદો થશે તે ક્યાં જશે ? આટલુ ફર્માવી ચૂક્યા તો હાય ! હાય ! કરીને રડવા લાગ્યા !"** *(દલીલુલ આરિફીન)*

આજે આપણે મહબ્બતે રસૂલ صلی اللہ علیہ وسلم નો તથા મહબ્બતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ નો દમ ભરીએ છીએ પણ આપણી જીવન પદ્ધતિ સુન્નતોથી દૂર અને ગુનાહોની ચુંગાલમાં અટવાયેલી જોવા મળે છે ! ન આપણા અખ્લાક઼ ઈસ્લામી છે ન આપણી વિચારશૈલી ઈસ્લામી છે ! કેવળ નામ જ નામ છે ! કેવળ ઢોંગ જ ઢોંગ છે ! ઈલ્લા માશાઅલ્લાહ ! "સિયરુલ અક઼તાબ"માં છે : હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ મોટાભાગે ફર્માવ્યા કરતા હતા કે, "મુઈનુદ્દીન ત્યાં સુધી જન્નતમાં ક઼દમ ન રાખશે જ્યાં સુધી પોતાના મુરીદો અને મુરીદોના મુરીદોને જેઓ ક઼યામત સુધી સિલસિલામાં હશે તેમને જન્નતમાં ન લઈ જઉં." પણ આપણે સાચા મુરીદ તો બનીએ ?! મુરીદ થતી વેળા જે શરીઅતની પાબંદીનો અહદ લેવામાં આવે છે તેનું પાલન તો કરીએ ! ઝબાની મુરીદ થવાનો શો ફાયદો ?

## ★ ખ્વાજા સાહબ અને નમાઝ રોઝાની પાબંદી ★

હુઝૂર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ નમાઝની ખૂબ જ કાળજી લેતા હતા. પાંચેવ વખતની નમાઝોને તેમના ફર્ઝો, વાજિબો, સુન્નત તથા મુસ્તહબો તથા સર્વ હક્કો તથા નિયમોની કાળજી સાથે તેના નિશ્ચિત સમયોમાં ઘણી જ

પાબંદીની સાથે અદા કરતા હતા. ફર્ઝ, વાજિબ, સુન્નતોની સાથો સાથ નફ્લો પણ ખૂબ જ અધિક પ્રમાણમાં અદા કરતા હતા. સામાન્ય રીતે બાવુઝૂ રહેતા. આપનુ વુઝૂ કુદરતી હાજત સિવાય કદી તૂટતુ ન હતું. *(મુઈનુલ અરવાહ, પેજ : ૪૪)*

રાતે ઓછુ સુતા અને ઈશાના વુઝૂથી ફજરની નમાઝ અદા કર્યા કરતા હતા. ખુદ નમાઝોની પાબંદી કરવાની સાથોસાથ પોતાના મુરીદો, ચાહકો, અકીદતમંદોને પણ પાબંદી સાથે નમાઝ અદા કરવાની તાકીદ કર્યા કરતા હતા. આપના મલ્ફૂઝાત શરીફમાં નમાઝોની પાબંદીની સખત તાકીદ મળે છે. એક પ્રસંગે ફર્માવ્યું : **"નમાઝ એક અમાનત છે જેને અલ્લાહ તઆલાએ બંદાઓને સુપ્રત કરી છે, જેથી બંદાઓ પર લાઝિમ છે કે અમાનતમાં કોઈ પ્રકારની ખયાનત ન કરે."** પછી ફર્માવ્યું : માણસ નમાઝ અદા કરે તો રુકૂઅ તથા સજદા હક્ક પ્રમાણે અંજામ આપે અને અરકાનોનો સારી રીતે ખયાલ રાખે."

આજે ખ્વાજા સાહબનો દમ ભરનારા અને મહોબ્બતમાં ઝુમનારાઓનો હાલ જોઈ લો ! ઈલ્લા માશા અલ્લાહ ! મોટાભાગે નમાઝોથી ગાફેલ જોવા મળે છે ! અને રોઝા સંબંધે પણ આપના જાનશીન ખલીફએ અકબર કુતુબુલ અક્તાબ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہ કહે છે : **આપ સાત સાત દિવસોમાં ઈફતાર કરતા અને ઈફતારીમાં પાણી, મિષ્કાલથી અધિક વજનની આટાની રોટલી ન રહેતી, જેને આપ પાણીમાં ભીગોવીને ખાય લેતા હતા.** આપણે લોકો રમઝાનના રોઝામાં જ ગુલ્લી મારીએ છીએ ! નફલી રોઝાની તો વાત જ શું કરવી ? ઈલ્લા માશા અલ્લાહ ! પાણીમાં ભીગોવેલી રોટલી ખાવાની સાદગી તો જવા દો ! હરામ હલાલ ગોશ્તની પરવા કર્યા વિના ચટાકેદાર ગમે તેવાં ખાણા ગમે ત્યાં ઠાંસી ઠાંસીને ખાઈએ છીએ ! ક્યાં છે મહોબ્બતની નિશાનીઓ ?! આપણે નફ્સના ગુલામ બનીને જૂઠી રીતે ખ્વાજાની ગુલામીનો દમ ભરીએ છીએ !

www.barkaterkhwaja.net

## ★ ખ્વાજા સાહબનો લિબાસ અને આપણે ★

આપના લિબાસના વિશે "મલ્ફૂઝાતે સિકંદરી"માં છે : "મૌલાના સૈયદ સિકંદર અલી શાહ ચિશ્તી નિયાઝીએ એક દિવસ ફર્માવ્યું કે હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہએ તમામ ઉમર એક ઈજાર તથા પહેરણ પર સંતોષ માન્યો. જ્યારે થીગડાંની જરૂરત પડતી તો મેલાં કપડાંને ધોઈને કપડા પર કપડાનો ટુકડો સીવી લેતા. થીગડાંઓની અધિક્તાના કારણે ઈજાર શરીફનું વજન સાત રિયા બાર શેર હતું."

આવી સુન્નતે રસૂલ મુજબની જિંદગી ખ્વાજા સાહબની હતી. **આજે પણ ખ્વાજા સાહબના કહેવાતા ચાહકો થીગડાંવાળાં પેન્ટ પહેરે છે, પણ અફસોસ કે તે સુન્નતે રસૂલની નિય્યતે નહીં, ન ખ્વાજા સાહબની સુન્નત સમજીને, બલ્કે હીરો હીરોઈનની નકલ કરીને સારાં કપડાં ફાડીને થીગડાંવાળાં અથવા ફાટેલાં જ પહેરવામાં આવે છે ! જેમાં શરીર તથા સતર જાહેર થઈ જાય છે અને એના પર ગર્વ લેવામાં આવે છે ! અફસોસ છે એવા લોકો પર ! મુફલિસો જેવો દેખાવ કરશો તો ખતરો છે કે અલ્લાહ તરફથી સાચે જ મુફલિસી આવી જાય !**

## ★ અમે તો તરીકતવાળા છીએ ! કહેનારાઓને ખ્વાજા સાહબનો જવાબ ! ★

આજકાલ કેટલાય જૂઠા બનાવટી પીરો નમાઝોથી પોતે બેપરવા રહે છે, અને ક્યાંક તો મુરીદોને પણ રોકે છે અને શરીઅતની પાબંદીને જરૂરી નથી સમજતા અને કહે છે કે અમે તો તરીકતવાળા છીએ ! તેઓ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનો આ કૌલ સાંભળે અને પોતાની ગુમરાહીથી તૌબા કરી લે :–

શરીઅત, તરીકત, મઅરેફત, હકીકત વિશે ફર્માવ્યું કે, ''શરીઅતના માર્ગે ચાલનારાઓ પ્રારંભમાં એ કે જ્યારે એ લોકો **શરીઅતમાં** અડગ થઈ જાય છે અને શરીઅતનાં સર્વ ફર્માનો પાળે છે અને તેને પાળવામાં રજમાત્ર પણ હટતા નથી તો મોટાભાગે તે બીજા મર્તબા પર પહોંચે છે જેને **''તરીકત''** કહે છે. ત્યારબાદ જ્યારે શરતોની સાથે તરીકતમાં અડગ રહે છે અને સર્વ શરીઅતના હુકમોનું સંપૂર્ણપણે પાલન કરે છે તો **''મઅરેફત''**ના દરજે પહોંચી જાય છે. જ્યારે મઅરેફતે પહોંચે છે તો શનાખ્ત વ સનાઈનો મકામ આવી જાય છે. જ્યારે એ મકામ પર પણ અડગ થઈ જાય તો **હકીકતના** દરજે પહોંચે છે. આ મર્તબા પર પહોંચીને જે કાંઈ તલબ કરે છે તે મેળવે છે.''

પછી ફર્માવ્યું કે, ''મેં એક બુઝુર્ગથી આરિફની વ્યાખ્યા આ પ્રમાણે સાંભળી કે આરિફ તે છે જે બંનેવ જહાનથી સંબંધ કટ કરે પછી મકામે ફર્દાનિયત પર પહોંચે. કેમ કે આ માર્ગ તે જ શખ્સ અપનાવી શકે છે જે સૌથી બેગાનો (બેપરવા) થઈ જાય.'' *(દલીલુલ આરિફીન)* ખ્વાજા સાહબથી પોતાને સંબંધિત કરનારા કહેવાતા સૂફીઓએ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની આ વાતોને પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

આજકાલ જૂઠા સૂફીઓ બનાવટી પીરો એવા પણ છે જેઓ પોતાને ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہથી સંબંધિત કરે છે છતાં લોકોને સમજાવે છે કે આલિમોની પાસે ન જવું, તેમનાથી દૂર રહેવું....વગેરે, જ્યારે કે આલિમ તો અલ્લાહ તથા રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનાં ફર્માનોની જ તબ્લીગ કરે છે, મતલબ એ થયો કે જૂઠા સૂફીઓ અલ્લાહ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માનોથી દૂર રહેવા કહે છે ! જ્યારે ખ્વાજા સાહબ શું ફર્માવે છે જુઓ :

## ★ આલિમે દીનને જોવું ઈબાદત ★

''ખ્વાજા સાહબે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જે દિલમાં આલિમો તથા મશાઈખ (શરીઅતના પાબંદ સાચા પીરો)ની મહોબ્બત હોય તેના આમાલનામામાં હજાર સાલની ઈબાદતનો સવાબ લખી દેવામાં આવે છે. જો તે એ જ હાલતમાં મરી જાય તો તેને આલિમોનો દરજ્જો મળે છે અને એ મકાનનું નામ ઈલ્લીય્યીન હોય છે. વળી ફતાવા ઝહીરિય્યહ્માં લખેલું જોયું છે કે પયગંબરે ખુદા ﷺ ફર્માવે છે કે, ''જે શખ્સ આલિમોને ત્યાં આવજા રાખે અને સાત દિવસ તેમની ખિદમત કરે તેના સર્વ ગુનાહો અલ્લાહ તઆલા બખ્શી આપે છે અને સાત હજાર વરસની નેકી તેના આમાલનામામાં લખે છે. એવી નેકી કે દિવસે રોઝા રાખે અને રાતે (નમાઝમાં) ઉભો રહીને પૂરી કરી દે.'' (સુબ્હાનલ્લાહ !) *(દલીલુલ આરિફીન)*

## ★ આલિમના ગુસ્તાખનો અંજામ ★

''પછી હિકાયત વર્ણવી કે પહેલાંના જમાનામાં એક માણસ હતો જે આલિમો તથા શયખોને જોઈને હસદના કારણે મોઢું ફેરવી લેતો હતો. જ્યારે તે મૃત્યુ પામ્યો તો લોકોએ તેનું મોઢું કિબ્લા તરફ કરવા ચાહ્યું પરંતુ ન થઈ શક્યું. ગયબથી અવાજ આવ્યો, એને શા માટે તકલીફ આપો છો ! એણે દુનિયામાંથી ઉલમા તથા મશાઈખ (બાઅમલ આલિમો તથા શરીઅતના પાબંદ સાચા પીરો)થી ચહેરો ફેરવ્યો હતો એટલા માટે અમે અમારી રહમતથી તેનું મોઢું ફેરવી દીધું છે અને કયામતના દિવસે રીંછની શકલમાં તેનો હશ્ર કરીશું.'' *(ઉપર મુજબ)*

જો આપણે સાચા અર્થમાં ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના ચાહક છીએ તો આપણે ખ્વાજા સાહબનાં ફર્માનો તથા આપની જીવનશૈલીને અપનાવવી જોઈએ તો જ દુનિયા તથા આખેરતની ભલાઈઓ ઈજ્જતો મયસ્સર થઈ શકે છે, નહીં તો કેવળ જોર શોરથી ઝબાની દાવા કરીને ખોટા ભરમમાં જિંદગી વીતાવવાનો કોઈ અર્થ નથી. અલ્લાહ નેક તૌફીક બખ્શે. (આમીન)

www.barkatekhwaja.net

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

قُلْ اِنِّیْ نُهِیْتُ اَنْ اَعْبُدَ الَّذِیْنَ تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ ؕ قُلْ لَّاۤ
اَتَّبِعُ اَهْوَآءَكُمْ ۙ قَدْ ضَلَلْتُ اِذًا وَّ مَاۤ اَنَا مِنَ الْمُهْتَدِیْنَ ﴿۵۶﴾ قُلْ
اِنِّیْ عَلٰی بَیِّنَةٍ مِّنْ رَّبِّیْ وَ كَذَّبْتُمْ بِهٖ ؕ مَا عِنْدِیْ مَا تَسْتَعْجِلُوْنَ
بِهٖ ؕ اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ ؕ یَقُصُّ الْحَقَّ وَ هُوَ خَیْرُ الْفٰصِلِیْنَ ﴿۵۷﴾ قُلْ
لَّوْ اَنَّ عِنْدِیْ مَا تَسْتَعْجِلُوْنَ بِهٖ لَقُضِیَ الْاَمْرُ بَیْنِیْ وَ بَیْنَكُمْ ؕ وَ
اللّٰهُ اَعْلَمُ بِالظّٰلِمِیْنَ ﴿۵۸﴾ وَ عِنْدَهٗ مَفَاتِحُ الْغَیْبِ لَا یَعْلَمُهَاۤ اِلَّا
هُوَ ؕ وَ یَعْلَمُ مَا فِی الْبَرِّ وَ الْبَحْرِ ؕ وَ مَا تَسْقُطُ مِنْ وَّرَقَةٍ اِلَّا
یَعْلَمُهَا وَ لَا حَبَّةٍ فِیْ ظُلُمٰتِ الْاَرْضِ وَ لَا رَطْبٍ وَّ لَا یَابِسٍ اِلَّا فِیْ
كِتٰبٍ مُّبِیْنٍ ﴿۵۹﴾ وَ هُوَ الَّذِیْ یَتَوَفّٰىكُمْ بِالَّیْلِ وَ یَعْلَمُ مَا
جَرَحْتُمْ بِالنَّهَارِ ثُمَّ یَبْعَثُكُمْ فِیْهِ لِیُقْضٰۤی اَجَلٌ مُّسَمًّی ۚ ثُمَّ
اِلَیْهِ مَرْجِعُكُمْ ثُمَّ یُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿۶۰﴾ وَ هُوَ الْقَاهِرُ
فَوْقَ عِبَادِهٖ وَ یُرْسِلُ عَلَیْكُمْ حَفَظَةً ؕ حَتّٰۤی اِذَا جَآءَ اَحَدَكُمُ
الْمَوْتُ تَوَفَّتْهُ رُسُلُنَا وَ هُمْ لَا یُفَرِّطُوْنَ ﴿۶۱﴾ ثُمَّ رُدُّوْۤا اِلَی اللّٰهِ
مَوْلٰىهُمُ الْحَقِّ ؕ اَلَا لَهُ الْحُكْمُ ۟ وَ هُوَ اَسْرَعُ الْحٰسِبِیْنَ ﴿۶۲﴾ قُلْ
مَنْ یُّنَجِّیْكُمْ مِّنْ ظُلُمٰتِ الْبَرِّ وَ الْبَحْرِ تَدْعُوْنَهٗ تَضَرُّعًا وَّ
خُفْیَةً ۚ لَىِٕنْ اَنْجٰىنَا مِنْ هٰذِهٖ لَنَكُوْنَنَّ مِنَ الشّٰكِرِیْنَ ﴿۶۳﴾ قُلِ
اللّٰهُ یُنَجِّیْكُمْ مِّنْهَا وَ مِنْ كُلِّ كَرْبٍ ثُمَّ اَنْتُمْ تُشْرِكُوْنَ ﴿۶۴﴾ قُلْ
هُوَ الْقَادِرُ عَلٰۤی اَنْ یَّبْعَثَ عَلَیْكُمْ عَذَابًا مِّنْ فَوْقِكُمْ اَوْ مِنْ
تَحْتِ اَرْجُلِكُمْ اَوْ یَلْبِسَكُمْ شِیَعًا وَّ یُذِیْقَ بَعْضَكُمْ بَاْسَ
بَعْضٍ ؕ اُنْظُرْ كَیْفَ نُصَرِّفُ الْاٰیٰتِ لَعَلَّهُمْ یَفْقَهُوْنَ ﴿۶۵﴾ وَ كَذَّبَ بِهٖ
قَوْمُكَ وَ هُوَ الْحَقُّ ؕ قُلْ لَّسْتُ عَلَیْكُمْ بِوَكِیْلٍ ﴿۶۶﴾ لِكُلِّ نَبَاٍ
مُّسْتَقَرٌّ ۫ وَّ سَوْفَ تَعْلَمُوْنَ ﴿۶۷﴾

## સૂરએ અનઆમની તફસીર

તમે કહી દો, "મને મનાઈ કરવામાં આવી છે કે તેમને પૂજુ જેમને તમે અલ્લાહ સિવાય પૂજો છો[૨૧૦] તમે કહો, હું તમારી ઈચ્છા અનુસાર નથી ચાલતો[૨૧૧] એવું હોય તો હું ભટકી જાઉં અને માર્ગ પર ન રહું (૫૬) તમે કહો, હું તો મારા રબ તરફથી સ્પષ્ટ દલીલ પર છું,[૨૧૨] અને તમે એને જૂઠાડો છો. તમે જેની ઉતાવળ કરી રહ્યા છો તે મારી પાસે નથી[૨૧૩] હુકમ નથી પણ અલ્લાહનો. તે સત્ય ફર્માવે છે. અને તે સર્વોત્તમ ફૈસલો કરનાર છે (૫૭) તમે કહો, "તમે જેની ઉતાવળ કરી રહ્યા છો તે વસ્તુ[૨૧૪] જો મારી પાસે હોત તો, મારી તમારી વચ્ચે કામ પતી ગયું હોત" [૨૧૫] અને અલ્લાહ સિતમગારોને ખૂબ જાણે છે (૫૮) અને ગૈબની ચાવીઓ તેની પાસે જ છે, એને તે જ જાણે છે.[૨૧૬] અને જાણે છે જે કંઈ પૃથ્વી અને પાણીમાં છે. અને જે પાંદડુ ખરે છે તેને તે જાણે છે. અને ધરતીના અંધકારમાં કોઈ દાણો એવો નથી અને ન કોઈ લીલી વસ્તુ અને ન કોઈ સુકી વસ્તુ જે એક ખુલ્લી કિતાબમાં લખેલું ન હોય[૨૧૭] (૫૯) અને તે જ છે તમારા પ્રાણ કબ્જે કરે છે. રાત્રે અને જે દિવસે કમાણી કરો તે જાણે છે.[૨૧૮] પછી તમને દિવસે ઉઠાડે છે કે નક્કી કરેલી મુદત પૂરી

*કરો[૨૧૯] પછી તેના પ્રતિ જ તમારે જવાનું છે.[૨૨૦] પછી તમે જે કરતા હતા તે બતાવી દેશે (૬૦) અને તે જ સર્વોચ્ચ છે પોતાના બંદાઓ પર, અને તમારા પર ચોકીદાર મોકલે છે.[૨૨૧] ત્યાં સુધી કે તમારામાંથી કોઈને મૃત્યુ આવે છે (ત્યારે) અમારા ફરિશ્તા[૨૨૩] (૬૧) પછી પરત કરવામાં આવે છે પોતાના સાચા માલિક અલ્લાહ તરફ. સાંભળે છે ! હુકમ (તો) તેનો જ છે.[૨૨૪] અને તે બધાનો જલ્દી હિસાબ કરનાર (છે)[૨૨૫] (૬૨) તમે કહી દો, "તે કોણ છે જે તમને જંગલ અને સમુદ્રની આફતોથી છૂટકારો આપે છે ? જેને કરગરીને પોકારો છો અને ધીરેથી (પણ), કે જો તે અમને આનાથી ઉગારી લે તો અમે જરૂર આભાર માનીશું[૨૨૬] (૬૩) તમે કહો, અલ્લાહ તમને એનાથી અને દરેક વ્યાકૂળતાથી છૂટકારો આપે છે, છતાં તમે (તેના) ભાગીદાર ઠેરવો છો,[૨૨૭] (૬૪) તમે ફર્માવો, "તે શક્તિમાન છે કે તમારા પર અઝાબ મોકલે તમારી ઉપરથી અથવા તમારા પગો નીચેથી, અથવા તમને અથડાવી દે જુદા જુદા જુથો બનાવીને, અને એકને બીજાની સખ્તી ચખાડે" જુઓ અમે કેવી રીતે અનેક વિધ રીતે આયતો વર્ણવીએ છીએ કે ક્યાંક એમને સમજ આવે[૨૨૮] (૬૫) અને એને જૂઠાડયું તમારી કોમે,[૨૨૯] અને એ જ સત્ય છે. તમે કહો, 'હું તમારા પર કંઈ અધિપતી નથી[૨૩૦] (૬૬) દરેક વસ્તુનો એક સમય નક્કી છે[૨૩૧] અને નજીકમાં જ સમજી જશો (૬૭)*

## :: સમજૂતી ::

**૨૧૦ :** કારણ કે એ બુધ્ધિ અને આદેશ બન્નેની વિરૂદ્ધ છે. **૨૧૧ :** અર્થાત તમારો માર્ગ મનેચ્છાનું અનુસરણ છે, નહીં કે દલીલનું અનુકરણ, જેથી ધારણ કરવા યોગ્ય નથી. **૨૧૨ :** અને મને એની ઓળખ પ્રાપ્ત છે. હું જાણું છું કે તેના સિવાય કોઈ પૂજવા લાયક નથી. સ્પષ્ટ દલીલમાં કુર્આન મજીદ, મો'જિઝા, અને તવહીદની ઉઘાડી સાબિતીઓ વિગેરે બધું આવી જાય છે.

**૨૧૩ :** કાફિરો મશ્કરી રૂપે હુઝૂરને કહેતા હતા કે, અમારા પર જલ્દી અઝાબ ઉતારાવો, આ આયતમાં તેમને જવાબ આપવામાં આવ્યો અને જાહેર કરી દેવામાં આવ્યું કે હુઝૂર પાસે એની માગણી તદ્દન અસ્થાને છે.

**૨૧૪ :** અર્થાત અઝાબ. **૨૧૫ :** હું તમને એક પળની પણ મહેતલ ન આપત, અને તમને અલ્લાહના વિરોધી જાણીને વગર સંકોચે નાશ કરી નાખત. પણ અલ્લાહ ધીરજવાન છે, સજા આપવામાં જલ્દી કરતો નથી.

**૨૧૬ :** તો જેને તે ઈચ્છે તે જ ગૈબનો જાણકાર બની શકે, તેના જણાવ્યા વગર કોઈ ગૈબ જાણી શકતુ નથી. *(વાહિદી)*

**૨૧૭ :** "ખુલ્લી કિતાબ" એટલે લવહે મહફૂઝ. અલ્લાહ તઆલાએ એમાં જે થઈ ગયું અને જે થશે તે બધાનો હેવાલ લખી દીધો છે.

**૨૧૮ :** જેથી તમારા પર નિંદ્રા ચઢી જાય છે, અને તમારા કાર્યો યથાવત ચાલ્યા કરતાં નથી.

**૨૧૯ :** અને જિંદગી એના અંત સુધી પહોંચે.

**૨૨૦ :** આખેરતમાં, આયતમાં મૃત્યુ પછીના જીવન પર દલીલ કરવામાં આવી કે જે રીતે દરરોજ સૂતી વખતે એક પ્રકારનું મૃત્યુ તમારા પર લાગુ કરવામાં આવે છે, જેનાથી તમારી ગ્રહણશક્તિઓ કાર્યચ્યુત બની જાય છે, અને હલન ચલન પકડવું વગેરે જાગૃતાવસ્થાના કાર્યો થંભી જાય છે, પછી જાગતી વખતે અલ્લાહ તઆલા બધા અવયવોને તેમની શક્તિઓ પાછી આપે છે. એ આ વાત પર ઉઘાડી

દલીલ છે કે તે જિંદગીના કાર્યો મૃત્યુ પછી પાછા આપવા બાબત પણ એવો જ શક્તિમાન છે.

**૨૨૧ :** ફરિશ્તાઓ, જેમને કિરામન–કાતેબીન કહે છે, તેઓ માનવીની બદી અને નેકી (પાપ અને પુણ્ય) લખ્યા કરે છે, દરેક માણસ સાથે બે ફરિશ્તા છે, એક જમણી બાજુ, બીજો ડાબી બાજુ. નેકીઓ જમણી તરફવાળો લખે છે, અને ગુનાહો ડાબી બાજુનો. બંદાઓએ હોશિયાર રહેવું જોઈએ, અને બદી તેમજ ગુનાહોથી બચવું જોઈએ, કારણ કે દરેક કર્મ લખવામાં આવે છે. અને કયામતના દિવસે એ દફતર બધી મખ્લૂક સમક્ષ વાંચવામાં આવશે, ત્યારે ગુનાહ કેટલી ફજેતીનું કારણ બની રહેશે ? અલ્લાહ આશરો આપે.

**૨૨૨ :** એ ફરિશ્તાઓથી મુરાદ કયા તો એકલા મલકુલ મૌત છે, અને બહુવચન એમના માનાર્થે છે. અથવા મલકુલ મૌત પોતાના મદદનીશોને તેનો જીવ કાઢવાની આજ્ઞા આપે છે અને જ્યારે જીવ ગળા સુધી આવી જાય છે ત્યારે પોતે કાઢી લે છે. *(ખાઝિન)*

**૨૨૩ :** અને આદેશ પાલનમાં તેમનાથી ક્ષતિ થતી નથી, અને તેમના કાર્યમાં આળસ કે વિલંબને માર્ગ નથી, પોતાની ફરજો ચોક્કસ સમયે બજાવે છે.

**૨૨૪ :** અને તે દિવસે તેના સિવાય કોઈ હુકમ કરનાર નથી.

**૨૨૫ :** કારણ કે તેને વિચારવાની, પારખવાની કે ગણવાની જરૂર નથી, કે જેથી વિલંબ થાય.

**૨૨૬ :** આ આયતમાં કાફિરોને ચેતવણી આપવામાં આવી છે કે, પૃથ્વી અને પાણીના પ્રવાસોમાં જ્યારે તેઓ આફતોમાં સપડાઈને હેરાન થાય છે, અને એવી ભયંકર આફતો આવે છે, જેનાથી હૃદયો કાંપી ઉઠે છે અને અશુભ એંધાણો હૃદયોને વ્યાકૂળ અને બેચેન બનાવી દે છે, ત્યારે મૂર્તિપૂજક પણ મૂર્તિઓને ભૂલી જાય છે અને અલ્લાહ પાસે જ દુઆ (પ્રાર્થના) કરે છે, તેના દરબારમાં જ કરગરે છે, અને કહે છે કે જો આ મુસીબતમાંથી તેં છોડાવ્યો તો હું આભારવશ થઈશ અને નેઅમતનો હક અદા કરીશ.

**૨૨૭ :** અને આધારવશ થવાના બદલે મહાન અપકાર કરો છો, આ જાણવાં છતાં કે મૂર્તિઓ નકામી છે કશા કામની નથી, છતાં તેમને અલ્લાહના ભાગીદાર ઠેરવો છો આ કેટલી મોટી ગુમરાહી છે.

**૨૨૮ :** તફસીરકારોને એમાં મતભેદ છે કે આ આયતમાં ક્યા લોકોને કહેવામાં આવ્યું છે. એક વર્ગ કહે છે કે એનાથી ઉમ્મતે, મુહમ્મદિયહ મુરાદ છે, અને આ આયત તેમના વિશે જ ઉતરી. બુખારીની હદીષમાં છે કે જ્યારે આ ઉતર્યું કે, "તે તમારા પર અઝાબ મોકલવા શક્તિમાન છે તમારા ઉપરથી." ત્યારે હુઝૂર ﷺ ફર્માવ્યું, "તારો જ આશરો ઈચ્છું." અને જ્યારે આ ઉતર્યું કે "તમારા પગોની નીચેથી" ત્યારે ફર્માવ્યું, "હું તારો જ આશરો માગુ છું" અને જ્યારે આ ઉતર્યું કે "અથવા તમને અથડાવી દે અલગ અલગ જુથો બનાવીને, અને એકને બીજાની સખ્તી ચખાડે." ત્યારે ફર્માવ્યું, "આ સહેલું છે."

મુસ્લિમની હદીષ શરીફમાં છે કે એક દિવસે હુઝૂર ﷺએ બની મુઆવિયહની મસ્જિદમાં બે રકાત નમાઝ પઢી, ત્યાર બાદ લાંબી દુઆ માગી, પછી સહાબા તરફ ધ્યાન આપી ફર્માવ્યું, "મેં મારા રબ પાસેથી ત્રણ વસ્તુઓ માગી, તેમાંથી માત્ર બે નો સ્વીકાર થયો. એક વસ્તુ તો એ હતી કે મારી ઉમ્મતને આમ દુષ્કાળથી નાશ ન કરજે, એ કબૂલ થયું."

**૨૨૯ :** અર્થાત કુર્આન શરીફને અથવા અઝાબ આવવાને. **૨૩૦ :** મારું કામ માર્ગદર્શન છે, હૃદયોની જવાબદારી મારા પર નથી. **૨૩૧ :** અર્થાત અલ્લાહ તઆલાએ જે વસ્તુઓ આપી છે તેમના માટે સમય નક્કી થયેલો છે. તેનું અસ્તિત્વ તેના ચોક્કસ સમયે જ થશે.

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*"હઝરત મઅદાન ઈબ્ને તલ્હાથી[1] રિવાયત છે. ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ ﷺના ગુલામ હઝરત ષૌબાનથી મળ્યો. મેં કહ્યું કે મને એવો અમલ બતાવો જેને હું કરું તો અલ્લાહ મને તેની બરકતથી જન્નતમાં દાખલ કરી આપે. આપ ખામોશ રહ્યા. મેં ફરી પૂછ્યું, આપ ખામોશ રહ્યા. મેં ફરી ત્રીજીવાર પૂછ્યું તો ફર્માવ્યું કે મેં એના બારામાં હુઝૂર ﷺને પૂછ્યું હતું[2] કેમ કે તમે અલ્લાહના માટે કોઈ સજદો નહીં કરો પણ અલ્લાહ તેની બરકતથી તમારો દરજો વધારશે અને તમારી ખતા (ગુનો) માફ કરશે.[3] મઅ્દાન કહે છે કે પછી હું હઝરત અબૂ દાઊદથી મળ્યો, તેમને પૂછ્યું તો તેમણે મને તે જ કહ્યું જે ષૌબાને કહ્યું હતું.[4]" (મુસ્લિમ)*

**૧.** આપ તાબઈ છે. શામના રહેવાસી છે. આલિમે બાઅમાલ છે. હઝરત ઉમર, અબૂ દરદા તથા ષૌબાન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَથી રિવાયત કરે છે. **૨.** એટલે કે મેં પણ હુઝૂર ﷺથી ત્રણવાર આ સવાલ કર્યો હતો અને ત્રીજીવારમાં જવાબ આપ્યો હતો. (મિર્કાત) એ જ સુન્નત પર અમલ કરતાં હું પણ બે વાર ખામોશ રહ્યો. હુઝૂર ﷺની એ ખામોશી પ્રશ્ન કર્તાની આતુરતા વધારવા માટે હતી અને હઝરત ષૌબાનની ખામોશી આ સુન્નત પર અમલના માટે છે. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن હુઝૂર ﷺની અદાઓની નક્લ કરતાં હતા.

**૩.** એ રીતે કે નફલો અધિકતમ પઢો અને કુર્આનની તિલાવત પુષ્કળ પ્રમાણમાં કરો, શુક્રના સજદા અધિકતર કરો.

**૪.** આ પરથી જાણવા મળ્યું કે સજદો ગુનાહોનો કફ્ફારો છે. પણ ગુનાહોથી મુરાદ હુકૂકુલ્લાહના ગુનાહે સગીરા છે. હુકૂકુલ એબાદ (બંદાઓના હક્કો) અદા કરવાથી અને ગુનાહે કબીરા તૌબા કરવાથી માફ થાય છે.

*"હઝરત વાઈલ ઈબ્ને હજર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે જ્યારે સજદો કરતા તો પોતાના ગુઠણોને હાથોથી પહેલાં રાખતા અને જ્યારે ઉઠતા તો પોતાના હાથ ગુઠણોથી પહેલાં ઉઠાવતા.[1]"*
*(અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)*

**૧.** સુન્નત એ છે કે સજદામાં જતી વખતે જમીનથી નજીકવાળુ અંગ પ્રથમ જમીન પર રાખે કે પ્રથમ ગુઠણો પછી હાથ પછી નાક પછી પેશાની રાખે. અને સજદામાંથી ઉઠતી વખતે એનાથી ઉલ્ટુ કરે કે પ્રથમ પેશાની ઉઠાવે પછી નાક પછી હાથ પછી ગુઠણો. જે રિવાયતોમાં છે કે હુઝૂર ﷺ પ્રથમ ગુઠણો ઉઠાવતા હતા પછી હાથ એ ઝઈફી તથા મજબૂરીના લીધે છે. જેથી હદીષોમાં કોઈ ટકરાવ નથી.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ સજદો કરે તો ઊંટની જેમ ન બેસે.[1] જોઈએ કે પોતાના હાથ ગુઠણોથી પહેલા રાખે.[2] (અબૂ દાઊદ, નિસાઈ, દારમી) અબૂ સુલૈમાન ખિતાબી ફર્માવે છે કે વાઈલ ઈબ્ને હજરની હદીષ આનાથી અધિક કવી (મજબૂત) છે.[3] અને કહેવામાં આવ્યું છે કે આ મન્સૂખ છે."*

www.barkatekhwaja.net

૧. કે ઊંટ બેસતી વખતે પહેલાં પગોના ગુઠણો જમીન પર લગાડે છે પછી હાથ બિછાવે છે. તમે એવું ન કરો.

૨. આ હદીષ અગાઉ વર્ણન થયેલ વાઈલ ઈબ્ને હજરની હદીષની વિરૂધ્ધ છે અથવા એ મન્સૂખ છે. વાઈલની હદીષ નાસિખ અથવા આ હદીષ ઝઈફ છે. અને તે હદીષ કવી છે. સારાંશ કે એ હદીષ અમલને પાત્ર નથી અને અગાઉ વર્ણન થયેલ હદીષ પર મોટાભાગના ઈમામોનો અમલ છે, જેવું ખુદ સાહિબે મિશ્કાત (મિશ્કાતના લેખક) ફર્માવી રહ્યા છે.

૩. એટલા માટે ઉલમાએ એના પર અમલ કર્યો. અમુક લોકોએ કહ્યું કે વાઈલની હદીષની અસ્નાદમાં શુરૈ કાઝી છે અને તે ઝઈફ છે, પણ એ ગલત છે કેમ કે ઈમામ મુસ્લિમે શુરૈકથી રિવાયતો લીધી છે. તેમજ આ હદીષની બે અસ્નાદો અન્ય પણ છે જેનાથી એને મજબૂતી મળે છે.

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ બે સજદાઓ વચ્ચે કહેતા હતા, ઈલાહી ! મને બખ્શી આપ, મારા પર રહમ કર, મને હિદાયત, અમ્ન તથા રોઝી આપ.[૧]" (અબૂ દાઊદ, તિર્મિઝી)*

૧. આ દુઆ નફલોમાં હમેશાં કહેતા હતા, ફર્ઝોમાં કદી કદી, ફર્ઝોમા ટૂંકાણ છે અને નફલોમાં આઝાદી છે. *(મિર્કાત)*

*"હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ બે સજદાઓ વચ્ચે ફર્માવતા હતા, યા રબ મને બખ્શી આપ.[૧]" (નિસાઈ,દારમી)*

૧. આ હદીષ પાછલી હદીષની વિરૂધ્ધ નથી, કેમ કે હુઝૂર ﷺ કદી બે સજદાઓની વચ્ચે કેવળ મગફેરતની દુઆ કરતા હતા અથવા કદી તે પૂરી દુઆઓ પઢતા હતા. જે હમણા વર્ણન થઈ. દરેક રાવીએ જે જોયું તે વર્ણન કર્યું.

*"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને શિબ્લથી[૧] રિવાયત છે ફર્માવે છે કે નબી ﷺ એ કાગડાની જેમ ચાંચ મારવાને અને ફાડી ખાનાર જાનવરની જેમ હાથ બિછાવવાથી મના કર્યું[૨] અને એનાથી મના કર્યું કે કોઈ શખ્સ મસ્જિદમાં જગા નિશ્ચિત કરી લે જેમ કે ઊંટ નિશ્ચિત કરી લે છે[૩]" (અબૂ દાઊદ, નિસાઈ, દારમી)*

૧. આપનું નામ અબ્દુર્રહમાન ઈબ્ને શિબ્લ ઈબ્ને અમ્ર ઈબ્ને ઝયદ છે. અન્સારી છે, બલ્કે અન્સારના નકીબ (વડા) રહ્યા છે. હમ્સમાં રોકાણ કર્યું. અમીર મુઆવિયહના જમાનામાં વફાત પામ્યા.

૨. કે સાજિદ (સજદો કરનાર) સજદો એટલો જલ્દી જલ્દી ન કરે જેવી રીતે કાગડો જમીન પર ચાંચ મારીને તરત જ ઉઠાવી લે છે, અને સજદામાં કોણીઓ જમીનથી ન લગાડે જેમ કે કૂતરો, વરૂ વગેરે બેસતી વખતે લગાડી લે છે.

૩. જાણવા મળ્યું કે મસ્જિદમાં પોતાના માટે કોઈ જગા ખાસ કરી લેવી કે અન્ય જગાએ નમાઝમાં દિલ જ ન લાગે, એ મકરૂહ છે. હા ! શરઈ જરૂરતના માટે જગા નિશ્ચિત કરી લેવી જાઈઝ છે. જેમ કે ઈમામના માટે મેહરાબ નિશ્ચિત છે અને અમુક મસ્જિદોમાં મુકબ્બિરના માટે ઈમામની પાછળની જગા. તેમણે પણ જોઈએ એ કે સુન્નતો થોડાક હટીને અને નફલો કાંઈક હટીને પઢે. મસ્જિદમાં જે જગાએ જે પ્રથમ પહોંચે ત્યાંનો એ જ હક્કદાર છે. અમુક ઈસ્લામી સુલ્તાનો ખાસ ઈમામની પાછળ પોતાના માટે જગા રાખતા હતા તે મજબૂરીના કારણે હતું કેમ કે એ જગાએ એમને જાનનો ખતરો હતો, અને અહીં બાકાયદા તેમની હિફાઝતની વ્યવસ્થા થતી હતી. જેથી તે આ હુકમથી મજબૂરીના કારણે અપવાદ છે. જુઓ શામી વગેરે.

*"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે અલી ! હું તમારા માટે એ જ પસંદ કરું છું જે મારા માટે પસંદ કરું છું, અને તમારા માટે તે જ નાપસંદ કરું છું જે મારા માટે નાપસંદ કરું છું[૧] બે સજદાઓ વચ્ચે ઉકડુ (અદુગરા) ન બેસશો.[૨]" (તિર્મિઝી)*



www.barkatekhwaja.net

**૧.** અહીં ખાસ પસંદીદગી મુરાદ છે અને આ હદીષમાં હઝરત અલી મુર્તઝાની અતિશય કક્ષાની અઝમતનું પ્રદર્શન છે, નહીં તો નબી ﷺ સર્વ ઉમ્મતના માબાપ કરતાં પણ અધિક ખેરખ્વારહ (શુભેચ્છક) છે. કુર્આને કરીમ ફર્માવે છે : حَرِيْصٌ عَلَيْكُمْ "બેશક ! તમારી પાસે તશરીફ લાવ્યા તમારામાંથી તે રસૂલ જેમના પર તમારુ તકલીફમાં પડવું ભારે છે. તમારી ભલાઈના અતિશય ચાહનારા, મુસલમાનો પર કમાલના મહેરબાન ! મહેરબાન !" *(૯/૧૨૮, કન્ઝુલ ઈમાન)* عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ હુઝૂરે આપણને હુકમ આપ્યો છે કે પોતાના ભાઈ મુસલમાનના માટે એ જ પસંદ કરો જે પોતાના માટે પસંદ કરો છો.

**૨.** اِقْعَاءٌ اُقْعُوْ થી બન્યું, જેનો અર્થ છે થાપુ (સીટ) જમીન પર રાખવું, બંનેવ પિંડલીઓ ઉભી કરી લેવી અને હાથ જમીનથી લગાડી દેવો. એટલે ઉકળુ (અડુગરા) બેસવું, એ નમાઝમાં મના છે. નમાઝી જ્યારે પણ બેસે દોઝાનું બેસે.

*"હઝરત તલક ઈબ્ને અલી હનફી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ એ ફર્માવ્યું, કે અલ્લાહ તઆલા એ બંદાની નમાઝ પર નજર નથી કરતો જે નમાઝમાં રુકૂઅ તથા સજદાના દરમિયાન પીઠ સીધી નથી કરતા.[૧]" (અહમદ)*

**૧.** આ પરથી જાણવા મળ્યું કે રુકૂઅ પછી કૌમા વાજિબ છે એટલે કે સીધા ઉભા થઈ જવું કે તઅદીલે અરકાનમાં એ પણ દાખલ છે. ખુશૂઅથી મુરાદ રુકૂઅ છે અને નજર ન ફર્માવવાથી મુરાદ નમાઝ કૃબૂલ ન કરવું છે, અથવા શરઅન નમાઝ કૃબૂલ ન થવી.

*"હઝરત નાફેઅ رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમર ફર્માવે છે કે જે પોતાની પેશાની જમીન પર રાખે તો પોતાના હાથ પણ ત્યાં રાખે જ્યાં પેશાની રાખે છે.[૧] પછી જ્યારે માથુ ઉઠાવે તો હાથ પણ ઉઠાવે, કેમ કે જેવી રીતે ચહેરો સજદો કરે છે એવી જ રીતે હાથ પણ સજદો કરે છે.[૨]" (માલિક)*

**૧.** એટલે કે હાથ પેશાનીની આસપાસ જોઈએ, ન કે ખભાઓના બરાબર તેમજ પેશાનીના માટે કોઈ ખાસ ચીજ ન હોય, જેના પર પેશાની રાખવામાં આવે એના પર હાથ પણ રાખવામાં આવે. અમુક લોકો કર્બલાની માટી અથવા કાગળ અથવા પાંદડા પર કેવળ પેશાની રાખી દે છે. તેમનો આ અમલ આ હદીષની વિરૂધ્ધ છે. પેશાની તથા હાથોની જગા એક હોવી જોઈએ.

**૨.** જેથી હાથોની આંગળીઓ કિબ્લાની તરફ હોવી જોઈએ. અને એવું ન કરે કે સજદાથી કેવળ માથુ ઉઠાવે અને હાથ જમીન પર જ લાગેલા રહેવા દે, કે એ તઅદીલે અરકાનની વિરૂધ્ધ છે.

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂ. ૫૦૦/–** (ટપાલ ખર્ચ રૂ.૧૦૦ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

www.barkatekhwaja.net

# શરહે હ઼દાઈક઼ે બખ્શિશ

ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**ક્યા બના નામે ખુદા અસ્રાકા દુલ્હા નૂર કા**
**સરપે ચેહરા નૂર કા બરમેં શહાના નૂર કા**

*(અસ્રા = મેઅરાજ શરીફ. બર = પહલુ, મુરાદ આખુ શરીર. શહાના = શાહી લિબાસ)*

**અર્થાત :** સુબ્હાનલ્લાહ ! મેઅરાજની રાતે અલ્લાહના પ્યારા મહબૂબ અને શબે અસ્રાના દુલ્હાની શાનો શૌક઼ત, રુઆબ તથા દબદબો અને હુસ્નો જમાલ જોવા જેવો હતો ! સરે અન્વર પર નૂરનો સેહરો સજેલો હતો અને શાહાના લિબાસ પહેરેલો હતો. અને જેને ઝિયારત નસીબ થઈ તેણે ઝુમીને કહ્યું :

*અપને હોટોંપે તેરા ઝિક્ર સજા રખા હૈ–તુમને ગુલશન મેરે સહરાકો બના રખા હૈ*
*વજ્દ કરતા હી રહૂં મૈં નામે મુહમ્મદ લેકર–ઈશ્ક઼ે સરકારને દીવાના બના રખા હૈ*

**બઝ્મે વહદતમેં મઝા હોગા દોબાલા નૂર કા**
**મિલને શમ્એ તૂરસે જાતા હૈ ઈક્કા નૂર કા**

*(બઝ્મે વહદત = એકાંતની મેહફિલ અથવા મુલાકાત. દો બાલા = બમણુ. ઈક્કા =(ચિરાગ)*

**અર્થાત :** એકાંતની મેહફિલ વહ્દહૂ લાશરીકથી મુલાકાતના સમયે તો લુત્ફ ઔર બમણો થઈ ગયો જ્યારે કોહે તૂર પર જલ્વા ફર્માઈ કરવાવાળી (શમ્એ નૂર)થી સરાપાએ નૂર (ઈક્કએ નૂર) મળવા માટે હાજર થયો.

**વસ્ફે રુખમેં ગાતી હૈં હૂરેં તરાના નૂર કા**
**કુદરતી બીનોંમેં ક્યા બજતા હૈ લહરા નૂર કા**

*(વસ્ફે રુખ = ચેહરાની તારીફ. બીન = વાંસળી. લહરા = ગીત, સૂર)*

**અર્થાત :** સરકાર ﷺના ચહેરા મુબારકની પ્રશંસામાં જન્નતની હૂરો નૂરનું ગીત ગાય રહી છે અને કુદરતી બીનો (નૂરનાં માથાંઓથી) કેટલી સરસ નૂરાની નગ્માની લહેરો ઉઠી રહી હતી જેનાથી હુઝૂર ﷺના ઝિક્રના કાંઈક આ પ્રકારની અવાજો આવી રહ્યા હતા :

ذکر تو سرمایۂ ذوق و سرور قوم را دارد بہ فقر اندر غیور
اے مقام و منزل ہرر ہرو جذب تو اندر دل ہررا ہرو

**(અર્થાત) :** (૧) આપનું ઝિક્ર ઝોક઼ તથા સુરૂરનો સરમાયો છે, જે આપની ઉમ્મતને ફકીરીમાં પણ ગૈરતમંદ રાખે છે. (૨) એ તે જાત જે દરેક મુસાફિરની મંઝિલ પણ છે અને પડાવ પણ છે, દરેક મુસાફિરના દિલમાં આપનું જ આકર્ષણ છે.



www.barkatekhwaja.net

**યહ કિતાબ 'કુનઝમેં આયા તર્ફા આયહ નૂર કા**
**ગૈર ફ઼ાઈલ કુછ ન સમઝા કોઈ મઅના નૂર કા**

**અર્થાત** : 'કુન'ની કિતાબ (કુર્આન મજીદ)માં અલ્લાહ તઆલાએ નૂરની આયતે કરીમા કાંઈક એવા અનોખા અંદાઝથી નાઝિલ ફર્માવી છે કે એમાં બયાન કરેલા નૂરવાળા મહબૂબની અસલ હક઼ીક઼તને અલ્લાહના સિવાય (ગૈર કાઈલ અથવા તે જે નૂરે મુસ્તફાનો ક઼ાઈલ–માનનાર નથી પોતાના ઈન્કારના કારણે) સંપૂર્ણપણે જેવો કે હક્ક઼ છે સમજવાનો દાવો નથી કરી શકતો. આપ ﷺએ ફર્માવ્યું : یا ابابکر لم یعر فنی حقیقه غیر ربی "હે અબૂ બક્ર ! મારી હક઼ીક઼તને મારા પરવરદિગાર સિવાય કોઈ નથી પહેચાનતો." આયતે નૂરથી સૂરએ માઈદાની આયત નં. ૧૫નું નીચે વર્ણવેલ વાક્ય મુરાદ છે : قد جاء کم من اللہ نور و کتب مبین.

*ઉન્કે દામનકી બાત કી જાએ–કોઈ શકલ નજાત કી કી જાએ*
*મુંહમેં જબ તક ઝબાં બાકી હૈ–આપ હી કી સિફાત કી જાએ*

**દેખનેવાલોને કુછ દેખા ન ભાલા નૂર કા**
**مَنْ رَأٰی કૈસા ? યહ આઈના દિખાયા નૂર કા**

*( مَنْ رَأٰی = "જેણે મને જોયો" હદીષ શરીફનો ટુકડો છે)*

**અર્થાત** : જોનારાઓને (સામાન્ય લોકોને) તો હુઝૂર ﷺ એક ઈન્સાન જ નજર આવ્યા, કેમ કે આપ બશરી લિબાસ (માનવ સ્વરૂપ)માં જલ્વાગર થયા હતા, એટલા એમણે કોઈ જાંચ પડતાલ ન કરી, પરંતું આપ ﷺએ من رانی فقد رای الحق "જેણે મને જોયો તેણે હક્ક઼ જોયો"નો આઈનો બતાવીને પોતાના નૂરનો સિક્કો ફર્શ તથા અર્શ પર બેસાડી દીધો.

**સુબ્હ કર દી કુફ્રકી સચ્ચા થા મુઝદા નૂર કા**
**શામ હી સે થા શબે તીરાકો ધળકા નૂર કા**

*(મુઝદા = ખુશખબર. શબે તીરા = અંધારી રાત. ધળકા = ડર, ખતરો)*

**અર્થાત** : નૂરે ખુદા મુહમ્મદ ની ખુશખબરી :

(الاسلام یعلو ولا یعلیٰ علیه۔ لیظهره علی الدین کله۔ واللہ متم نوره ولو کره المشرکون) સાચી સાબિત થઈ અને કુફ્રનો અંધકાર સવારના ઉજાસમાં ફેરવાય ગયો. સાંજ ઢળતાં જ કુફ્રની અંધારી રાતને એ ધ્રાસ્કો પડયો કે નૂરનો પ્રભાવ છવાનારો છે. કેમ કે :

*અંધેરા મિટતા જાતા હૈ ઉજાલા હોતા જાતા હૈ–મુહમ્મદ મુસ્તફા ﷺકા બોલબાલા હોતા જાતા હૈ*

**પળતી હૈ નૂરી ભરન ઉમડા હૈ દરિયા નૂર કા**
**સર ઝુકા અય કિશ્તે કુફ્ર આતા હૈ અહલા નૂર કા**

**અર્થાત** : રહમતુલ્ લિલ્આલમીન ﷺની રહમત મૂશળાધાર વરસી રહી છે અને આપના નૂરનો દરિયો વહી રહ્યો. હે કુફ્રની નાપાક કાંટાળી ઝાડીઓવાળી ખેતી ! માથે ઝુકાવી દે ! મારા આક઼ા ﷺના નૂરની રેલ આવી રહી છે જે તને કચરા પૂજાની જેમ વહાવીને લઈ જશે.

*મુઝે ખૌફ ક્યા હૈ જહાંકા વો હઝાર ઝુલ્મો જફા કરે–તેરી યાદ હૈ મેરી ઝિંદગી તેરી યાદ રબ ન જુદા કરે*

www.barkatekhwaja.net

**નારિયોંકા દૌર થા દિલ જલ રહા થા નૂર કા**
**તુમકો દેખા હો ગયા ઠંડા કલેજા નૂર કા**
*(નારી = નૂરીનો વિરોધાભાસી, આગવાળો, દોઝખી)*

**અર્થાત :** નૂરે હક્ક઼ તથા દીને ઈસ્લામ (એલાને નબુવ્વતના સમયે) કુફ્ર તથા કાફિરોનો પ્રભાવ જોઈને પરેશાન થઈ રહ્યો હતો. આપ ﷺએ પોતાના નૂરનાં કિરણો વિખેર્યા તો કુફ્રનું જોર તૂટી ગયું અને નૂરનું જિગર ઠંડુ થઈ ગયું, અને હવે ક઼યામત સુધી નૂરનો પ્રભાવ રહેશે, ઈન્શાઅલ્લાહ !

*નૂરે ખુદા હૈ કુફ્રકી હરકતપે ખંદાઝન–ફૂકોંસે યહ ચિરાગ બુઝાયા ન જાએગા*

**નસ્ખે અદયાન કરકે ખૂદ કબ્ઝા બિઠાયા નૂર કા**
**તાજૂરને કર લિયા કચ્ચા ઈલાક઼ા નૂર કા**
*(નસ્ખે અદયાન = સર્વ દીનોને રદ કરીને. તાજૂર = બાદશાહ)*

**અર્થાત :** સર્વ દીનોને મન્સૂખ કરી દેવામાં આવ્યા અને નૂર (દીને હક્ક઼)નો કબજો પૂરી દુનિયા પર જમાવી દેવામાં આવ્યો અને આક઼ાએ દોજહાં, શહનશાહે કાઈનાત ﷺએ ઈસ્લામની નૂરાની હુકૂમતને પાકી તથા મજબૂત કરી આપી.

**જો ગદા દેખો લિયે જાતા હૈ તોળા નૂર કા**
**નૂર કી સરકાર હૈ ક્યા ઉસમેં તોળા નૂર કા**
*(ગદા = ભીખારી. તોળા = થેલો. તોળા–૨ = કમી, અછત)*

**અર્થાત :** જે ભીખારી નૂરવાળા આક઼ા ﷺની બારગાહમાં હાજર થઈ ગયો તે નૂરની ખૈરાતથી થોડો ગણો નહીં બલ્કે ગુણો ભરી ભરીને લઈ ગયો. (અને જો કોઈ આશ્ચર્ય પામે કે આટલુ નૂર ક્યાંથી આવી ગયું ?! તો તેને જાણ હોવી જોઈએ કે) એ નૂરવાળા આક઼ા ﷺની નૂરાની બારગાહ છે, અહીં નૂરની કોઈ કમી નથી.

**ભીક લે સરકારસે લા જલ્દ કાસા નૂર કા**
**માહે નવ તયબહમેં બટતા હૈ મહીના નૂર કા**
*(કાસા = ભીખનું પાત્ર, માહે નવ = નવો ચાંદ)*

**અર્થાત :** હે નવા ચાંદ ! ભીખનું પાત્ર લંબાવ અને જલ્દી સરકાર ﷺની બારગાહમાં હાજર થઈને નૂરની ખૈરાત લઈ લે કેમ કે મદીના શરીફમાં નૂરના મહીનાની વહેંચણી થઈ રહી છે (દરેક મહીનાની આટલી રાતો અધિક નૂરવાળી થશે અને એ રાતોને આટલુ નૂર આપવામાં આવશે.)

**દેખ ઉનકે હોતે નાઝૈબા હૈ દાવા નૂર કા**
**મહર લિખ દે યાં કે ઝર્રો કો મચલકા નૂર કા**
*(નાઝૈબા = અયોગ્ય. મહર = સૂરજ. મચલકા = ઈકરારનામુ)*

**અર્થાત :** આપ ﷺની મૌજૂદગીમાં ખબરદાર ! કોઈ નૂર હોવાનો દાવો કરે ?! અને હે સૂરજ ! તું પણ તારી ડ્યૂટી પૂરી કર અને ખાકે તયબહના ઝર્રાઓને નૂરનું ઈકરારનામુ લખી દે. *(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

# ફવાઈદુલ ફવાદ

## દિલોના ફાયદા

ભાગ-૧ (૩૪ મજલિસો)

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ત્રીજી મજલિસ

એ જ વરસે શાબાનના મુબારક મહીનાની ૧૫મી તારીખે જુમ્આની નમાઝ બાદ કદમબોસીની દોલત નસીબ થઈ. એક મલંગ અંદર આવ્યો. થોડીવાર બેઠો અને પછી ઉઠયો અને ચાલ્યો ગયો. ખ્વાજા رحمۃ اللہ علیہએ કહ્યું કે, આ પ્રકારના લોકો શયખ બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ تعالیٰ علیہની ખિદમતમાં ઓછા આવતા હતા, અલ્બત્ત શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન رحمۃ اللہ تعالیٰ علیہની ખિદમતમાં દરેક પ્રકારના દુરવેશ તથા ગૈર દુરવેશ પહોંચી જતા હતા.

ત્યારબાદ ફર્માવ્યું કે દરેક આમ મજમામાં એક ખાસ પણ હોય છે. આ પ્રકરણમાં હિકાયત વર્ણવી કે શયખ બહાઉદ્દીન ઝકરિયા સયાહત (સૈર સફર) ખૂબ જ કર્યા કરતા હતા. એકવાર મલંગોના એક ગિરોહમાં પહોંચ્યા અને તેમની વચ્ચે બેસી ગયા. એ મજમામાં એક નૂર પેદા થયું. જ્યારે ધ્યાનપૂર્વક જોયું તો એ લોકોમાં એક શખ્સ જોવા મળ્યો કે નૂર એ શખ્સથી નીકળી રહ્યું હતું. આપ ધીમે રહીને તેની પાસે ગયા અને બોલ્યા કે તું આ લોકોમાં શું કરી રહ્યો છે ? તેણે જવાબ આપ્યો, ઝકરિયા ! જેથી કરીને તને માલૂમ થઈ જાય કે દરેક આમમાં એક ખાસ પણ હોય છે.

એ જ પ્રકરણમાં હિકાયત વર્ણવી કે એકવાર કોઈ બુઝુર્ગ એ જ પ્રકારના એક મજમામાં પહોંચ્યા. એક શખ્સને જોયો કે બે રકાત નમાઝમાં આખુ કુર્આન ખત્મ કરે છે. એ બુઝુર્ગ આશ્ચર્યમાં પડી ગયા અને પોતાની જાતને બોલ્યા કે આ પ્રકારના ગિરોહમાં જેમાં આ મર્દ છે આ પ્રકારની તાઅત (આજ્ઞાપાલન) અસામાન્ય ચીજ છે, પણ આ કામમાં અડગતા હોય તો જ વાત બની શકે. સારાંશ જ્યારે તે ત્યાંથી ચાલ્યા આવ્યા તો દસ વરસ પછી ફરી એ ગિરોહ પાસેથી પસાર થવાનું થયું. એ દુરવેશને એ જ પ્રમાણે પાબંદ પામ્યો. એ વખતે કહેવા લાગ્યા કે હવે હકીકત ખુલી કે દરેક આમ (સામાન્ય લોકોમાં) એક ખાસ પણ હોય છે.

### ચોથી મજલિસ

એ જ વરસે શાબાન મુબારકની ૨૨ મી તારીખે જુમ્આના રોજ નમાઝ બાદ કદમબોસીની દોલત હાંસલ થઈ. પૂછયું કે મગરિબ ઈશાની વચ્ચે જે છ રકાત નમાઝ અવ્વાબીન બતાવી છે તે પઢો છો ? અર્ઝ કરી, જી હા ! ત્યાર બાદ ઐયામે બીજના રોઝાના બારામાં પૂછયું કે રાખો છો ? મેં અર્ઝ કરી, રાખુ છું. ત્યારબાદ ચાશતની નમાઝના બારામાં પૂછયું કે અદા કરો છો ? મેં અર્ઝ કરી, અદા કરું છું. ત્યારબાદ ચાર રકાત સલાતુસ્સઆદતનો હુકમ કર્યો. એ દિવસે આ સઆદત બીજી સઆદત સાથે ભળી ગઈ. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

### પાંચમી મજલિસ

એ જ વરસે માહે મુબારક રમઝાનની ૧૩મી તારીખે જુમ્આની નમાઝથી પહેલાં કદમબોસીની દોલત હાંસલ થઈ. પૂછયું કે રોજના નિયમ વિરુદ્ધ નમાઝથી

www.barkatekhwaja.net

પહેલાં કેવી રીતે આવ્યા ? અર્ઝ કરવામાં આવી કે તરાવીહની નમાઝ મૌલાના ઝહીરુદ્દીન હાફિઝ સલ્લમહુલ્લાહુ તઆલાની ઈક્તેદામાં પઢુ છું. અને તે દરેક રાત્રે ત્રણ સીપારા પઢે છે. બંદાની ખ્વાહિશ છે કે દસ રાતો સતત ગેપ વિના તેમની પાછળ નમાઝ પઢી લઉં જેથી ખત્મે કુર્આનનો સવાબ હાંસલ થઈ જાય. જો ઈજાઝત હોય તો જુમ્આની નમાઝ બાદ પરત થઈ જઉં, જેથી તરાવીહ મળી જાય. આદેશ થયો, સારી વાત છે.

ત્યારબાદ એ જ અર્થને લગતી હિકામત વર્ણવી કે શયખ બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہએ એક રાત્રે હાજરજનો તરફ ચહેરો કરીને ફર્માવ્યું કે તમારામાંથી કોઈ છે જે આજે રાત્રે બે રકાત નમાઝ પઢે અને એક રકાતમાં કુર્આન મજીદ ખત્મ કરે ? હાજરજનોમાંથી કોઈ એ વાત માટે તૈયાર ન થયું. શયખ બહાઉદ્દીન આગળ વધ્યા અને એક રકાતમાં કુર્આન મજીદ ખત્મ કરી લીધું, અને ચાર સીપારા અધિક પઢયા અને બીજી રકાતમાં સૂરએ ઈખ્લાસ પઢીને નમાઝ પૂર્ણ કરી.

આ વિષયને લગતી બીજી હિકાયત વર્ણવી કે **શયખ બહાઉદ્દીન رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, મને જે કાંઈ મળ્યું નમાઝથી મળ્યું** અને મશાઈખ તથા ઝાહિદનો અવરાદ (વઝીફાઓ) સૌ મેં કર્યા પણ એક ચીજ મારાથી ન થઈ શકી અને તે એ હતી કે મને ખબર આપવામાં આવી કે ફલાણા બુઝુર્ગ **સવારની શરૂઆતથી તુલૂએ આફતાબ સુધી ખત્મે કુર્આન કરી લે છે,** મેં પણ ખૂબ ચાહ્યું પણ ન થઈ શક્યું.

એના હેઠળ એક અન્ય હિકાયત વર્ણવી કે કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ એકવાર કા'બા શરીફનો તવાફ કરી રહ્યા હતા. તેમણે એક અન્ય બુઝુર્ગને પણ કા'બાના તવાફમાં જોયા અને એ બુઝુર્ગની પાછળ ચાલવા લાગ્યા. જ્યાં તે કદમ રાખતા કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ પોતાનો કદમ ત્યાં જ રાખતા. એ રોશન ઝમીર પીરને આ વાતની ખબર પડી ગઈ. બોલ્યા, આ જાહેરી અનુસરણ શું કરો છો, એ કામનું અનુસરણ કરો જે હું કરું છું. કાઝી હમીદુદ્દીન رحمۃ اللہ علیہએ પૂછયું, આપ શું કરો છો ? તે બુઝુર્ગે કહ્યું કે **હું એક દિવસમાં ૭૦૦ (સાતસો) વાર ખત્મે કુર્આન કરું છું.** કાઝી હમીદુદ્દીનને ઘણુ જ આશ્ચર્ય થયું અને દિલમાં એ અંદેશો ગુજર્યો કે કદાચ કુર્આનના અર્થોને શબ્દો વિના ખયાલમાં લાવી દેતા હશે અને ખયાલમાં પઢતા હશે. એ બુઝુર્ગે પોતાનું માથુ ઉઠાવ્યું અને બોલ્યા, શબ્દે શબ્દ ! ભરમ (ખયાલ)માં નહીં. જ્યારે ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ્ખૈર એ આ હિકાયત પૂર્ણ કરી તો એઝાઝુદ્દીન અલી શાહ સલ્લમહુલ્લાહુ તઆલાએ જે ખાસ મુરીદોમાંથી હતા, તેમણે પૂછયું, કદાચ એ કરામત હશે ? ખ્વાજાએ ફર્માવ્યું, હા ! કરામત હશે. દરેક મામલો જે બુદ્ધિમાં સમાય જાય તે અલગ હોય છે અને જેમાં બુદ્ધિને દખલ ન હોય તે કરામત હોય છે.

ફરી મશાઈખની તાઅત (આજ્ઞાપાલન)નું વર્ણન આવ્યું તો ફર્માવ્યું કે શયખ અબૂ સઈદ અબુલ ખૈર رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે હઝરત મુસ્તફા ﷺની નમાઝના બારામાં મારા સુધી જે કાંઈ પણ પહોંચ્યું મેં તે સર્વ કર્યું. ત્યાં સુધી કે મને જાણ થઈ કે હઝરત રિસાલત પનાહ ﷺએ એક વખતે નમાઝ મઅકૂઅ (ઉલ્ટા થઈને) પણ અદા કરી છે. હું પણ ગયો અને પગો રસ્સીથી બાંધ્યા અને પોતે પોતાને માથાભેર કર્યો અને લટકાવી દીધો અને એ રીતે નમાઝ પઢી. જ્યારે આ હિકાયત પૂર્ણ કરી તો એ કમીના બંદાની તરફ ચહેરો કર્યો અને ફર્માવ્યું કે જે પણ હતું હુસ્ને અમલથી કોઈ મકામ સુધી પહોંચ્યો, જિદ્દો જેહદ કરવી જોઈએ.

*(ક્રમશઃ)*

*[(**નોંધ** : પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આપણે બુઝુર્ગોથી મહોબ્બતનો દાવો તો જોરશોરથી કરીએ છીએ, નિયાઝ ખાવા તો તૂટી પડીએ છીએ પણ તેઓ કેવી નમાઝો પઢતા હતા અને કેટલી પાકીઝા જિંદગી જીવતા હતા તે વાતોને ધ્યાનમાં પણ નથી લેતા ! "ગૌષ કા દામન ! નહીં છોડેંગે ! ખ્વાજા કા દામન નહીં છોડેંગે !" ફક્ત ગળામાંથી બોલીએ છીએ અને નિયાઝોની દેગો ને દેગો ગળેથી ઉતારીને પતાવી દઈએ છીએ પણ તેમના જેમ નેક થવાની, ઈબાદતો કરવાની, ગુનાહોથી બચી નેકીઓ કરવાની તૌફીક આપણને નથી થતી. (ઈલ્લા માશા અલ્લાહ !) એ દર્શાવે છે કે આપણી મહોબ્બત કેવળ ગળા સુધીની છે ! –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]*

તઝકેરતુલ અવલિયા

# હઝરત સરી સક્તી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ :** આપ કમાલવાળાએ પ્રથમ વ્યક્તિ છે જેમણે બગદાદમા હકાઈક તથા તૌહીદનો પાયો નાખ્યો. આપ મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہ થી બયઅત હતા અને હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ના મામા હતા. તે ઉપરાંત હબીબ રાઈથી પણ નિયાઝનો શરફ હાંસલ છે.

**હાલાત :** પ્રારંભિક દૌરમાં આપ એક દુકાનમાં રહેતા હતા. એક પ નાખીને એક હજાર નવાફિલ (નફ્લા) દરરોજ પઢયા કરતા હતા. એ જ દરમ્યાન એક શખ્સ કોહે લગામથી હાજર થયો. પર્દો ઉઠાવીને સલામ બાદ અર્ઝ કરી કે કોહે લગામના ફલાણા બુઝુર્ગે આપને સલામ કહ્યા છે. આપે સલામનો જવાબ આપીને ફર્માવ્યું કે **મખ્લૂકથી કટ થઈને ઈબાદત કરવી મુર્દાઓનું કામ છે, અને ઝિંદા તે છે જે મખ્લૂકથી સંબંધિત રહીને યાદે ઈલાહી કરે છે.**

આપ વેપારમાં દસ દીનાર પર કેવળ અડધો દીનાર નફો લીધા કરતા હતા. એકવાર કોઈનાથી સાઈઠ દીનારમાં બદામો ખરીદી પરંતુ એના બાદ કિંમતો વધી ગઈ અને દલાલે નેવુ દીનાર લગાડી દીધા. પરંતુ આપે ફર્માવ્યું કે હું મારા વાયદાની વિરુદ્ધ વેચાણ કરીશ નહીં. શરૂમાં આપ સકત ફરોશી કરતા હતા, અને સકત ફરોશ તેને કહે છે જે પડેલા તૂટેલાં ફળોનું વેચાણ કરે છે. એ દરમ્યાન બગદાદના બજારમાં આગ લાગી. પરંતુ આપની દુકાન મહેફૂઝ રહી ગઈ, અને **આપે શુક્રાનાના તૌર પર દુકાનનો બધો જ માલ સદકો કરી આપ્યો.** એકવાર લોકોએ સવાલ કર્યો કે આપને આ મર્તબા કેવી રીતે હાંસલ થયા ? ફર્માવ્યું કે એકવાર હબીબ રાઈ મારી ન પર તશરીફ લાવ્યા અને એક યતીમ ળક પણ તેમની સાથે હતું. તેમણે કહ્યું કે આ બાળકને કપડાં અપાવી દો. અને જ્યારે મેં હુકમનું પાલન કરી આપ્યું તો આપે દુઆ આપી કે અલ્લાહ તઆલા તમને એ મર્તબા અતા કરે કે તમે દુનિયાને પોતાની દુશ્મન સમજવા લાગો. જેથી તે દિવસથી અલ્લાહે મને મહાન ર્તબાઓથી નવાઝયો.

**આપના આદેશો :** આપ ફર્માવ્યા કરતા હતા કે ચાલીસ વરસથી મારા નફ્સને મધની ઈચ્છા છે પરંતુ આજ સુધી મેં તેની ખ્વાહિશ પૂરી નથી કરી. પછી ફર્માવ્યું કે હું દરરોજ એટલા માટે આઈનો જોઉં છું કે કદાચ ગુનાહોના કારણે મારો ચહેરો કાળો ન થઈ ગયો હોય. ફર્માવ્યું કે કાશ ! પૂરા જગતની મુસીબતો મને મળી જતી તો સર્વ લોકોને મુક્તિ હાંસલ થઈ જાય. ફર્માવ્યું કે જ્યારે કોઈ મુસલમાનની સામે હું દાઢીમાં ખિલાલ કરું છું તો એવું ડરુ છું કે ક્યાંક મુનાફિકોમાં મારી ગણના ન થઈ જાય.

**આપની ખૂબીઓ :** આપ ઘણુ મોં બનાવીને (ચઢાવીને) સલામનો જવાબ આપ્યા કરતા હતા. અને જ્યારે કારણ પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું કે હદીષ શરીફમાં છે કે **જે કોઈ કોઈકને સલામ કરે છે તેના પર ખુદા તરફથી સો રહ્મતો નાઝિલ થાય છે જેમાં નેવું રહમતો તેને મળે છે જે બંનેમાંથી હસતે મુખે પેશ આવે છે.** જેથી હું મોં બનાવીને એટલા માટે જવાબ આપુ છું કે મારાથી અધિક રહમતો સલામ કરનારાને મળી જાય !

આપે હઝરત યાકૂબ علیہ السلام ને ખ્વાબમાં પૂછયું કે જ્યારે આપ ખુદાથી મહોબ્બત કરતા હતા તો

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

www.barkatekhwaja.net

હઝરત યૂસુફ عليه السلامની મહોબ્બત શાથી હતી ? એ જ વખતે ગેબી પોકાર થયો કે, હે સર્રી ! અદબનો લેહાઝ રાખો ! પછી એના બાદ જયારે આપને ખ્વાબમાં હુસ્ને યૂસુફથી ભેટો કરાવવામાં આવ્યો તો ચીસ પાડીને તેર દિવસ બેહોશીની હાલતમાં પડયા રહ્યા. અને હોશ આવ્યા બાદ આ પોકાર સાંભળ્યો કે જે અમારા મહબૂબોથી ગુસ્તાખી કરે છે તેનો આ જ અંજામ થાય છે.

કોઈ ખુદા રસીદાને આપે તેમનું નામ પૂછ્યું તો ફર્માવ્યું કે هُوَ પછી સવાલ કર્યો કે આપ શું ખાવ પીઓ છો ? તેમણે ફરી જવાબમાં هُوَ કહ્યું. સારાંશ કે જ્યારે દરેક સવાલના જવાબમાં તે એવું જ કહેતા રહ્યા, તો આપે પૂછ્યું કે هُوَથી મુરાદ શું અલ્લાહ છે ? એ સાંભળતાં જ તે બુઝુર્ગ ચીસ પાડીને દુનિયાથી વિદાય થઈ ગયા.

હઝરત જુનેદ બગદાદી رحمة الله عليهથી રિવાયત છે કે જયારે હઝરત સર્રી સકૃતી رحمة الله عليهએ મારાથી મહોબ્બતનો ભાવાર્થ પૂછયો તો મેં કહ્યું કે અમુક હઝરાત મુવાફિકૃતને અને અમુક ઈશારતને મહોબ્બત ગણાવે છે. આ સાંભળીને આપે આપના હાથની ચામડીને ખેંચીને ઉપર ઉઠાવવા ચાહ્યું તો તે પોતાની જગાએ ચોંટેલી રહી. એ વખતે આપે ફર્માવ્યું કે જો હું એ દાવો કરું કે કેવળ મહોબ્બતના જ કારણે મારી ચામડી શુષ્ક થઈ ગઈ તો હું મારા દાવામાં હક્કના પક્ષે હોઈશ, અને આવું કહેતાં જ બેહોશ થઈ ગયા, પરંતુ આપનો ચહેરો મુબારક ચમકતા ચાંદની જેમ ચમકી રહ્યો હતો. એકવાર ફર્માવ્યું કે **મહોબ્બત બંદાને એવો કરી દે છે કે તલ્વારના ઘાની તકલીફ પણ તેને મહેસૂસ નથી થતી.** અને આનાથી પહેલાં હું પણ મહોબ્બતની હકીકતથી અજાણ હતો પરંતુ ખુદાએ જયારે માહિતગાર કરી આપ્યો ત્યારે મને મહોબ્બતનો સાચો ભાવાર્થ માલૂમ પડયો.

જયારે આપને એ ઈલ્મ થઈ જાય કે લોકો મારી પાસે તા'લીમ પામવાના હેતુથી આવી રહ્યા છે તો આપ દુઆ કરતા કે, હે અલ્લાહ ! એમને તે તા'લીમ અતા કરી દે જેમાં મારી જરૂરત જ બાકી ન રહે અને મને આ લોકો તારી ઈબાદતથી ગાફિલ ન કરી શકે. એક શખ્સ પૂરા ત્રીસ વરસથી ઈબાદતો તથા મુજાહિદામાં સક્રિય હતો અને લોકોએ જયારે તેને પૂછયું કે તમને આ દરજ્જો કેવી રીતે મળ્યો ? તો જવાબ આપ્યો કે મેં એક દિવસ હઝરત સર્રી સકૃતીના દરવાજા પર જઈને જયારે તેમને અવાજ આપ્યો તો પૂછયું કે કોણ છે ? મેં અર્ઝ કરી કે આપનો એક ઓળખીતો. આ સાંભળીને આપે આ દુઆ આપી કે, હે અલ્લાહ ! એને એવો બનાવી દે કે તારા સિવાય કોઈનાથી ઓળખાણ ન રાખે. જેથી એ દિવસથી જ મને મર્તબા હાંસલ થવા શરૂ થઈ ગયા, અને આજે આ દરજા સુધી પહોંચી ગયો. *(ક્રમશઃ)*

## ઈન્તેકાલ પુરમલાલ

**ભરૂચ** : (રોયલ પાર્ક) ખાતે તા. ૧૩–૧૨–૨૦૨૩ બુધવાર મુ. ચાંદ ૨૮ જમા. અવ્વલ હિ.સ. ૧૪૪૫ના રોજ જનાબ ઈદરીસભાઈ સરનારવાળાનો ઈન્તેકાલ થઈ ગયો છે. મર્હૂમ મુહર્રમના મહીનાથી બીમાર થયેલા. રોઝાની હાલતમાં પડી જવાથી કોમામાં જતા રહ્યા હતા. ખૂબ ઈલાજો છતાં મૌલાની મરજી કે આપે છેવટે આ ફાની દુનિયાને અલવિદા કહી અને અલ્લાહના પ્યારા થઈ ગયા. મર્હૂમ ઘણા જ સેવાભાવી, નેક તબીઅતવાળા અને ગુપ્ત રીતે દાન કરનારા હતા. અમને પણ અવાર નવાર દીની કામોમાં આપનો ભરપુર સાથ સહકાર તથા પ્રોત્સાહન રહેતુ હતું. ઈમાનદારી સાથે સમાજ સેવાનાં કાર્યોમાં આપ આગળ પડતા કાર્યકર હતા. મૌલા કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા.*

www.barkatekhwaja.net

## અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

(નજમી દારુલ ઈફતા-આમોદ)

હપ્તો : ૨૭

**૦૬. મિયાં-બીવી કે દરમિયાન તલાક઼ કી બાત ચલ રહી હો ઔર શોહર ઔરત સે કહે : "જા અપને ઘર ચલી જા", "મેરે ઘર સે નિકલ જા" તો ક્યા ઈન અલ્ફાઝ સે તલાક઼ વાકેઅ નહીં હોતી ?**

ઉમૂમન યહી સમજા જાતા હૈ કે અગર મિયાં બીવી કે દરમિયાન લળાઈ ચલ રહી હો, જિસ મેં તલાક઼ કી બાત ચલ રહી હો ઐસી હાલત મેં શોહર અપની બીવી સે કહેં : "જા અપને ઘર ચલી જા" યા કહે : "મેરે ઘર સે નિકલ જા" યા ઈસ તરહ કે દિગર ઐસે અલ્ફાઝ ઈસ્તિઅ્માલ કરે, જિન મેં તલાક઼ કે મઅ્ને કા ઈહ્‌તિમાલ હો ફિર ભી ઈન સે તલાક઼ વાકેઅ નહીં હોતી, ક્યૂં કે શોહરને તલાક઼ કા લફ્ઝ અપની ઝબાન સે નહીં નિકાલા, યે સોચ સરાસર ગલત હૈ, બલ્કે શરીઅત કા હુકમ તો યે હૈ કે ઉપર બયાન કી ગઈ સૂરત મેં તલાકે બાઈન વાક઼ેઅ હો જાએગી. યે સમજના કે સિર્ફ તલાક઼ કે લફ્ઝ સે હી તલાક઼ વાકેઅ હોતી હૈ, ગલત હૈં, બલ્કે લફ્ઝે તલાક઼ કે અલાવા જિત્ને અલ્ફાઝ ઐસે હૈં કે ઉન મેં તલાક઼ કે મઅ્ને કા ઈહ્‌તિમાલ હૈ, ઉનસે ભી તલાક઼ વાકેઅ હો જાતી હૈ જબ કે નિય્યતે તલાક઼ હો યા પેહલે સે તલાક઼ કા ઝિક્ર ચલ રહા હો.

બહારે શરીઅતમેં હૈં :–

"કિનાયએ તલાક઼ વોહ અલ્ફાઝ હૈં જિન સે તલાક઼ મુરાદ હોના ઝાહિર ન હો, તલાક઼ કે અલાવા ઔર મઅ્નોં મેં ભી ઉનકા ઈસ્તિઅ્માલ હોતા હો.

કિનાયા સે તલાક઼ વાકેઅ હોને મેં યે શર્ત હૈ કે નિય્યતે તલાક઼ હો યા હાલાત બતાતે હોં કે તલાક઼ મુરાદ હૈ યા'ની પેશતર તલાક઼ કા ઝિક્ર થા યા ગુસ્સા મેં કહા.

કિનાયા કે બા'ઝ અલ્ફાઝ યે હૈં : (૧) જા (૨) નિકલ (૩) ચલ (૪) રવાના (૫) ઘર ખાલી કર (૬) દૂર હો (૭) ચલ દૂર (૮) તુ મુઝસે જૂદા હૈ (૯) મેરે પાસ સે ચલ.... *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : સફહા : ૧૨૮, ૧૨૯)*

**૦૭. ક્યા તલાક઼નામા મેં દસ્તખત કરને કે બા'દ ઝબાન સે ભી તલાક઼ દેના ઝરૂરી હૈ ?**

અકષર અવામ મેં યે ગલતફેહમી પાઈ જાતી હૈ કે તલાક઼નામા મેં દસ્તખત કરને કે બા'દ જબ તક શોહર ઝબાન સે તલાક઼ નહીં દેગા તબ તક તલાક઼ વાકેઅ નહીં હોગી, ચુંના ચે તલાક઼નામા મેં દસ્તખત કરને કે બા'દ ભી બહોત સે શોહરોં કો યે કેહતે હૂએ દેખા ગયા હૈ કે અભી તલાક઼ નહીં હૂઈ ઈસ લિયે કે અભી તક મૈંને ઝબાન સે તલાક નહીં દી, જબ કે યે સોચ બિલ્કુલ ગલત હૈ. શરીઅત કા હુકમ તો યહ હૈ કે જૈસે ઝબાન સે તલાક઼ વાક઼ેઅ હો જાતી હૈ વૈસે હી લિખ કર યા તલાક઼નામા પર દસ્તખત કરને સે ભી તલાક઼ વાકેઅ હો જાતી હૈ. (અગર ચે ઝબાનસે તલાક઼ કા લફ્ઝ બિલ્કુલ ન નિકાલા જાએ)

બહારે શરીઅતમેં હૈ :–

"ઝબાન સે અલ્ફાઝે તલાક઼ ન કહે મગર કિસી ઐસી ચીઝ પર લિખે કે હુરૂફ મુમ્તાઝ (ઝાહિર) ન હોતે હોં, મષ્‌લન પાની યા હવા પર તો તલાક઼ ન હોગી ઔર અગર ઐસી ચીઝ પર લિખે કે હરૂફ મુમ્તાઝ હોતે હોં મષલન કાગઝ યા તખ્તા વગૈરા પર ઔર તલાક઼ કી નિય્યત સે લિખે તો હો જાએગી ઔર યે તલાક઼ લિખતે વક઼્ત પળેગી ઔર ઉસી વક઼્ત સે

અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

ઈદ્દત શુમાર હોગી..... દૂસરે સે તલાક઼ લિખવા કર ભેજી તો તલાક઼ હો જાએગી. લિખનેવાલે સે કહા મેરી ઔરત કો તલાક઼ લિખ દે યે ઈક઼રારે તલાક઼ હૈ યા'ની : તલાક઼ હો જાએગી અગરચે વોહ ન લિખે....તેહરીર સે તલાક઼ કે ષુબૂત મેં યે ઝરૂર હૈ કે શોહર ઈક઼રાર કરે કે મૈંને લિખી યા લિખવાઈ યા ઔરત ઉસ પર ગવાહ પેશ કરે. મહઝ ઉસકે ખતસે મુશાબેહ હોના યા ઉસકે દસ્તખત હોના યા ઉસકી સી મુહર હોના કાફ઼ી નહીં. હા ! અગર ઔરત કો ઈત્મિનાન ઔર ગાલિબે ગુમાન હૈ કે યે તેહરીર ઉસીકી હૈ તો ઉસ પર અમલ કરને કી ઔરત કો ઈજાઝત હૈ મગર જબ શોહર ઈન્કાર કરે તો બગૈર શહાદત (ગવાહી) ચારા નહીં." *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૮, સફ઼હા : ૧૧૩–૧૧૫)*

**૦૮. ક્યા મિયાં બીવી લંબે ઝમાને તક એક દૂસરે સે અલગ રહે તો નિકાહ ખત્મ હો જાતા હૈ ?**

બહોત સે અવામુન્નાસ મેં યે ગલતફ઼ેહમી પાઈ જાતી હૈ કે અગર મિયાં બીવી એક લંબે ઝમાને તક એક દૂસરે સે અલગ રહે તો નિકાહ ખત્મ હો જાતા હૈ, યે સોચ બિલ્કુલ શરીઅત કે ખિલાફ઼ હૈ. ઐસા હરગિઝ નહીં હૈ કે લંબે ઝમાને તક મિયાં બીવી કે અલગ રેહને સે નિકાહ ખત્મ હો જાતા હૈ, બલ્કે ઉન દોનોં કા નિકાહ બદસ્તૂર બાકી રેહતા હૈ. ફ઼િક઼હ કી જિત્ની કિતાબેં હૈં ઉન મેં નિકાહ કે ખત્મ હોને કી જો સૂરતેં બયાન કી ગઈ હૈં વહાં કહીં ભી ઈસ્કા ઝિક્ર નહીં હૈ કે મિયાં બીવી કે લંબે ઝમાને તક અલગ રેહને કી વજહ સે ભી નિકાહ ખત્મ હો જાતા હૈ, લિહાઝા ઈસ તરહ કી સોચ હરગિઝ ન રખી જાએ.

**૦૯. અગર મિયાં બીવી એક લંબે અરસે સે અલગ હૈં તો ઈસ સૂરત મેં તલાક઼ કે બાદ ક્યા ઔરત પર ઈદ્દત લાઝિમ નહીં હોગી ?**

અવામ મેં એક ગલત મસ્અલા યે ભી મશહૂર હૈ કે અગર મિયાં બીવી એક લંબે અરસે સે એક દૂસરે સે અલગ હૈં ફ઼િર ઉનકે દરમિયાન તલાક઼ હોતી હૈ તો ઈસ સૂરત મેં ઔરત પર ઈદ્દત લાઝિમ નહીં હોગી, તલાક઼ કે ફ઼ૌરન બાદ વોહ દૂસરે મર્દ સે નિકાહ કર સક્તી હૈ, હાલાં કે યે સરાસર ગલત હૈ. શરીઅત કા હુકમ તો યે હૈ કે મિયાં બીવી ચાહે કિતને હી સાલોં તક અલગ રહેં, જબ ભી તલાક઼ હોગી યા શોહર કા ઈન્તિક઼ાલ હોગા તો ઔરત પર ઈદ્દત ગુઝારના લાઝિમ હોગા. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન علیہ الرحمۃ والرضوان સે ઈસ તરહકા એક સવાલ હુવા કે :–

"ઝૈદને અપની બીવી સે કહા કે અગર તૂ મૈયકે સે મેરે ઘર ન આઈ તો તુજકો તલાક઼ દે દૂંગા, ઔરત દો બરસ અપને મેયકે મેં રહી, ફ઼િર ઉસ ઔરતને દૂસરે મર્દ કે સાથ નિકાહ ષાની (દૂસરા નિકાહ) કરને કા ક઼સ્દ કિયા, શોહરને કહા કે મૈંને તુજે તલાક઼ નહીં દી તો નિકાહ કૈસે કરતી હૈ ? અગર મુજકો સો રૂપે દે તો મૈં તુજે તલાક઼ દે દૂં, ઔરતને સો રૂપે દે દિયા, શોહરને તલાક઼ દે દી, અબ ઉસ પર ઈદ્દત પૂરી કરના ચાહિયે યા નહીં" ?

ઈસકે જવાબ મેં આપને તેહરીર ફ઼ર્માયા :–

"ઝરૂર (ઈદ્દત પૂરી કરના લાઝિમ હોગા), ઔર ઉસકા દો બરસ ખાહ દસ બરસ શોહર સે જુદા રેહના મુસ્કિતે ઈદ્દત (ઈદ્દત કે સાક઼િત કરનેવાલા) નહીં હો સક્તા, ક્યૂં કે અલ્લાહ તઆલા કા ક઼ૌલ કે, "મુતલ્લક઼ા ઔરતેં (યા'ની જિન ઔરતોં કો તલાક઼ દી ગઈ) અપને આપ કો તીન હૈઝ મુકમ્મલ હોને તક રોકે રખેં મુતલક઼ હૈ." *(ફ઼તાવા રઝવિય્યહ, જિલ્દ : ૧૩, સફ઼હા : ૩૦૭)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

www.barkatekhwaja.net

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૧૪

"બહારે શરીઅત" (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **"ઈસ્લામી અખ્લાક઼ો આદાબ"** એ "બહારે શરીઅત"નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**મસ્અલા–૧૩** : બાંદીનો હાથ પકડીને મકાનની અંદર લઈ ગયો અને બારણુ બંધ કરી દીધું અને લોકોને ખબર પડી ગઈ કે વતી (સંભોગ) કરવા માટે આવું કર્યું છે, આ મકરૂહ છે આ જ રીતે શોક્ય (સોતન)ની સામે બીવીથી વતી (સંભોગ) કરવી મકરૂહ છે. *(આલમગીરી)*

**મસ્અલા–૧૪** : જે સ્ત્રી તેના મહારિમમાં હોય તેનું માથુ, છાતી, પિંડલી, બાજુ, કલાઈ, ગળુ પગની તરફ નજર કરી શકે છે, જ્યારે કે બંનેવમાંથી કોઈપણમાં શેહવતનો અંદેશો ન હોય મહારિમના પેટ, પીઠ અને જાંગની તરફ નજર કરવી નાજાઈઝ છે. (હિદાયહ) એ જ રીતે પડખો અને ઘૂંટણ તરફ નજર કરવું પણ નાજાઈઝ છે. (રદ્દુલ મુહતાર) કાન, ગળુ, ખભો અને ચેહરાની તરફ નજર કરવી જાઈઝ છે. *(આલમગીરી)*

**મસ્અલા–૧૫** : મહારિમનો મતલબ એ છે કે તે સ્ત્રીઓ જેનાથી હમેશાં માટે નિકાહ હરામ છે. આ હુર્મત નસબથી હોય અથવા કોઈ કારણે દા.ત. રઝાઅત, મુસાહેરત. જો ઝિનાના કારણે મુસાહેરત હોય જેમ કે મુઝનિય્યાના ઉસૂલ તથા ફુરૂઅ (જેની સાથે ઝિના કર્યો તે સ્ત્રીની મા તથા પુત્રીઓ)ની તરફ નજર કરવાનો પણ આ જ હુકમ છે. *(હિદાયા)*

**મસ્અલા–૧૬** : મહારિમના જે અંગોની તરફ નજર કરી શકે છે તેને અડી પણ શકે છે, જ્યારે કે બંનેવમાંથી કોઈને શેહવતનો અણસાર ન જણાય. પોતાની વાલિદાના પગ દબાવી શકે છે, પરંતુ જાંગ તે સમયે દબાવી શકે છે જ્યારે કે કપડાથી છુપાયેલી હોય એટલે કે કપડાના ઉપરથી. અને વગર આવરણે અડવું જાઈઝ નથી. *(આલમગીરી)*

**મસ્અલા–૧૭** : વાલિદાના પગને પણ ચુંબન કરી શકાય છે. હદીષમાં છે જેણે પોતાની વાલિદાના પગને ચૂમ્યા તો એવો છે જેવું કે જન્નતની ચોખટને ચૂમી રહ્યો છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા–૧૮** : મહારિમની સાથે સફર કરવું અથવા એકાંતમાં તેની સાથે હોવું એટલે કે મકાનમાં બંનેવ એકલા હોય કે કોઈ પણ ત્યાં ન હોય જાઈઝ છે, એ શરતની સાથે કે શેહવતનો અંદેશો ન હોય. *(આલમગીરી)*

**મસ્અલા–૧૯** : બીજાની બાંદી તરફ નજર કરવામાં તે જ હુકમ છે જે મહારિમનો છે.

**મસ્અલા–૨૦** : કનીઝ (બાંદી)ને ખરીદવાનો ઈરાદો હોય તો તેણીનાં કાંડા અને બાઝૂ, પિંડલી અને છાતીની તરફ નજર કરી શકે છે, કેમ કે આ સ્થિતિમાં જોવાની જરૂરત છે અને તેણીના એ અંગોને સ્પર્શી પણ શકે છે, તે શરતની સાથે કે શેહવતનો અંદેશો ન હોય. *(હિદાયા)*

**મસ્અલા–૨૧** : અજનબી સ્ત્રી બાજુ નજર કરવાનો તે જ હુકમ છે કે તેનો ચહેરો અને હથેળીની તરફ નજર કરવી જાઈઝ છે, કારણ કે તેની જરૂરત પડે છે. ક્યારેક તેના સમર્થનમાં અથવા વિરૂદ્ધમાં ગવાહી આપવી પડે છે અથવા ફેંસલો કરવો પડે છે, અને જો તેણીને ન જુએ તો કેવી રીતે ગવાહી આપી શકે છે કે તેણે એવું કર્યું. તેની તરફ જોવામાં પણ તે જ શરત છે કે શેહવતનો અંદેશો ન હોય. અને આમ પણ જરૂરત છે કે ઘણી સ્ત્રીઓ ઘેરથી બહાર આવતી જતી હોય છે, માટે એનાથી બચવું ઘણુ જ મુશ્કેલ છે. કેટલાક ઉલમાએ પગની તરફ નજર કરવાને પણ જાઈઝ કહ્યું છે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

**મસ્અલા–૨૨** : અજનબી સ્ત્રીઓનો ચહેરો અને હથેળીને જોવું ભલે જાઈઝ છે પરંતું સ્પર્શ કરવું જાઈઝ નથી, ભલે શેહવતનો અંદેશો ન હોય. કારણ કે નજરને જાઈઝ કરવાનું કારણ જરૂરત અને બલ્વાએ આમ (જાહેર અવ્યવસ્થા) છે. સ્પર્શ કરવાની જરૂરત નથી માટે સ્પર્શ કરવું હરામ છે. આ પરથી જાણવા મળ્યું કે તેનાથી મુસાફો જાઈઝ નથી એ કારણે હુઝૂરે અક્દસ ﷺ મુરીદ કરવાના સમયે સ્ત્રીઓથી મુસાફો કરતા ન હતા, કેવળ મોઢેથી મુરીદ કરી લેતા. હા ! જો તે ઘણી વૃધ્ધ હોય કે શેહવતનો અવકાશ ન હોય તો તેનાથી મુસાફામાં વાંધો નથી. એ જ રીતે જો પુરૂષ વધારે ઘરડો હોય કે ફિત્નાનો અંદેશો ન હોય તો મુસાફો કરી શકે છે. *(હિદાયા)*

**મસ્અલા–૨૩** : ઘણી નાની છોકરી જે વાસનાને પાત્ર ન હોય તેને જોવું પણ જાઈઝ છે અને સ્પર્શ પણ જાઈઝ છે. *(હિદાયા)*

**મસ્અલા–૨૪** : અજનબી સ્ત્રીને કોઈને ત્યાં કામકાજ કરવા રોટલી બનાવવાની નોકરી છે, આ સ્થિતિમાં તેની કલાઈ (કાંડા) તરફ નજર કરવી જાઈઝ છે કે તે કામકાજ માટે બાંયો ચઢાવશે, તેની કલાઈઓ ખુલશે અને જ્યારે તેના મકાનમાં છે તો તે કેવી રીતે બચી શકે છે. આ જ રીતે તેના દાંતોની તરફ નજર કરવી પણ જાઈઝ છે. *(આલમગીરી)*

**મસ્અલા–૨૫ : અજનબિયા સ્ત્રીના ચહેરાની તરફ નજર કરવી ભલે જાઈઝ છે જ્યારે શેહવતનો અંદેશો ન હોય, પરંતું આ જમાનો ફિત્નાનો છે, હવે આ જમાનામાં એવા લોકો ક્યાં છે જેવા પહેલાના જમાનામાં હતા ! માટે આ જમાનામાં તેને જોવાની મનાઈ કરવામાં આવશે. પરંતું ગવાહ અને કાઝી માટે કે જરૂરતના સમયે તેના માટે નજર કરવી જાઈઝ છે.** અને એક સ્થિતિએ પણ છે કે તે ઔરતથી નિકાહનો ઈરાદો હોય તો તે નિય્યતથી જોવું જાઈઝ છે, કે હદીષમાં આવ્યું છે કે જેનાથી નિકાહ કરવા ઈચ્છતો હોય તેને જોઈ લો કે આ મહોબ્બતને બાકી રાખવાનો વસીલો થશે . આ જ રીતે સ્ત્રી તેના પુરુષને જેણે તેને સંદેશો મોકલ્યો છે જોઈ શકે છે, ભલે શેહવતનો અંદેશો હોય પરંતું જોવામાં બંનેવની આ જ નિય્યત હોય કે હદીષ પર અમલ કરવાનું ઈચ્છતાં હોય. *(દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર)*

**મસ્અલા–૨૬** : જે સ્ત્રીથી નિકાહ કરવાનો ઈરાદો હોય જો તેને જોવાનું શક્ય ન હોય જેવું કે આ જમાનાનો રિવાજ છે (લેખકના જમાનામાં હશે) કે જો કોઈને નિકાહ સંદેશો મોકલ્યો તો કોઈ પણ રીતે છોકરીનો ચહેરો જોવા નથી દેતા એટલે કે તેનાથી એટલો પડદો કરવામાં આવે છે કે બીજાથી એટલો પડદો નથી કરતા. આવી સ્થિતિમાં તે શખ્સે જોઈએ કે કોઈ સ્ત્રીને

www.barkatekhwaja.net

મોકલીને જોવડાવી લે અને તે એની સામે આવીને તેનો હુલિયો અને તેનો પૂરો નક્શો વગેરે બયાન કરી દે જેથી કે તેને એની શકલ અને સૂરતના સંબંધથી સંતોષ થઈ જાય. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૨૭** : જે સ્ત્રી સાથે નિકાહ કરવા ઈચ્છતો હોય તેની એક છોકરી પણ છે અને ખબર પડી કે આ છોકરી બિલકુલ પોતાની માની શકલો સૂરતની છે તો એ હેતુથી કે તેની માથી નિકાહ કરવો છે, તે છોકરીને જોવું જાઈઝ નથી જ્યારે કે તે શેહવતવાળી હોય. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૨૮** : અજનબિયા સ્ત્રીની તરફ નજર કરવામાં જરૂરતની એક સ્થિતિ એ પણ છે કે સ્ત્રી બીમાર છે અને તેના ઈલાજમાં અમુક અંગોની તરફ નજર કરવાની જરૂરત પડે છે, બલ્કે તેના શરીરને સ્પર્શ પણ કરવું પડે છે, દા.ત. નાડીની તપાસ કરવા માટે તેના હાથને સ્પર્શ કરવો પડે છે અથવા પેટમાં વરમનો ખયાલ હોય તો તેને આમ તેમ જોવું પડે છે અથવા કોઈ જગાએ ગૂંમડુ થયું હોય તો તેને જોવું પડે છે અને કેટલીક વાર આમ તેમ કરવું પડે છે. તો આ સ્થિતિમાં બીમારીની જગા તરફ નજર કરવી અથવા આ જરૂરતથી જરૂરત પ્રમાણે તે જગાને સ્પર્શ કરવું જાઈઝ છે. આ તે સ્થિતિમાં છે કે કોઈ ઈલાજ કરનાર ન હોય, નહીંતર જરૂરી છે કે સ્ત્રીઓને ઈલાજ કરવાનું શીખવાડવામાં આવે જેથી કરીને આવા સમયે તે કામ કરે કે તેમને જોવામાં એટલી ખરાબી નથી જે પુરુષના જોવા વગેરેમાં છે. ઘણી જગાએ દાયણો હોય છે જે પેટનાં વરમને જુએ છે. જ્યાં દાયણો મળી આવતી હોય તો મર્દે તે જોવાની જરૂરત બાકી નથી રહેતી. ઈલાજની જરૂરત તરફ નજર કરવામાં પણ આ સાવચેતી જરૂરી છે કે તે કેવળ એટલો જ શરીરનો ભાગ ખોલવામાં આવે જેને જોવાની જરૂરત છે, બાકી શરીરના ભાગને સારી રીતે છુપાવવામાં આવે કે તેના પર નજર ન પડે. *(હિદયા વગેરે)*

**મસ્અલા–૨૯** : દવા આપવાની જરૂરત હોય તો મર્દ મર્દના પાછળના ભાગની તરફ પણ નજર કરી શકે છે. આ પણ જરૂરતના સમયે જાઈઝ છે અને ખત્ના કરવામાં ખત્નાની જગ્યાએ જોઈ શકે છે, બલ્કે તેને અડવું પણ જાઈઝ છે કે આ પણ જરૂરતના સમયે છે. *(હિદયા, આલમગીરી)*

**મસ્અલા–૩૦** : ઔરતને ફસ્દ કરવાની (લોહી ચૂંસાવવાની) જરૂરત છે અને કોઈ ઔરત એવી નથી કે જે સારી રીતે ફસ્દ ખોલે તો મર્દથી ફસ્દ કરાવવું જાઈઝ છે. *(આલમગીરી)*

**મસ્અલા–૩૧** : અજનબી સ્ત્રીએ ખૂબ જ જાડા કપડા પહેરી રાખ્યાં છે કે શરીરની હાલત વગેરે નજર આવતી નથી તો આ પરિસ્થિતિમાં તેની તરફ નજર કરવી જાઈઝ છે કે અહીંયા સ્ત્રીને જોવાનું નથી બલ્કે તેના કપડાંને જોવાનું થયું. આ તે સમયે છે કે તેના કપડાં ચુસ્ત ન હોય અને ચુસ્ત કપડા પહેર્યા હોય કે શરીરનો નકશો ખેંચાઈ જતો હોય દા.ત. ચુસ્ત લેંગામાં પિંડલી અને જાંગની આખી હાલત નજર આવે છે તો આ સ્થિતિમાં નજર કરવી નાજાઈઝ છે. આ જ રીતે કેટલીક સ્ત્રીઓ ઘણાં પાતળાં કપડાં પહેરે છે દા.ત. જાળી અથવા પાતળા કપડાની ઓઢણી જેનાથી માથાના વાળ અથવા વાળોની કાળાશ કે ગળુ કે કાન દેખાય છે અને કેટલાક પાતળાં તન્ઝીબ (એક જાતનું કાપડ) અથવા જાળીવાળો કુર્તો પહેરે છે કે પેટ અને પીઠ બિલકુલ દેખાય છે, આ હાલતમાં નજર કરવી હરામ છે અને આવા સમયે તેમણે આ જાતનાં કપડાં પહેરવાં પણ નાજાઈઝ છે. *(આલગીરી)*

**મસ્અલા–૩૧** : ખસ્સી એટલે કે જેના ઉન્ષયૈન (બંનેવ અંડકોશ) કાઢી લેવામાં આવ્યા હોય અથવા લીંગ કાપી નાખવામાં આવ્યું હોય જ્યારે તેની ઉંમર ૧૫ વર્ષની થઈ જાય તો તેમના માટે પણ અજનબી સ્ત્રી તરફ નજર કરવી નાજાઈઝ છે, આ જ હુકમ હિજડાઓનો છે. *(હિદાયા)*

મસ્અલા-૬

# શફાઅત કિતાબ તથા સુન્નતની રોશનીમાં

અઝ : મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

**શફાઅતનો ભાવાર્થ :** શફાઅતનો અર્થ છે સિફારિશ (ભલામણ), અને મુસ્લિમ ઉમ્મતની બોલીમાં "શફાઅત"નો મતલબ છે : અલ્લાહ તઆલા હુકમથી (અનુમતિથી) સૈયદુલ અંબિયા ﷺનું તેની બારગાહમાં સિફારિશ કરીને હિસાબ તથા કિતાબ શરૂ કરાવવું અને મહબૂબે ખુદા, ખાસ કરીને સૈયદુલ અંબિયા ﷺનું બારગાહે ઈલાહીમાં સિફારિશ કરીને ગુનેહગારોને બખ્શાવવું, જહન્નમથી નજાત અપાવીને જન્નતના હક્કદાર બનાવવું અને ઘણા બધા જન્નતવાસીઓને દરજાઓની પ્રગતિ અતા કરવી અને અગણિત લોકોને હિસાબ કિતાબ વિના જન્નતમાં મોકલવા.

આ સઘળુ કામ અલ્લાહ તબારક વ તઆલાનું છે પણ તે પોતાના મહબૂબ તથા મુકર્રબ બંદાઓને સિફારિશની ઈજાઝત આપશે અને પછી તેમની સિફારિશ પર આ ઈનામો અતા કરશે.

આ અકીદો અહલે સુન્નત વ જમાઅતનો છે જે કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહ ﷺથી સાબિત છે અને મુબારક હદીષો તવાતુરની હદ સુધી પહોંચેલી છે. પણ **વહાબીઓ કિતાબ તથા સુન્નત (કુર્આન, હદીષ)ની વિરૂધ્ધ શફાઅતના અકીદાને શિર્ક કહે છે.** જેમ કે તકવિયતુલ ઈમાનમાં છે :

"પયગંબરે ખુદાના સમયમાં કાફિર પણ પોતાની મૂર્તિઓને અલ્લાહના બરાબર જાણતા ન હતા, બલ્કે તેની જ મખ્લૂક અને તેના જ બંદા સમજતા હતા અને તેમને તેના બરાબરની શક્તિ સાબિત કરતા ન હતા, પણ એ જ પોકારવું અને મન્નતો માનવી અને નઝરો નિયાઝ કરવી, અને તેમને પોતાના વકીલ તથા **સિફારશી** સમજવું તેમનું કુફ્ર તથા શિર્ક હતું.

જેથી જો કોઈની સાથે આ મામલો કરશે, ભલે તેને અલ્લાહનો બંદો અને મખ્લૂક જ સમજે તો અબૂ જહલ અને તે શિર્કમાં સરખા છે." *(તકવિયતુલ ઈમાન, પેજ-૭,૮, પ્રથમ પ્રકરણ : તૌહીદ તથા શિર્કના વર્ણનમાં, રાશિદ કંપની, દેવબંદ)*

એટલા માટે અમે અહીં કિતાબ તથા સુન્નતથી કેટલાક દલીલો પેશ કરીએ છીએ.

## ★ કુર્આની આયતોથી સાબિતી ★

**આયત-૧ :-**

لَا یَمْلِکُوْنَ الشَّفَاعَةَ اِلَّا مَنِ اتَّخَذَ عِنْدَ الرَّحْمٰنِ عَهْدًا ۝

"લોકો શફાઅતના માલિક નથી પણ તે જ જેમણે રહમાનની પાસે કરાર કરી રાખ્યો છે."

*(સૂ. મરયમ, ૧૯/૮૭)*

એટલે જેમને શફાઅતનું અનુમોદન (ઈઝ્ન) મળી ચૂકેલ છે તેઓ જ શફાઅત કરશે. અથવા એ અર્થ છે કે શફાઅત કેવળ મોમિનોની જ થશે અને તેઓ જ એનાથી ફાયદો ઉઠાવશે. હદીષ શરીફમાં છે : "જે ઈમાન લાવ્યો, જેણે લાઈલાહ ઈલ્લલ્લાહ કહ્યું તેના માટે અલ્લાહની નજીક અહદ (કરાર) છે."

*(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, સૂ. મરયમ, ૧૯/૮૭)*

**આયત-૨ :-**

یَوْمَئِذٍ لَّا تَنْفَعُ الشَّفَاعَةُ اِلَّا مَنْ اَذِنَ لَهُ الرَّحْمٰنُ وَ رَضِیَ لَهٗ قَوْلًا ۝

"એ દિવસે કોઈની શફાઅત કામ ન આવશે પણ તેની જેને રહમાને (શફાઅત કરવાની) અનુમતિ (ઈઝ્ન) આપી દેવામાં આવેલ છે અને તેની વાત પસંદ કરી." *(સૂ. તાહા, ૨૦/૧૦૯)*

આ આયતે કરીમાની સાબિત થાય છે કે ક્યામતના દિવસે રહમાન ﷻ પોતાના પસંદીદા બંદાઓને શફાઅતનો હુકમ (અનુમતિ) આપશે અને તેઓ શફાઅત કરશે.

**આયત–૩ :–**

وَلَا تَنْفَعُ الشَّفَاعَةُ عِنْدَهٗۤ اِلَّا لِمَنْ اَذِنَ لَهٗ ؕ حَتّٰۤى اِذَا فُزِّعَ عَنْ قُلُوْبِهِمْ قَالُوْا مَاذَا ۙ قَالَ رَبُّكُمْ ؕ قَالُوا الْحَقَّ ۚ وَهُوَ الْعَلِیُّ الْكَبِیْرُ ۝

"અને તેની પાસે શફાઅત કામ નથી આપતી, પણ જેના માટે તે આજ્ઞા કરે ત્યાં સુધી કે જ્યારે આજ્ઞા આપીને તેમના દિલોની ગભરાહટ દૂર કરી દેવામાં આવે છે એક બીજાથી (શુભ સમાચાર રૂપે) કહે છે, તમારા રબે કેવી વાત ફર્માવી ! તેઓ કહે છે, જે ફર્માવ્યું હક્ક ફર્માવ્યું. (એટલે શફાઅત કરનારાઓને ઈમાનદારોની શફાઅતની આજ્ઞા આપી) અને તે જ છે ઉચ્ચ મહાનતાવાળો" *(સૂ. સબા, ૩૪/૨૩)*

**આયત–૪ :–**

وَكَمْ مِّنْ مَّلَكٍ فِی السَّمٰوٰتِ لَا تُغْنِیْ شَفَاعَتُهُمْ شَیْـًٔا اِلَّا مِنْۢ بَعْدِ اَنْ یَّاْذَنَ اللّٰهُ لِمَنْ یَّشَآءُ وَیَرْضٰى ۝

"અને કેટલાય ફરિશ્તા છે આસ્માનોમાં કે તેમની સિફારિશ કાંઈ કામ નથી આવતી પણ જ્યારે કે અલ્લાહ ઈજાઝત આપી દે જેના માટે ચાહે અને પસંદ ફર્માવે." *(સૂ. નજ્મ, ૫૩/૨૬)*

જ્યારે ફરિશ્તા બારગાહે ઈલાહીમાં કુર્બ તથા મંઝિલત ધરાવે છે તેમ છતાં પણ કેવળ એના માટે શફાઅત કરશે જેના માટે અલ્લાહ તઆલાની મરજી હોય એટલે કે મો'મિન મુવહ્હિદના માટે તો જેઓ અલ્લાહથી દૂર અને તેના મુન્કિર છે તેમનાથી શફાઅતની ઉમ્મીદ રાખવી બેકાર છે.

આ કુર્આની આયતો એ બાબતની સાબિતી પૂરી પાડે છે કે શફાઅત હક્ક છે. અલ્લાહ તઆલા ક્યામતના દિવસે પોતાના પસંદીદા બંદાઓ, મો'મિનોની શફાઅતના માટે અનુમતિ (આજ્ઞા) આપશે, અને જ્યારે શફાઅત તેની અનુમતિથી (ઈઝ્નથી) થશે તો કબૂલ પણ ફર્માવશે.

**આયત–૫ :–**

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْۤا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِیْمًا ۝

"અને જ્યારે તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે તો હે મહબૂબ ! જો તે તમારી સમક્ષ હાજર થાય અને પછી અલ્લાહથી માફી ચાહે અને **રસૂલ તેમની શફાઅત કરે તો જરૂર અલ્લાહને ઘણો જ તૌબા કબૂલ કરનારો મહેરબાન પામશે."**

*(સૂ. નિસાઅ, ૪/૬૪)*

આ આયતે કરીમાથી જાણવા મળ્યું કે અલ્લાહની બારગાહમાં રસૂલુલ્લાહ ﷺનો વસીલો અને આપની શફાઅત મતલબ પૂર્ણ થવાનો ઝરીયો છે કે બીજાના માટે ઈસ્તિગફાર (માફીની માગણી) હકીકતમાં શફાઅત જ છે.

**આયત–૬ :–**

وَلَلْاٰخِرَةُ خَیْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى ۝ وَلَسَوْفَ یُعْطِیْكَ رَبُّكَ فَتَرْضٰى ۝

"અને બેશક ! પાછલી ઘડી તમારા માટે પહેલી ઘડી કરતાં બેહતર છે. અને બેશક ! નજીક છે કે તમારો રબ તમને એટલુ આપશે કે તમે રાજી થઈ જશો."

*(સૂ. દુહા, ૯૩/૪,૫)*

આ આયતે કરીમામાં ખુદાએ ઝુલજલાલે પોતાના પ્યારા રસૂલ સૈયદના અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺને બશારત આપી છે કે, હે મહબૂબ ! આપના માટે આખેરત દુનિયાથી બેહતર છે, કેમ કે આખેરતમાં અલ્લાહ તઆલા આપને શફાઅતનો મન્સબ (હોદ્દો) અતા કરશે પછી આપની શફાઅતને કબૂલ કરીને આપને રાજી કરી આપશે.

### ★ હદીષે નબવીથી આયતે કરીમાની તફસીર ★

જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ પોતાના બંને હાથ દુઆ માટે ઊંચા કર્યા અને અર્ઝ કરી : "હે અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી દે ! મારી ઉમ્મતને બખ્શી દે !" અને રડી પડયા. તો અલ્લાહે ફર્માવ્યું, હે જિબ્રઈલ ! મુહમ્મદ ﷺની પાસે જાવ અને અર્ઝ કરો કે આપના રડવાનો સબબ શું છે ? જ્યારે કે અલ્લાહ તઆલાને એનો સારી રીતે ઈલ્મ છે. તો હઝરત જિબ્રઈલે બારગાહે રિસાલતમાં હાજર થઈને રડવાનો સબબ પૂછયો અને રસૂલુલ્લાહ ﷺએ જે કાંઈ બતાવ્યું તેને અલ્લાહ عزوجلની બારગાહમાં રજૂ કરી આપ્યું. જ્યારે કે એને આનો સારી રીતે ઈલ્મ છે. તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, હે જિબ્રઈલ ! મુહમ્મદ(ﷺ)ની ખિદમતમાં જઈને મારો આ પયગામ પહોંચાડી દો કે, "હે મહબૂબ ! આપની ઉમ્મતની બખ્શિશના બારામાં અમે નજીકમાં તમને રાજી કરી દઈશું, અને આપને રંજમય થવા નહીં દઈએ." *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૩, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત)*

**આયત–૭ :–**

عَسٰۤی اَنۡ یَّبۡعَثَکَ رَبُّکَ مَقَامًا مَّحۡمُوۡدًا﴿۷۹﴾ "નજીક છે કે તમને તમારો રબ એવી જગાએ ઉભા કરે જ્યાં સૌ તમારી હમ્દ (પ્રશંસા) કરે." *(સૂ. ઈસ્રા, ૧૭/૭૯)*

આ આયતે કરીમામાં હુઝૂર સૈયદે આલમ ﷺને "મક઼ામે મહમૂદ" પર બિરાજમાન કરવાની બશારત આપવામાં આવી છે.

આ સહીહ હદીષથી સાબિત છે કે મકામે મહમૂદથી મુરાદ "શફાઅતનો મન્સબ (હોદ્દો)" છે. આ હદીષ આગળ આવી રહી છે.

### ★ મુબારક હદીષોથી શફાઅતના હોદ્દાની સાબિતી ★

**હદીષ–૧ :** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે. તે ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ક઼યામતના દિવસે આપની શફાઅતનો સૌથી વિશેષ હક઼દાર કોણ હશે ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ ! મને એ ગુમાન હતું કે આ હદીષના બારામાં તમારાથી પહેલાં કોઈ નહીં પૂછે, કેમ કે હું જાઉં છું કે તમે ઈલ્મે હદીષના લાલચુ છો. ક઼યામતના દિવસે મારી શફાઅતનો સૌથી વધુ હક્ક઼દાર તે હશે જેણે ખુલૂસ દિલથી لَا اِلٰہَ اِلَّا اللّٰہُ مُحَمَّدٌ رَّسُوۡلُ اللّٰہِ પઢયું હશે." *(સહીહ બુખારી, ૨/૯૭૨)*

મુસ્નદે અહમદ બિન હંબલમાં સરકાર ﷺનો જવાબ આ શબ્દોમાં છે : "મારી શફાઅત દરેક કલ્મા ગોના માટે છે જે સાચા દિલથી કલ્મો પઢે કે ઝબાનનું સમર્થન દિલ કરતુ હોય અને દિલનું સમર્થન જીભ કરતી હોય. *(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, પેજ–૭૫૮, હદીષ : ૧૦૭૨૪ તથા પેજ–૬૦૧, હદીષ : ૮૦૫૬, બયતુલ ઈફકારુદ્દવલિયા)*

**હદીષ–૨ :** હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારી رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મને પાંચ ખૂબીઓ એવી અતા થઈ કે મારાથી પહેલાં કોઈને અર્પણ ન

www.barkatekhwaja.net

થઈ...... એમનામાંથી એક એ છે કે, **મને શફાઅતનો હોદ્દો (મન્સબ) અતા કરવામાં આવ્યો.** *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૩, કિતાબુલ ઈમાન... મજલિસે બરકાત, મુબારકપુર, સહીહ બુખારી, ૨/૯૩૨, કિતાબુદઅવાત, સહીહ બુખારી, ૨/૧૧૨, કિતાબુત્તૌહીદ)*

**હદીષ–૩** : હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અકદસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, જન્નતના બારામાં સૌ પ્રથમ શફાઅત કરનાર હું છું અને અંબિયાના ગિરોહમાં મારા પેરોકાર (અનુસરણ કરનાર) સૌથી અધિક છે. *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૨, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત)*

આ હદીષોથી સાબિત થાય છે કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને પોતાની બારગાહના શફીઅ (શફાઅત કરનાર) બનાવ્યા છે.

**હદીષ–૪** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ પોતાના બંનેવ હાથ ઊંચા કરીને આ દુઆ કરી : "હે અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી દે ! હે અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી દે ! અને રડી પડયા." *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૩, કિતાબુલ ઈમાન.........મજલિસે બરકાત)*

આ હદીષ છટ્ટી આયતની તફસીરમાં વર્ણન પામી ચૂકી.

**હદીષ–૫** : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અકદસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે દરેક નબીના માટે એક મકબૂલ દુઆ છે. તો દરેક નબીએ પોતાની એ દુઆમાં જલ્દી કરી અને મેં એને બચાવીને રાખી. **મારી એ દુઆ કયામતના દિવસે મારી ઉમ્મતના માટે મારી શફાઅત છે.** તો એ શફાઅત ઈન્શા અલ્લાહ ! મારી ઉમ્મતની સર્વ એવી વ્યક્તિઓના માટે હશે જેઓ અલ્લાહની સાથે કાંઈ પણ શરીક નથી કરતા.

આ હદીષમાં ઈન્શા અલ્લાહ !નો ઉપયોગ તબર્રુકના રૂપે થયો છે. સાથે સાથે રબનો હુકમ :–

وَ لَا تَقُوْلَنَّ لِشَایْءٍ اِنِّیْ فَاعِلٌ ذٰلِكَ غَدًا ۙ اِلَّاۤ اَنْ یَّشَآءَ اللّٰهُ

(અને હે મહબૂબ ! કદાપિ કોઈ વાત ન કહેશો કે હું કાલે આવું કરીશ પણ "ઈન્શા અલ્લાહ !"ની સાથે. સૂ. કહફ, ૧૮/૨૩)ના પાલનનો પણ હેતુ છે. *(અલ્ મિન્હાજ શરએ સહીહ મુસ્લિમ બિન અલ્ હિજાઝ લિલ ઈમામિન્નવવી, ૧/૧૧૩, મજલિસે બરકાત)*

બીજી હદીષમાં છે : મેં મારી દુઆ કયામતના દિવસે મારી ઉમ્મતની શફાઅતના માટે રાખી દીધેલી છે. હઝરત કઅબે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہને કહ્યું, શું તમે જાતે પોતે હુઝૂરે અકદસ ﷺથી સાંભળ્યું ? હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ ફર્માવ્યું, હા ! (મેં ખુદ સાંભળ્યું છે.) *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૩, કિતાબુલ ઈમાન .......મજલિસે બરકાત) –(ક્રમશઃ)*

## જંબુસરમાં જશ્ને સંગે બુન્યાદ મદ્રસા ઈમામ અહમદ રઝા

**જંબુસર** : નૂરી તર્બિયતી સેન્ટર, સુન્ની દા'વતે ઈસ્લામી મર્કઝ જંબુસર ખાતે આઈશા મસ્જિદની બાજુમાં **"મદ્રસા ઈમામ અહમદ રઝા"**ની સંગે બુન્યાદનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો જેમાં **દાઈએ કબીર હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ દીની ઈલ્મની અહમિયત, ખાસ કરીને બાળકોને દીન અકીદા પર રાખવા દીની મક્તબોની અહમિયત વિશે સમજ આપી હતી. છેવટમાં હઝરતના હાથે સંગે બુન્યાદની રસ્મ અદા કરવામાં આવી હતી, છેવટમાં આવેલ મહેમાનો વગેરેને નિયાઝ જમાડવામાં આવી હતી. ત્યાર બાદ હઝરત મૌલાના શાકિર નૂરી સાહબ **નાપા (બોરસદ)** ખાતે રવાના થયા હતા જ્યાં રાતે ઈશા બાદ સુન્ની ઈજતેમામાં આપે શાનદાર બયાન કર્યું હતું.

## ઈસ્લામના મુજદ્દિદો વિશે વર્ણન

### બીજી સદીના મુજદ્દિદ ૧

# હઝરત ઈમામ મુહમ્મદ બિન ઈદરીસ શાફઈ رحمۃ اللہ علیہ

**(હિ.સ. ૧૫૦ થી ૨૦૪)**

*(કાર્યાલય)*

**નામ તથા વંશ :** નામ : મુહમ્મદ, કુન્નિયત : અબૂ અબ્દુલ્લા, લકબ : નાસિરુલ હદીષ છે. જદ્દએ આ'લા (જેનાથી ખાનદાન ચાલ્યુ) હઝરત શાફેઅ બિન સાઈબની તરફ નિસ્બત કરતાં આપને શાફઈ કહેવામાં આવે છે.

**પિતા તરફથી વંશવેલો :** મુહમ્મદ બિન ઈદરીસ બિન અબ્બાસ બિન ઉષ્માન બિન શાફેઅ બિન સાઈબ બિન ઓબૈદ બિન અબ્દે યઝીદ બિન હાશિમ બિન મુત્તલિબ બિન અબ્દે મુનાફ.

**માતા તરફથી વંશવેલો :** ફાતિમા બિન્તે અબ્દુલ્લાહ બિન હસન બિન હસન બિન અલી બિન અબૂ તાલિબ.

પરંતુ ખતીબ બગદાદી તથા કાઝી અયાઝે લખ્યુ છે કે આપનાં માતાનો સંબંધ કબીલા બનૂ અઝદથી હતો જેના બારામાં નબીએ અકરમ ﷺએ ફર્માવ્યું : الأزدجر ثومة العرب "અઝ્દ કબીલો અરબની અસ્લ છે." *(તારીખે બગદાદ, ૨/૫૮)*

ઈમામ ઝહબીએ લખ્યું છે : كانت ام الشافعي ازدية "ઈમામ શાફઈનાં વાલિદા અઝદ કબીલાથી હતાં." *(તારીખે ઝહબી, ૨/૩૦૭)*

**જન્મ મુબારક :** આપનો જન્મ હિ.સ. ૧૫૦માં ગાઝા સીરિયામાં થયો. એક કૌલ એ પણ છે કે અસ્કલાન શામ (સીરિયા)માં થયો. અમુક રિવાયતોમાં એ પણ આવેલ છે કે યમનમાં થયો. પરંતુ પ્રથમ કૌલ અધિક સહીહ છે. *(ઈબ્ને ખલ્કાન, ૨/૨૧૨)*

આપના જન્મ મુબારક પહેલાં આપનાં માતાએ એક ખ્વાબ જોયો કે કોઈ તારો તેમના શરીરમાંથી મિસરમાં પડયો જેની રોશનીથી સર્વ શહેરો રોશન થઈ ગયાં. તાબીરકર્તાઓએ એની તાબીર એ કરી કે આપના પેટથી એક અજોડ બાળકનો જન્મ થશે જેનો ઈલ્મ મિસરથી ઉઠીને સર્વ શહેરોમાં ફેલાય જશે. *(તારીખે ઝહબી, ૨/૩૭)*

**ખાનદાની પૃષ્ઠભૂમી :** આપના મૂળ પૂર્વજ દાદા સાઈબ બિન ઓબૈદુલ્લાહ رضی اللہ عنہ સહાબીએ રસૂલ હતા. આપે જંગે બદર પછી ઈસ્લામ કબૂલ કર્યો. ઈસ્લામ સ્વીકારનો બનાવ આ પ્રમાણે છે : આપ જંગે બદરમાં કાફિરો તરફથી બનૂ હાશિમના ઝંડાધારી હતા. એ જંગમાં મક્કાના કાફિરોએ હારની નામોશી વેઠવી પડી અને તેમના ઘણા બધા લોકો કેદી બનાવવામાં આવ્યા. હઝરત સાઈબ પણ એ કદીઓમાંથી એક હતા. આપે ખુદ પોતાની જાનનો ફિદિયો અદા કર્યો અને એના પછી ઈસ્લામની દોલતથી માલામાલ થઈ ગયા. જ્યારે આપને લોકોએ પૂછયું કે જો તમે ફિદિયો અદા કરતા પહેલાં જ ઈસ્લામ લઈ આવત તો આપની જાન તો બચી જ પણ આપનો માલ પણ બચી જાત, તો આપે એવું કેમ ન કર્યુ ? તો આપે જવાબ આપ્યો કે હું મુસલમાનોને એમના હક્કથી વંચિત કરવા ચાહતો ન હતો. *(તારીખે, ઝહબી, ૨/૫૮)*

**તા'લીમ તથા તર્બિયત :** જન્મ બાદ કે એના પહેલાં જ આપના માથેથી પિતાની કૃપાનો સાયો ઉઠી ચૂક્યો હતો. તા'લીમ તથા તર્બિયતની સર્વ જિમ્મેદારી માના માથે આવી પડી જેને તેમણે ખૂબ સારી રીતે નિભાવી. પ્રથમ તેણી આપને મક્કા મુકર્રમા લઈ

www.barkatekhwaja.net

ગયાં. એ વખતે આપની ઉમર બે વરસની હતી. પછી યમન લઈ ગયાં જ્યાં આપે બચપનનાં આઠ વરસો ગુજાર્યા અને તા'લીમી સફરની શરૂઆત કરી.

અહીંથી આપના તા'લીમી દૌરની શરૂઆત થાય છે. આપ બચપનથી જ ઈલ્મના ઘણા લાલચી હતા. જેમ કે ખુદાદાદ યાદશક્તિ અને ફિતરી ઝોક શોખના કારણે સાત વરસની ઉમરમાં કુર્આને પાક યાદ કરી લીધું. અને દસ વરસની ઉમર મોઅત્તા મોઢે યાદ કરી લીધી હતી. *(તારીખે બગદાદ, ૨/૬૩)*

જેમ કે તારીખે બગદાદમાં આપનો આ કૌલ નક્લ થયેલ છે : ''મેં સાત વરસની ઉમરમાં કુર્આન હિફઝ કર્યું અને દસ વરસની ઉમરમાં મોઅત્તા યાદ કરી.'' *(તારીખે બગદાદ, ૨/૬૩)*

બચપનથી જ ઈલ્મ પ્રાપ્તિનો ઘણો જ શોખ હતો. આપે ફર્માવ્યું, બચપનમાં મારું સર્વ ધ્યાન બે વાતો તરફ હતું, તીરંદાઝી તથા ઈલ્મ પ્રાપ્તિ, તીરંદાઝીમાં એટલી નિપૂણતા થઈ ગઈ હતી કે દસમાં દસે દસ નિશાનો સહી બેસતાં. *(તહઝીબુત્તહઝીબ, ૯/૯૪)*

વાલિદે ગિરામી (પિતા)ના વિસાલના કારણે આપ આર્થિક તંગીના શિકાર હતા, પરંતુ ગરીબી તથા મુફલિસી પણ આપના બુલંદ હોસલાને હરાવી ન શક્યાં. હસતે મોઢે મુસીબતોનો સામનો કર્યો અને પોતાનો તા'લીમી સફર ચાલુ રાખ્યો. નિરાશાને કદી આસપાસ ભટકવા પણ ન દીધી, જ્યારે કે શિક્ષકને આપવા માટે આપની પાસે ફી પણ ન હતી, અન્ય તલબાની જેમ તખ્તી વગેરે પણ ન હતાં. પરંતુ આપ હદીષો શીખતા પછી હાડકાંઓ પર લખતા અને યાદ કરી લેતા.

જેમ કે આપે ફર્માવ્યું, હું ઉલમાની મજલિસોમાં શરીક થતો તો હદીષો તથા મસાઈલ યાદ કરી લેતો. અમારું ઘર મક્કામાં શોઅબુલ ખૈફમાં હતું. હું હાડકાં ભેગાં કરતો અને એના પર હદીષો લખતો. અમારી પાસે જૂનો ઘડો હતો, જ્યારે હાડકાં વધી જતાં તો તેમને ઘડામાં રાખી દેતો. *(મનાકિબે અબૂ હાતિમદારી, પેજ–૨૪)*

પ્રતિકૂળ સંજોગો હોવા છતાં આપ ઈલ્મ પ્રાપ્તિમાં લાગેલા રહ્યા પોતાના દૌરના મહાન ફકીહો તથા મુહદિષોથી શાગિર્દીનો શરફ હાંસલ કરીને અસંખ્ય ઈલ્મો વિદ્યાઓમાં સમયના અજોડ બની ગયા.

**શયખો તથા ઉસ્તાદો :** મુસ્લિમ બિન ખાલિદ ઝંજી, માલિક બિન અનસ, ઈબ્રાહીમ બિન સઅદ, સઈદ બિન સાલેહ કૃદાહ, દિદાવરી, અબ્દુલ વહહાબ ષકૃફી, ઈબ્ને અલૈહ બિન ખાલિદ મખ્ઝૂમી, હિશામ બિન યૂસુફ સૃન્આની, ઈમામ મુહમ્મદ બિન હસન શયબાની વગેરે. *(તહઝીબુત્તહઝીબ, ૯/૨૩)*

ઉમ્મતના જે અકાબિરે (અગ્રેસરો) સામે શાગિર્દી અપનાવીને આપ ઈજતેહાદના દરજા પર બિરાજમાન થયા, આમ તો તે સૌ હઝરાત ઈલ્મના ક્ષિતિજના તારા હતા પરંતુ એ નૂરાની કાફલામાં હઝરત ઈમામ માલિક અને ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہا એવી હસ્તીઓ છે જેઓ ન કેવળ પોતાના દૌરમાં સમયના અજોડ હતા બલ્કે આજે પણ પોતાની અનહદ ઈલ્મી ખિદમતો અને તકવા તથા પરહેઝગારીની નિસ્બતથી ઝિંદા છે. આપે ઈમામ માલિક رحمۃ اللہ علیہના બારામાં ફર્માવ્યું, માલિક મારા ઉસ્તાદ તથા મુઅલ્લિમ છે. મેં ઈલ્મ તેમનાથી જ શીખ્યો. એમનાથી વધુ કોઈનુ મારા પર એહસાન નથી. મેં તેમને મારા તથા અલ્લાહના દરમિયાન હુજ્જત બનાવ્યા. *(અદ્દિબાજુઝ્ ઝહબ, પેજ–૨૨૮)*

ઈમામ મુહમ્મદના બારામાં ફર્માવ્યું, હું ઈમામ માલિક પછી ઈમામ મુહમ્મદના ઉસ્તાદ હોવાને સ્વીકારું છું. *(અખ્બારે અબી હનીફા વ અસ્હાબે સમીરી, પેજ–૪૨૪)*

એક જગાએ ફર્માવ્યું, મેં વધુ પેજ ૩૯ પર.

# સમાજની સુધારણા
# સમયની મહત્વની જરૂરત

અઝ : હઝરત મૌલાના અબ્દુલમુબીન નોઅમાની મિસ્બાહી

અનુવાદક : હાફિઝ ઉષ્માન સાહબ કોલવનવી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

પૈગંબરી યુગથી જમાનો જેમ જેમ દૂર થતો ગયો એની અંદર એટલી જ ખરાબીઓ આવતી ગઈ અને સમાજ બગડતો જ ગયો અને આજનો દૌર તો એ રીતે બુરાઈઓ અને ખરાબીઓનું મેદાન બની ગયો છે કે એનાથી પહેલાં એનું ઉદાહરણ મળવું મુશ્કેલ છે.

### ★ ખયરે ઉમ્મત કહેવાતી મુસ્લિમ કૌમની હાલત ★

આ બાબત બિલકુલ અફસોસજનક છે કે જે મુસ્લિમ કૌમ બીજાઓને સીધા રસ્તા પર લાવવા માટે અસ્તિત્વમાં આવી હતી આજે તે પણ બુરા અમલોમાં સપડાયેલી છે. એનું એક કારણ તો અજ્ઞાનતા છે અને બીજુ ઈસ્લામી શાનો શૌકતનું ન રહેવું પણ છે. જ્યાં સુધી આલિમો તથા મિલ્લતના વિદ્વાનોનો સવાલ છે તો તેઓ બરાબર તકરીર અને તેહરીરથી પોતાનો ફર્ઝ પૂરો કરતા રહ્યા છે અને આજે પણ કરે છે. પણ હકીકત એ છે કે આલિમોના કહેવા પર વધારે પડતા લોકો ધ્યાન જ નથી આપતા, અને જો અમુક લોકોએ ધ્યાન આપ્યું તો પણ એમની ગણત્રી દાળમાં મીઠાની જેમ ઘણી ઓછી છે. આજે પણ ઉમ્મતમાં એક ગણત્રી એવા લોકોની પણ છે જે પોતાના જ બુરા કામોનો એહસાસ કરીને ગુનાહોથી દૂર રહે છે અથવા તો આલિમો તથા મિલ્લતના વિદ્વાનોનો આદેશ કબૂલ કરીને ખોટા રસ્મો રિવાજોથી દૂર રહે છે. હા ! અમુક ખોટી વિચારધારાના લોકો પણ હોય છે કે જે માત્ર નસીહત કબૂલ કરવાના બદલે નસીહત કરવાવાળાઓ પર નારાજ થઈને ગુસ્સો ઉતારે છે. આ ગુનો એટલો મોટો છે કે એ ભૂલોથી કાંઈક વધારે મોટો છે, જેના પર એમને ચેતવણી આપવામાં આવે છે. કેમ કે, ગુનો તો ગુનો જ હોય છે. એના પર અડગ રહેવું અને રોકવાવાળાઓને બુરા સમજવું ગુનાહની સાથે બગાવત પણ છે અને વિદ્રોહીઓનું પરિણામ ઘણુ ખરાબ હોય છે.

### ★ સરકશી (નાફર્માની) તથા હઠધર્મી કરનારાઓનો અંજામ ★

સરકશીનું બીજુ નામ એ પણ થાય છે કે સરકશ પોતાના ગુનાહથી જલ્દી તૌબા નથી કરતો અને જીદના કારણે એના પર અડગ રહે છે. એવા લોકો સાંભળી લે કે અલ્લાહ તઆલાને સરકશો (નાફર્માનો) પસંદ નથી.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

تَعْتَدُوْا ۭ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ "બેશક ! અલ્લાહ પસંદ નથી રાખતો હદથી વધનારાઓને."

*(સૂરએ બકરહ, ૨/૧૯૦)*

અને ફર્માવે છે : "હુકમ થશે (ફરિશ્તાઓને) તમે દરેક મહાન નાશુક્રા હઠધર્મને જહન્નમમાં નાખી દો." (સૂરએ કાફ, ૫૦/૨૪) તો જે લોકો નસીહત અને ઈસ્લાહની વાતો પર ધ્યાન નથી આપતા અને ઈસ્લાહ કરવાવાળાઓનો શુક્રિયા અદા કરવાના બદલામાં હઠધર્મી અને સરકશી માટે તૈયાર થઈ જાય છે અને નસીહત કરવાવાળા પર અત્યાચાર કરે છે, એ પોતાનો અંજામ માલૂમ કરી લે કે કયામતના દિવસે ફરિશ્તાઓને હુકમ થશે કે એવા લોકોને જહન્નમમાં નાખી દે. માટે માણસે ગુનાહ કરતી વખતે વિચારવું જોઈએ કે અલ્લાહના અઝાબ અને એના બુરા અંજામથી ડરે, જીદ અને હઠધર્મી ન કરે, કેમ કે એનો

www.barkatekhwaja.net

અંજામ ઘણો જ ખતરનાક છે હા ! ડરવા અને શર્મિંદા થવાવાળાઓને તો તૌબાની તૌફીક઼ મળે છે પણ જિદ્દી અને સરકશને ઘણી ઓછી તૌબાની તૌફીક મળે છે. એટલે અમારા એ ભાઈઓએ વિચારવું જોઈએ કે જે (ખરાબ) બુરા રિવાજોમાં વ્યસ્ત થઈને જિંદગી ગુજારે છે તેઓ જલ્દીથી તૌબા કરી લે અને દીનના આલિમો જે એમના દુશ્મન નથી પણ દોસ્ત અને શુભચિંતક છે એમની ઈસ્લાહી કોશિશોને આવકારે, નહીં તો શર્મિંદગી અને બદ્નામી માટે જરૂર તૈયાર થઈ જાય.

## ★ સમાજ સુધારણા માટે સમાજના બાઅષર લોકો ધ્યાન આપે ★

ઈસ્લાહી કોશિશોને ક઼બૂલ કરવાનો જઝબો આપણા ભાઈઓમાં કેવી રીતે જાગૃત થશે ? આ વાત વિચારવાની છે. અલ્લાહ તૌફીક઼ આપે તો ઘણુ સહેલુ છે, નહીં તો આપણે પોતાની કોશિશોને ચાલુ રાખવી જ જોઈએ. એમાં આલિમો સાથે ક઼ૌમના બાઅષર લોકો પણ ભરપૂર ધ્યાન આપે તો કામ ઘણુ જ સરળ થઈ શકે છે. આલિમો તો એક મુદ્દતથી હરામ અને નાજાઈઝ કામ અને ખોટા રિવાજોના વિરુદ્ધ કલમી અને ઝબાનથી જેહાદ કરી રહ્યા છે. પણ એમના અવાજ પર વધારે પડતા લોકો ધ્યાન નથી આપતા. હા ! જો આપણા બાઅષર લોકો સાથ આપે અને પ્રયત્નો કરે તો સફળતાની વધારે અપેક્ષા છે. દીનથી દૂર થયેલ લોકોને સુધારવા માટે આપણી પાસે કોઈ તાકત નથી જેનો ઉપયોગ કરી શકીએ. તકરીરો, નસીહત અને અખ્લાક઼ી દબાણના સિવાય આપણે શું કરી શકીએ ? આ સિલસિલામાં જે લોકો જાગૃત છે એમણે પોતાના વર્તુળમાં દીનની તબ્લીગનું કામ કરતા રહેવું જોઈએ કે નેકીનો આદેશ કરવો અને બુરાઈઓથી રોકવું ઈલ્મ પ્રાપ્ત કર્યા પછી દરેક મુસલમાન મર્દ, સ્ત્રી પર પોતાની ક્ષમતા મુજબ ફર્ઝ છે.

ખલીફએ આ'લા હઝરત સદરુશ્શરીઅહ્ અલ્લામા મુફતી મુહમ્મદ અમજદ અલી આ'ઝમી રઝવી عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانْ ફર્માવે છે : ''અમ્ર બિલ મા'રૂફ'' એ છે કે કોઈને સારી વાતનો આદેશ કરવો, જેમ કે કોઈને નમાઝ પઢવા માટે કહેવું, અને ''નહી અનિલ મુન્કર''નો મતલબ એ છે કે બુરી વાતોથી રોકવું, આ બંનેવ ચીજો ફર્ઝ છે. કુર્આન મજીદમાં ઈર્શાદ ફર્માવ્યો છે :–

كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ تَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَ تَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَ تُؤْمِنُوْنَ بِاللّٰهِ ؕ

''તમે શ્રેષ્ઠ છો તે બધી ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ કરો છો અને બુરાઈથી મના કરો છો અને અલ્લાહ પર ઈમાન ધરાવો છે.''

*(સૂરએ આલે ઈમરાન, ૩/૧૧૦)*

## ★ જાહિલોના કાઢેલા કુરિવાજો એહલે સુન્નતમાં છે જ નથી ! ★

હદીષોમાં એની ઘણી જ તાકીદ કરવામાં આવી છે અને તેના વિરુદ્ધ કરવાની (એટલે આ જિમ્મેદારીથી ગફલત કરવા પર) બુરાઈ વર્ણવી છે.

*(બહારે શરીઅત, ભાગ : ૧૬, પેજ : ૨૧૯, ૨૨૨)*

આપણા દરમ્યાન એક એવો તબકો (વર્ગ) પણ છે જે ખરાબીઓને દૂર કરવાની કોશિશ કરવાના બદલે ખરાબીઓ શોધવામાં રહે છે. અને હમેશાં પબ્લિકની ભૂલો અને નાજાઈઝ અને ખોટા રિવાજોને સુન્ની આલિમોના માથે મૂકી દે છે અને એમને આપણા મસ્લકે હક઼્ક઼ની નિશાની ઠરાવવામાં લાગી ગયા છે, જ્યારે કે આપણા ઉચ્ચ કોટીના આલિમો આ વાતની બરાબર સ્પષ્ટતા કરતા ચાલ્યા આવ્યા છે કે આ રિવાજો આપણા મસ્લકની વિરુદ્ધ છે, આપણા મસ્લક એહલે સુન્નત વ જમાઅતથી એમને કોઈ

www.barkatekhwaja.net

રિશ્તો જ નથી. બાકી રહ્યો આ મામલો કે જે લોકો ખોટા રિવાજો પર ચાલી રહ્યા છે અને મુસલમાન છે, મુર્તદ અને કાફિર નથી થયા તો જે પણ જમાઅત (ગૃપ) પોતાને મુસલમાન કહે છે તો એ પણ એ બુરા (ખરાબ) અમલોના જિમ્મેદાર છે અને બધાની જ જિમ્મેદારી બને છે કે એ ખોટી રસ્મો (રિવાજો)ને એઅ્તેદાલથી ના'બૂદ કરે.

## ★ શિર્ક નથી તેને શિર્ક કહેનારનો અંજામ ! ★

એઅ્તેદાલનો મતલબ એ છે કે જે બુરાઈ જે દરજાની હોય એના પર એ જ દરજાનો હુકમ લગાડવામાં આવે. જે નાજાઈઝ છે એને નાજાઈઝ કહેવામાં આવે અને જે હરામ છે એને હરામ કહેવામાં આવે અને જો ખરેખર કોઈ અમલ શિર્કનો હુકમ ધરાવે છે તો તેને શિર્ક કહેવામાં આવે અને શિર્કની ખરાબી સારી રીતે જાહેર કરવામાં આવે. અને **જે અમલ શિર્ક ન હોય એને શિર્ક કહેવાનો અર્થ એ થયો કે જે મુસલમાન છે એને મુશ્રિક અને કાફિર કહેવામાં આવ્યો જે પોતે ખૂબ જ મોટો ગુનો છે** તો આ કઈ અકલમંદી છે કે કોઈને ગુનાથી બચાવવાના બદલામાં પોતે જ એનાથી મોટો ગુનો કરી લેવામાં આવે ! અને એનું નામ ઈસ્લાહ રાખવામાં આવે. દારૂ, જૂગાર હરામ હોવા પર તો બધા સહમત છે, તો આ બુરાઈઓ (ગુનાહ)ને બધા મળીને કેમ ખત્મ નથી કરતા જ્યારે કે આ તો બધાની જિમ્મેદારી છે. આનાથી ખબર પડે છે કે બુરાઈઓ દૂર કરવું મક્સદ નથી, બસ ! સુન્નીઓને બદ્નામ કરવુ અસલ મક્સદ છે.

હવે નીચે જણાવેલ મુદ્દાઓ પર આપણે સમાજના ખોટા રિવાજો અને રસ્મો ઉપર ચર્ચા કરીએ કે જેથી સમાજ સુધારણા થઈ શકે.

**(૧) તા'ઝિયાદારી અને એની હકીકત :** તા'ઝિયાના બારામાં કહેવામાં આવે છે કે તૈમૂર લંગ બાદશાહે એને રિવાજ આપ્યો. તે દર વર્ષે કરબલા જતો હતો. એક વર્ષે કોઈ કારણોસર ન ગયો તો એણે રોઝએ ઈમામ આલી મક઼ામ સૈયદના હુસૈન શહીદે કરબલા رضی اللہ عنہના રોઝા મુબારકની નકલ બનાવી એટલા માટે કે એને જોઈને ચૈન સુકૂન મળે અને ઈમામ હુસૈનની યાદ તાજી થાય.

જાહેર છે કે આ રીતના નક્શાઓ બનાવવા શરીઅતમાં મના તથા નાજાઈઝ નથી. પૂરી દુનિયાના મુસલમાનો વર્ષોથી રોઝએ રસૂલ અને કા'બા શરીફના નક્શા બનાવી એનો અદબ કરે છે અને યાદગાર રૂપે ઘરો, દુકાનોમાં રાખે છે. એ જ પ્રમાણે અમુક બુઝુર્ગોના મઝારો અને કુબ્રોના નક્શા પણ બનાવાયા અને બનાવાય છે. પણ વાત ખરાબ એ સમયે થાય છે જ્યારે ઈમામના રોઝાના નક્શાની સાથે ભિન્ન ભિન્ન બિદઅતો તથા ખરાબીઓ અને અમુક ખોટા એઅ્તેકાદ (માન્યતાઓ) થવા લાગ્યા છે. જેવી રીતે કે ધૂમ ધડાકા અને વાજિંત્રોની સાથે ઈમામ હુસૈનના રોઝા મુબારકનો તવાફ કરવો અને અમુક જગ્યાઓ પર તો ડાન્સ પણ થવા લાગ્યો છે ! એ જ પ્રમાણે તમાશો જોવાની હૈસિયતથી તા'ઝિયાઓના જુલૂસમાં બેપર્દા સ્ત્રીઓની ભીડ ભાડ, બનાવટી કુબ્રોને ઈમામની કુબ્ર સમજીને એની તા'ઝીમ કરવી, તા'ઝિયા અથવા ઈમામ ચોક બનાવીને તવાફ કરવા, તા'ઝિયાથી મન્નતો માગવી, વાંદરા, ઘોડા, કબૂતર વગેરેનાં ચિત્રો અથવા પૂતળાં બનાવીને એમની સાથે જાત જાતના ખયાલો જોડવા, અથવા તો એ બધાને ઈજ્જત અને એહતેરામની સાથે ફેરવવા વગેરે એવું વાહિયાત છે કે જેનો દીન અને શરીઅતથી કોઈ સંબંધ નથી. આ બધુ કામ નાજાઈઝ અને હરામ છે, જેના ઉપર પ્રતિબંધ જરૂરી છે. ક્યાંક ક્યાંક તો તા'ઝિયાની

સાથે નૌહા, માતમ પણ થાય છે જે હદીષથી નાજાઈઝ અને રાફઝીઓનું કામ છે. છાટી કૂટવું, ગરદન ફાડવી, માથા પર માટી ઉડાડવી એ પણ નાજાઈઝ છે. હા ! બસ એહલે બૈતે અત્હાર અને ઈમામ આલી મક઼ામ رِضْوَانُ اللهِ تَعَالىٰ عَلَيْهِمْ اَجْمَعِيْنَની સીરત અને સાચા વાકેઆ પર આધારિત શહાદતનામુ, નઅત, તકરીર રૂપે હોય તો એને પઢવામાં કોઈ વાંધો નથી. હા ! શહાદતના વાકેઆ સાંભળતા સમયે જો કોઈની આંખ જાતે જ ભીની થઈ જાય તો એમાં કોઈ વાંધો નથી, કે જે કામ બેખુદીમાં જાહેર થાય છે તેના પર હુકમ નથી, અને કેવળ અશ્રુમય થવુ શરીઅતમાં કોઈ નાજાઈઝ કામ પણ નથી જ્યારે કે એ રિયાકારીથી સાફ હોય.

વર્તમાન તા'ઝિયાદારી જેનો એક નક્શો આગળ રજૂ કરવામાં આવ્યો. આ ક્યારથી ચાલુ થઈ એનો ઈતિહાસ તો ખબર નથી, પણ એવું લાગે છે કે આ બધા વાહિયાત કામો માત્ર ૨૦૦ થી ૩૦૦ વર્ષ જૂનાં હોઈ શકે છે. આપણે તેની વધારે શોધ કરવાની પણ જરૂર નથી, પણ આ હક્ક઼ અને સાચુ છે કે આ વાહિયાત કામોને સુન્ની આલિમોએ પહેલાથી રોકવાનું જરૂરી સમજ્યું અને રોકવાની કોશિશ પણ કરી. હઝરત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પછી એમના શાગિર્દો ખાતિમુલ અકાબિર હઝરત મૌલાના સૈયદ શાહ આલે રસૂલ મારેહરવી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُના પૌત્ર હઝરત મૌલાના સૈયદ શાહ અબુલહુસૈન અહમદ નૂરી મારેહરવી رحمۃ اللہ علیہએ આ રિવાજોના વિરુદ્ધ સિરાજુલ અવારિફમાં કલમ ઉઠાવી છે. પછી હુઝૂર સૈયદના આલે રસૂલ અહમદી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُના મુરીદ અને ખલીફા (અને ખલીફા નૂરી મિયાં), આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ અને એમના ખલીફા સદરુશ્શરીઅહ્ મૌલાના અમજદ અલી આ'ઝમી (લેખક : બહારે શરીઅત) رحمۃ اللہ علیہએ અને ત્યાર બાદ હકીમુલ ઉમ્મત હઝરત અલ્લામા મુફ્તી અહમદ યારખાં નઈમી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ વગેરે એહલે સુન્નતના આલિમોએ પોત પોતાના લખાણોમાં તા'ઝિયાની ખરાબીઓ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો છે. હઝરત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہનો એક સંપૂર્ણ રિસાલો છે : ''રિસાલાએ તા'ઝિયાદારી'' જેમાં તા'ઝિયાને લગતી બધી જ ખરાબીઓનો ખૂબ જ રદ કર્યો છે. તેના સિવાય ઘણી બધી કિતાબ આજે પણ સતત પ્રસિદ્ધ થઈ રહી છે. તા'ઝિયા કરવાવાળા લોકોએ કિતાબોને પઢતા જ નથી ! અથવા પઢે છે પણ માનવા તૈયાર જ નથી. મુહર્રમના મહિનામાં શહાદતના બયાનમાં પણ આલિમો ખરાબીઓને રોકવાની કોશિશ કરે છે. તેના સિવાય બીજો શું ઉપાય કરી શકીએ ?!

એક કિતાબ ''મરાસિમે મુહર્રમ''ના નામથી ઘણી ફાયદામંદ છે (તેમજ ગુજરાતીમાં ''મુહર્રમમાં શું જાઈઝ શું નાજાઈઝ'' કિતાબ ''દયાદરા''થી પ્રસિધ્ધ થઈ છે) એને મંગાવી તા'ઝિયાદાર લોકોમાં વહેંચવી જોઈએ, શક્ય છે અભ્યાસ પછી કોઈ આ ગુમરાહીભરી ખુરાફાત (ખરાબીઓ)થી તૌબા કરી લે.

**(૨) મઝારો પર સ્ત્રીઓના જવાના નુકસાનો** : ઔલિયા અને મુસલમાનોની ક઼બ્રો પર સ્ત્રીઓને જવાના બારામાં જૂના જમાનાથી ઓલમાએ કિરામમાં મતભેદ રહ્યો છે. અમુક આલિમો જાઈઝ ઠરાવ છે. **જો કે આ જાઈઝ ઠરાવવાવાળા ઘણી બધી શરતો લગાડે છે કે જેને પૂરી કરવા વિશે આજની સ્ત્રીઓથી ઉમ્મીદ નથી. એ તો બધી જ હદોને તોડીને જવા માગે છે. અને ત્યાં મનોરંજન પણ કરે છે. પર્દા વગર અને રસ્તાઓ પર જ્યાં રોકાય છે ત્યાં ખૂબ જ બેહયાઈનું પ્રદર્શન કરે છે.**

આપણા ભરોસાપાત્ર મહાન આલિમોએ બેપર્દગી તથા બેહયાઈના વિરુદ્ધ પણ ભરપૂર કલમ ચલાવી છે. ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી قدس سرہએ તો આ ટોપિક ઉપર પુસ્તિકાઓ લખી છે. એકનું નામ "મઝારો પર સ્ત્રીઓની હાજરી" અને બીજી કિતાબનું નામ જે "ઈસ્લામી પર્દા"ના નામથી મશહૂર છે. ફતાવા રઝવિય્યહમાં પણ અલગ અલગ જગ્યાએ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ક઼બ્રો પર સ્ત્રીઓની હાજરીને નાજાઈઝ લખ્યું છે.

એક જગ્યાએ લખે છે કે, ઈમામ કાઝીથી પૂછવામાં આવ્યું કે, "સ્ત્રીઓને ક઼બ્રો પર જવુ જાઈઝ છે કે નહીં ? ફર્માવ્યું, આવી જગ્યાએ જાઈઝ અને નાજાઈઝ પૂછવામાં નથી આવતુ, એવું પૂછો કે એમાં સ્ત્રીઓ પર કેટલી લા'નત વરસે છે ?! જ્યારે ઘરેથી ક઼બ્રની તરફ જવાનો ઈરાદો કરે છે ત્યારે અલ્લાહ અને ફરિશ્તાઓની લા'નતમાં હોય છે. જ્યારે ઘરેથી બહાર નીકળે છે તો ચો તરફથી શૈતાનો ઘેરી લે છે, જ્યારે ક઼બ્ર સુધી પહોંચે છે તો મૈયતની રૂહ એના પર લા'નત કરે છે. જ્યારે પરત થાય છે તો અલ્લાહની લા'નતમાં હોય છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૧૭૩)*

ખલીફએ આ'લા હઝરત સદરુશ્શરીઅહ્ અલ્લામા અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہ ફર્માવે છે : અસ્લમ એટલે (વધારે સલામતીવાળો રસ્તો) એ છે કે સ્ત્રીઓ (જવાન, ઘરડી) બધાને જ રોકવામાં આવે કે પોતાના સંબંધીઓની ક઼બ્રોની ઝિયારતમાં તો સોગ કરશે અને આ મમનૂઅ (મના) છે અને બુઝુર્ગોની ક઼બ્રો પર તા'ઝીમમાં હદથી વધારે આગળ વધી જશે અથવા બેઅદબી કરશે કે સ્ત્રીઓમાં આ વાતો વધારે જોવામાં આવે છે. *(બહારે શરીઅત, ૪/૧૬૧)*

જોયું તમે ! આ છે ઈમામ અહમદ રઝા મોહદ્દિષે બરેલ્વી قدس سرہનો ઈર્શાદ અને એમનો મસ્લક ! ત્યાર પછી પણ કોઈ ક઼બ્રો પર સ્ત્રીઓની હાજરીને જાઈઝ હોવાનો આક્ષેપ સુન્ની આલિમો અથવા આ'લા હઝરત પર લગાડે તો તે કેટલુ ખોટુ છે !!

**(૩) ક઼બ્ર પર અગરબત્તી સળગાવવું કેવું છે ? :** ક઼બ્રની ઉપર વચ્ચે તો અગરબત્તી અને મીણબત્તી સળગાવવી જ ન જોઈએ, હા ! તેનાથી દૂર સળગાવી શકાય છે, જ્યારે કે રોશની અને ખુશ્બુની જરૂરત હોય. પણ જ્યાં કોઈ રહેવાવાળુ અથવા લોકોની અવરજવર ન હોય, અને ક઼બ્ર ન રસ્તાના કિનારા ઉપર પણ હોય કે જેથી આવવા જવાવાળા લોકોને એની જરૂરત પડે તો એવી ક઼બ્ર અથવા મઝાર ઉપર ન રોશનીની જરૂરત છે ન ખુશ્બુની, કેમ કે રોશની અથવા ખુશ્બુથી મઝારાત અથવા ક઼બ્રોમાં જે લોકો દફન થયા છે એમને તો કોઈ ફાયદો મળવાનો જ નથી અને બીજુ કે જીવંત લોકો પણ જે ત્યાં હાજર જ નથી કે જરૂરત હોય, જેથી આ ફુઝૂલખર્ચી અને નાજાઈઝ છે.

જાહિલ લોકો સમજે છે કે ક઼બ્રો પર જરૂરત વિના રોશની કરવી, ખુશ્બુ લગાડવી એ પણ સવાબનું કામ છે, જ્યારે કે શરીઅતમાં એની કોઈ દલીલ નથી. હા ! જાહિલોનું કામ છે. આનાથી અમારો મસ્લક પાક છે. હા ! જે ઔલિયાના મઝારો પર લોકો બરાબર આવતા જતા હોય ત્યાં મીણબત્તી અથવા કોઈ ચિરાગ સળગાવી શકાય છે, એ જ પ્રમાણે ખુશ્બુની વ્યવસ્થા પણ કરી શકાય છે તે એટલા માટે કે આવવા જવાવાળાઓના દિલમાં ખુશી ઉદ્ભવે કે મુસલમાનના દિલને ખુશ કરવું પણ સદક઼ો અને સવાબ છે. ખુશ્બુ અને રોશનીના કારણે આવવાવાળાઓને બીક (ડર) પણ નહીં લાગે, બલ્કે એમને હુંફ (લગાવ) હાંસલ થશે. અને જો મઝાર અલ્લાહના વલીનું છે તો એની અઝમત અને શાન દેખાડવા માટે પણ રોશની કરી શકાય છે કે જેથી લોકોના દિલમાં એમની અઝમત બેસે અને લોકો બરકતો હાસિલ કરે. અને જ્યાં

લોકોની અવરજવર વધારે હોય ત્યાં પણ મધ્યમ રીતે માપસરની રીતે અગરબત્તી વગેરે સળગાવવામાં આવે. કેટલાક મઝારો પર એ રીતે લોબાન આપવામાં આવે છે કે ત્યાં ઉભા રહી ફાતિહા પઢવા મુશ્કેલ થઈ જાય છે, જેથી એ જરૂર ફુઝુલખર્ચી છે અને લોકોને તકલીફ પહોંચાડવી પણ છે, જે વલીઓના મઝારો પર આવે છે એમને ગભરાહટમાં નાખીને ભગાડવું કયું સવાબનું કામ છે ? આવી હરકતોથી પણ બચવું જરૂરી છે અને ફુઝૂલખર્ચી બિલકુલ નાજાઈઝ છે.

**(૪) મઝારને સજદો કરવો અને ક઼બ્રનો તવાફ કરવો કેવું છે ? :** મઝારાતે ઔલિયા અથવા કોઈ પણ ક઼બ્ર પર જઈને સજદો કરવો હરામ છે અને જો ઈબાદતની નિય્યતથી હોય તો યક઼ીનન કુફ્ર પણ છે, જેનાથી બચવું વાજિબ છે. અને તા'ઝીમની નિય્યતથી મઝારોનો તવાફ જાઈઝ નથી, હા ! એને કુફ્ર અને શિર્ક પણ નથી કહી શક્તા કે શરીઅતમાં એની કોઈ દલીલ નથી, અને દલીલ વગર કોઈ કામને કુફ્ર અથવા શિર્ક કહેવું ઘણો મોટો ગુનો છે.

**(૫) વાજિંત્રો સાથે જુલૂસ અને ચાદર :** અમુક જગ્યાઓ પર અલ્લાહના વલીઓની ચાદરપોશીથી પહેલાં સાઉન્ડ અને બેન્ડ, વાજિંત્રો સાથે ચાદરના ચક્કર અને એમાં મર્દોની સાથે સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે જે નાજાઈઝ છે.

**(૬) જુલૂસમાં સ્ત્રીઓનો સમાવેશ :** સ્ત્રીઓને બેપર્દા જરૂરત વગર નીકળવું જ નાજાઈઝ છે, તદ્ઉપરાંત મેહફિલમાં પુરૂષો સાથે ભેગા થવુ જેની શરીઅતમાં બિલકુલ ગુંજાઈશ નથી. હદીષ શરીફમાં છે કે સ્ત્રી પર્દાની વસ્તુ છે, જ્યારે તે (પર્દા વગર) નીકળે છે તો શૈતાન એને તાકે છે. *(તિર્મિઝી શરીફ, ૧/૧૪૦, મજલિસે બરકાત, અશરફિયા–મુબારકપુર)*

દીનદાર અને અલ્લાહ અને રસૂલુલ્લાહ ﷺથી ડરવાવાળી સ્ત્રીઓ માટે આ એક હદીષ પૂરતી છે. **કાશ ! આપણી ઈસ્લામી માઓ બહેનો એને ધ્યાનથી પઢે અને પોતાના અમલોનું નિરીક્ષણ કરે અને વિચારે કે હું વિના જરૂરત પર્દા વગર નીકળીને કોને ખુશ કરું છું ?! અલ્લાહ ﷻ અને એના રસૂલ ﷺને કે પછી શૈતાનને ?! અલ્લાહ તઆલા ઈસ્લામી બહેનોને દીન સમજવાની અને દીન પર અમલ કરવાની તૌફીક઼ આપે.** (આમીન)

**(૭) રાતભરના પ્રોગ્રામો (જલ્સા)** અડધી રાત સુધી જલ્સા અને મેહફિલો ચલાવવી બિલકુલ નમાઝોને ક઼ઝા થવાનું કારણ બની જાય છે. જ્યારે કે દીની જલ્સા અને ભલાઈની મેહફિલો પછી તો માણસે અધિક રીતે વધારે નમાઝનું પાબંદ થવું જોઈએ, એટલા માટે અડધી રાત્રી સુધી એ મેહફિલોને ચાલુ રાખવી બિલકુલ યોગ્ય નથી. અને જો આખી રાત જલ્સા કર્યા પછી લોકોને ફજરની નમાઝ પઢવા માટે રોકવામાં આવે તો કોઈ વાંધો નથી જેના પર બધા જ દીનદાર ઓલમા અને મશાઈખ સહમત છે. ઘણી મેહફિલોમાં એના પર વિચારણા થાય છે, એના ઉપર રોક લગાડવાની વાત કરવામાં આવે છે પણ અમલ નથી થતો. અને વધારે અફસોસ તો એ સમયે થાય છે જ્યારે ફજરની અઝાનના સમયે જલ્સો પૂર્ણ થાય છે અને મસ્જિદોમાં અમુક એકદ બેકદ લોકો જ નમાઝમાં નજર આવે છે અને બીજા આયોજન કરવાવાળા અને મુકર્રિરો લિફાફા અને ટ્રેનોની ફિક્રમાં પહેલાથી જ નમાઝને છોડી દે છે, જેની બુરાઈ ધોળા દિવસની જેમ રોશન છે.

**કૂંડાની ફાતિહા અને ગૈર જરૂરી બાબતોથી વ્યવસ્થા :** કૂંડાની ફાતિહામાં જે બિનજરૂરી પાબંદીઓ કેટલાક જાહિલોએ લગાડી રાખે છે તે તદ્દન ગૈર શરઈ અને બિનજરૂરી છે. **કૂંડાની ફાતિહા પણ**

www.barkatekhwaja.net

**અન્ય ફાતિહાની જેમ છે.** ''જ્યાં પાકે ત્યાં ખાવામાં આવે, અને નવી હાંડલી નવો ચૂલો વગેરે'' બાબતોનો શરીઅતમાં ક્યાંય હુકમ નથી. હા ! ફાતિહાના સામાન માટે જેટલા પ્રમાણમાં વ્યવસ્થા થઈ શકે એ સારુ છે અને એ દરેક ફાતિહા માટે બેહતર છે ન કે કેવળ કૂંડાની ફાતિહા માટે.

## ★ ખરાબીઓની સુધારણા માટે અમુક તજવીઝો ★

હવે એ ખરાબીઓની સુધારણા માટે અમુક તજવીઝો પણ રજૂ કરીએ છીએ. જો એના ઉપર અમલ કરવામાં આવશે તો ઉમ્મીદ છે કે સમાજની બુરાઈઓમાં ઘણો સુધારો થઈ શકે છે :–

**૦૧.** આલિમો અને મુકર્રિરો નાના, મોટા જલ્સાઓ અને કોન્ફન્સમાં સમાજમાં ફેલાવાયેલા ખોટા રિવાજોના વિરુદ્ધ વારંવાર અવાજ ઉઠાવે છે, અને બયાનનો અંદાજ કડવો ન હોય પણ નરમ અને દા'વત આપવાના રૂપે હોય કે એનાથી સારુ પરિણામ આવશે. ઈન્શાઅલ્લાહ !

**૦૨.** મસ્જિદોના ઈમામો જુમ્આની તક્રીરોમાં જો ક્યારેક ક્યારેક સમાજની ખરાબીઓ પર ધ્યાન આપે અને એને સુધારવાની કોશિશ કરે તો એનાથી પણ વધારે સારુ પરિણામ સામે આવવાની ઉમ્મીદ છે. અમુક ઈમામો એના પર અમલ કરે છે અને એનાં સારાં પરિણામો પણ સામે આવે છે, અધિક ધ્યાન આપવાની જરૂરત છે.

**૦૩.** મુહર્રમના દસ દિવસમાં દરરોજ બયાનોનો બંદોબસ્ત કરવામાં આવે તો ફઝાઈલ અને મનાક઼િબ, સહાબાના તથા એહલે બૈતના બનાવોની સાથો સાથ સમાજ સુધારણા પર ધ્યાન આપી શકાય છે. દસ દિવસ મેહફિલમાં પરેશાની હોય તો કમસે કમ દસમી મુહર્રમના દિવસે જરૂર શહાદતનું ઝિક્ર કરવામાં આવે અને આલિમોથી મુહર્રમના ખોટા રિવાજોના વિરુદ્ધ બયાન કરવાનું કહેવામાં આવે અને આ મેહફિલ દરરોજ કેવળ બે કલાક સુધી રાખવામાં આવે, જેમ કે ઈશાની નમાઝ પછી ૮ અથવા ૯ થી વધારેમાં વધારે ૧૧ વાગ્યા સુધી.

**૦૪.** એવી પુસ્તિકાઓ જે સમાજ સુધારણા ઉપર લખાયેલી હોય એમને હિંદી, અંગ્રેજી અને બીજી વિવિધ જે તે ઈલાકાની ભાષામાં પ્રસિદ્ધ કરી ઘર, ઘર સુધી મફ્ત પહોંચાડવામાં આવે તો તકરીરોના મુક઼ાબલામાં એનાથી કાંઈક વધારે ફાયદો થશે.

**૦૫.** તા'ઝિયાનું આયોજન કરનાર જે જિમ્મેદાર લોકો છે એમનાથી મળીને ગંભીરતાથી સમજાવવામાં આવે કે જે કામ શરીઅતમાં નાજાઈઝ છે એને છોડી દેવામાં જ ભલાઈ છે, એ ખોટા કામોથી ક઼ૌમ બદ્નામ પણ થાય છે અને બીજી ક઼ૌમ આપણી એ નાજાઈઝ હરકતો પર હસે છે જેના કારણે આપણી ખોટી છાપ પડે છે.

**૦૬.** લોકોને એ વાત સમજાવવામાં આવે કે જે કામ શરીઅતમાં નાજાઈઝ છે એમાં રૂપિયા પૈસાનો વપરાશ કરવો પણ ફુઝૂલ ખર્ચી છે અને ફુઝૂલ ખર્ચી નાજાઈઝ છે અને કુર્આન ફર્માવે છે કે, اِنَّ الْمُبَذِّرِیْنَ كَانُوْۤا اِخْوَانَ الشَّیٰطِیْنِ ''બેશક ! ફુઝૂલ ઉડાડનારા શૈતાનોના ભાઈ છે.''

*(સૂ. ઈસ્રા, ૧૭/૨૭)*

અમુક શાનો શૌકતનું બહાનુ બનાવીને એ નાજાઈઝ રિવાજોને ચાલુ રાખવા પર અડગ રહે છે. એમણે વિચારવું જોઈએ કે શું ઈસ્લામની શાનો શૌકત નાજાઈઝ અને હરામ કામોથી

www.barkatekhwaja.net

જાહેર થશે ? ઈસ્લામ તો પાક ધર્મ છે એ સારા કામોની દા'વત આપે છે. ઈસ્લામની શાનો શૌકતનો મસ્જિદોને આબાદ કરવામાં અને નમાઝીઓના વધારાથી જાહેર થશે, ઈસ્લામની શાન તો સચ્ચાઈ અને ઈમાનદારીને પોતાનું સ્થાન બનાવવાથી જાહેર થશે. એવી જ બીજી અખ્લાક઼ી વાતોથી ઈસ્લામનું નામ ઊંચુ થશે ન કે નાજાઈઝ રિવાજોથી !

૦૭. ઈમામ હુસૈન અને બીજા એહલે બૈતે અત્હાર رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ ની જિંદગીના પાકીઝા બનાવો અને ઈબ્રતનાક પાસાંઓને તકરીરોમાં રજૂ કરવામાં આવે અને એ વાત પણ દિમાગમાં બેસાડવામાં આવે કે હઝરત ઈમામ આલી મકામ رضی اللہ عنہ ને કેવી રીતે ખુશ કરી શકીએ ? કેમ કે જે કામોથી અલ્લાહ અને અલ્લાહના રસૂલ ﷺ નારાજ હોય એ કામથી ઈમામ હુસૈન અને કરબલાના શહીદો કેવી રીતે ખુશ થઈ શકે છે ?! જો યોગ્ય તરીકાથી સમજાવટ તથા તકરીરનો સિલસિલો ચાલુ કરવામાં આવે તો મુહર્રમુલ હરામના સંબંધથી થતી બુરાઈઓ ઘણી જલ્દી દૂર થઈ શકે છે. અને તાઝિયાદારીનો પણ જનાઝો નીકળી જશે.

૦૮. ખાસ કરીને એ લોકો જે ખાનકાહોમાં બેસીને રૂશ્દો હિદાયતનું કામ અંજામ આપે છે એમણે પણ આ સિલસિલામાં આગળ રહેવું જોઈએ. જો ખાનકાહી લોકો બીજા ખિદમતે ખલ્કનાં કામોની સાથે સાથે સમાજ સુધારણા તરફ ધ્યાન આપે તો એમની તબ્લીગથી પણ ઘણા ફાયદાઓની ઉમ્મીદ છે.

અલ્લાહ તઆલા આપણને દીને ઈસ્લામની તબ્લીગ કરવાની તૌફીક આપે. (આમીન)

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ફેબ્રુઆરી-૨૦૧૫)*

પેજ નં.૩૧ નું ચાલુ.. મુહમ્મદ બિન હસનથી એક ઊંટના બોજ બરાબર ઈલ્મ હાંસલ કર્યો.

*(જામિએ બયાનુલ ઈલ્મ, ૧/૯૯)*

તેમજ આ પણ ફર્માવ્યું, મેં ઈમામ મુહમ્મદથી વધીને આક઼િલ, ફક઼ીહ, મુફ્તી, ખુશ તક઼દીર અને બહષો નક઼દ કરનાર નથી જોયો.

*(જામિએ બયાનુલ ઈલ્મ, ૧/૯૯)*

તેમજ ફર્માવ્યું, જો લોકો ફક઼ીહોના બારામાં ઈન્સાફથી કામ લે તો તેમને માલૂમ થશે કે તેમણે મુહમ્મદ બિન હસન જેવો ફક઼ીહ નથી જોયો.

*(જામિએ બયાનુલ ઈલ્મ, ૧/૯૯)*

**શાગિર્દો** : અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ આપના શાગિર્દોની સંખ્યાના બારામાં લખ્યું કે ૧૬૦૦થી વધુ હતા. આપના મશહૂર શાગિર્દો આ છે : ઝઅફરાની, અબૂ ષૌર, અહમદ બિન હંબલ મુઝની, રબીઅ જયઝી, રબીઅ મુરાદી, બૂયતી, હરમલા, યૂનુસ બિન અબ્દુલ અઅલા, સુલેમાન બિન દાઊદ યાતમી, અબૂ બકર અબ્દુલ્લાહ બિન ઝુબેર હુમૈદી મક્કી, ઈબ્રાહીમ બિન મુન્ઝઝ્ હિઝામી, ઈબ્રાહીમ બિન ખાલિદ અબૂ તાહિર બિન સિરાજી, ઉમર બિન સવાદ આમિરી, અબૂ વલીદ મૂસા બિન અબીલ જારૂદ મક્કી, અબૂ યહયા મુહમ્મદ બિન સઈદ. *(તહઝીબુત્તહઝીબ, ૯/૨૩)*

**કલમી અણમોલ કૃતિઓ** : આપે મુસ્લિમ ઉમ્મતને કિતાબોના સ્વરૂપમાં એક ઈલ્મી ખજાનો અતા કર્યો છે. આપના ક઼લમથી અમૂલ્ય અણમોલ ઈલ્મી તથા વિદ્યાકલામય મૂલ્યવાન કૃતિઓ અસ્તિત્વમાં આવેલ છે. જેમ કે ઈસ્હાક બિન રાહવિયાને પૂછવામાં આવ્યું કે ટૂંકી ઉમરમાં ઈમામ શાફઈએ આટલી અધિક કિતાબો કેવી રીખે લખી ? તો આપે ફર્માવ્યું, جمع اللہ تعالی لہ عقلہ لقلۃ عمرہ "અલ્લાહે ઓછી વયમાં જ તેમની બુધ્ધિને કામિલ કરી દીધી હતી." *(તહઝીબુત્તહઝીબ, ૯/૨૬)*



www.barkatekhwaja.net

# વર્તમાન ક્રિકેટ તથા અન્ય રમતો શરીઅતના આઈનામાં

✻ કાર્યાલય ✻

## ★ કોરા ક્રિકેટ ★

હેડિંગમાં અમે કોરા (કચરો)ની સાથે કરકટ (પૂજો) નહીં બલ્કે ક્રિકેટ (Cricket) જ લખ્યું છે, કેમ કે આ રમતની હૈસિયત કચરા પૂજા (કોરા)થી પણ ઉતરતી કક્ષાની છે. કોરા (કચરો) પણ કામની ચીજ હોય છે પરંતું આ ખેલ "ક્રિકેટ" કોઈ કામનો નથી બલ્કે એક વાક્યમાં એની વ્યાખ્યા કરીએ તો ''સમયની બર્બાદી, માલની ફુઝૂલખર્ચી અને ખરાબીઓનો સમૂહ છે.''

અફસોસ તો સૌથી વધુ એ વાતનો છે કે કાફિરોએ જેવી રીતે આ ખેલકૂદને પોતાનો જીવન હેતુ બનાવી રાખ્યો છે તેવી જ રીતે આપણી ક઼ૌમે પણ એને પોતાનાં માથાંઓ પર ચઢાવી રાખેલ છે. દિલ એ વખતે ઔર ગમગીન થાય છે જયારે મુસલમાનોના ઉલમા મદ્રસાઓમાં બાળકોને પઢાવવાને બદલે ક્રિકેટ જોઈ રહેલ હોય છે અને તેમને ન જાણે આ ફાલતુ કામથી કયો ફાયદો હાંસલ થાય છે ! એ વાતો તદન જાહેર છે, કોઈનાથી ઢંકાયેલી છુપાયેલી નથી. **આપણા નવ યુવાનોને જુઓ તો ક્રિકેટરનો ઈતિહાસ ખૂબ સારી પેઠે જાણે છે, પરંતુ પોતાના દીન તથા ઈસ્લામના ઈતિહાસથી કોઈ ખાસ લેવા દેવા નથી.** એકે એક ખેલાડીને જાણે છે અને તેમના રમવાના અંદાઝને જાણે છે અને એટલે સુધી યાદ કરીને રાખે છે કે ક્યો ખેલાડી ભૂતકાળમાં કેવી રીતે રમ્યો હતો ?! (બધા રિકોર્ડ મોઢે હોય છે !) પણ યાદ નથી તો નબીઓ, સહાબા, અહલે બયત, બુઝુર્ગો વિશે તથા એમના જીવન ચરિત્ર વિશે, અફસોસ !

હવે તો ચાલો કે દરેકની પાસે પોત પોતાનો મોબાઈલ ફોન છે કે જે જ્યાં હોય ત્યાંથી ક્રિકેટ જોઈ રહેલો હોય છે, પરંતુ પહેલાં પણ લોકોને એટલો શોખ હતો કે એના માટે ટી.વી. બલ્કે સડકો પર પર્દા લગાડીને એના પર ક્રિકેટનો વીડીયો જોતા રહેતા હતા, અને આજે પણ કેટલીયે જગાઓ પર એવું થાય છે. હાલમાં જે વૃદ્ધો પાસે સ્માર્ટ મોબાઈલ ફોન નથી તેઓ પણ યુવાનોને પકડી પકડીને જાણકારી મેળવતા જોવા મળે છે કે કઈ કઈ ટીમો રમી રહી છે અને કેટલા રન થયા અને કેટલી વિકટો ગઈ ?! આટલા પ્રમાણમાં પાગલપણપણુ આપણી સમજ બહાર છે.

આ તેમજ એના જેવી ફાલતુ ચીજોમાં પડીને જે લોકોએ પોતાનો જીવન હેતુ ભૂલાવી રાખ્યો છે. આટલી શક્તિ, સમય તથા શોખ (ઉત્સાહ) ક્યાંક બીજે દેખાડતા તો પોતાની તથા પોતાની ક઼ૌમની હાલતને સારી કરી શકત અને દુનિયા તથા આખેરતમાં કામયાબ થતા.

અમે આ લખાણમાં વિવિધ ફત્વાઓને એકત્ર કર્યા છે જે ખેલકૂદ અને ખાસ કરીને ક્રિકેટના બારામાં ઉલમાએ અહલે સુન્નતે લખ્યા છે.

## ★ ક્રિકેટ શું છે ? ★

અમને નથી લાગતુ કે ક્રિકેટના બારામાં બતાવવાની જરૂરત હોય, કેમ કે લોકો અમારા કરતાં ઘણા જ બેહતર તરીક઼ાથી એના બારામાં જાણે છે. આ રસ્મી તૌર પર લખવું પડી રહ્યું છે કે, ક્રિકેટ એક રમત છે જેમાં બે ગૃપો મુક઼ાબલો કરે છે અને તરીક઼ો એ હોય છે કે એક મેદાનમાં બેટ તથા બોલની સાથે કેટલાય નિયમો હેઠળ કસરત કરવામાં આવે છે. એનો

www.barkatekhvaja.net

ઈતિહાસ ૨૦૦–૩૦૦ વરસ પૂરાણો દર્શાવવામાં આવે છે. એટલે લગભગ એટલા વરસો પહેલાં આ ખેલની શરૂઆત થઈ. પછી તેના નિયમો લખવામાં આવ્યા અને વર્તમાન ક્રિકેટ આપણી સમક્ષ છે કે દરેક દેશની એક ટીમ છે અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ એને રમવામાં આવે છે.

આપણા દેશ હિંદુસ્તાનમાં આ રમતને અસાધારણ મહત્વ આપવામાં આવે છે. દરેક શહેરમાં એક મેદાન જોવા મળી જાય છે જેને ખાસ આ રમતના માટે બનાવવામાં આવેલ છે. આ રમત પાછળ કરોડો અબજો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે અને બીજી બાજુ આ રમતના નામ પર જુગારનું એક મોટુ (સટ્ટા) બજાર ચાલે છે અને મોટી મોટી રકમ લોકો દાવ પર લગાડી દે છે અને તે પણ કેવળ એટલી વાત પર કે ફલાણી ટીમ જીતી જશે.

આ ટૂંકી ઓળખ બાદ હવે અમે ક્રિકેટના સંબંધે ઉલમાએ અહલે સુન્નતના ફત્વાને નક્લ કરીએ છીએ.

## ★ ફતાવા બેહરુલ ઉલૂમ થકી જવાબ ★

બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા અબ્દુલ મન્નાન આ'ઝમી رحمۃ اللہ علیہને જામિઆ શમ્સુલ ઉલૂમ (ઘોસી, જિ. મઉ, યુ.પી.)ના એક તાલિબે ઈલ્મે કેટલાક સવાલો કર્યા જેમાં એક આ હતો કે, આજકાલ હિંદ તથા પાક.માં જે ક્રિકેટ ચાલે છે તેને ખેલવું અને જોવું કેવું છે ? તેમજ ક્રિકેટ રમનાર તથા જોનારની પાછળ નમાઝ પઢવી કેવું છે ?

હઝરત બહરુલ ઉલૂમ رحمۃ اللہ علیہ જવાબ આપતાં લખે છે કે : ખેલના હેતુથી જે કામો કરવામાં આવે તે શરીઅતમાં હરામ તથા નાજાઈઝ છે. હદીષ શરીફમાં છે : كُلُّ لَهْوِ الْمُسْلِمِ حَرَامٌ إِلَّا ثَلَاثَةً "મુસલમાનો માટે ત્રણ સિવાય સર્વ ખેલો હરામ છે." (એ ત્રણેવ ખેલોની વિગત આવનારા પૃષ્ઠો આવશે) ખાસ કરીને આજકાલ ક્રિકેટ જે અગણિત બુરાઈઓનો ઝરીયો છે એ રમતની આદતવાળાઓ પાછળ નમાઝ જરૂર મકરૂહ છે, ચાહે રમત રમનારા હોય કે જોવાવાળા હોય. *(ફતાવા બેહરુલ ઉલૂમ, ૫/૫૮૯)*

**ફાયદો** : એનાથી જાણવા મળ્યું કે ક્રિકેટ એક એવો ખેલ છે જે અસંખ્ય બીમારીઓનો સમૂહ છે અને **તેને જોનારો તથા ખેલનારો શરીઅતની રૂએ પકડને પાત્ર છે, ત્યાં સુધી કે તેની ઈમામત જાઈઝ નથી, અને તેની પાછળ નમાઝ મકરૂહ છે.**

## ★ વક઼ારુલ ફતાવા થકી જવાબ ★

મુફતીયે આ'ઝમ પાકિસ્તાન, વક઼ારે મિલ્લત અલ્લામા વક઼ારુદ્દીન ક઼ાદરી رحمۃ اللہ علیہને સવાલ કરવામાં આવ્યો કે હોકી ક્રિકેટ તથા ફૂટબોલ વગેરે જોવું અને કોમેન્ટ્રી સાંભળવી કેવું ? જ્યારે કે જોવા તથા સાંભળવાથી દિલ એના પ્રતિ આકર્ષાય છે. આપથી ગુઝારિશ છે કે કુર્આન તથા હદીષની રોશનીમાં આ મસ્અલાનો વિગતવાર જવાબ અર્પણ કરશો.

આપ رحمۃ اللہ علیہ જવાબમાં લખે છે : ઈબ્ને માજહમાં આ હદીષ છે કે, "દરેક તે ચીજ જેનાથી કોઈ મુસલમાન ગફલતમાં પડી જાય (તે) બાતિલ (ગલત, ખોટી) છે, પણ કમાન વડે તીરંદાઝી કરવી, પોતાના ઘોડાને શીખવવું અને પોતાની પત્ની સાથે ખેલ ગમ્મત કરવી, આ ત્રણ કામો હક્ક઼ છે.

હદીષમાં સ્પષ્ટપણે બતાવી દેવામાં આવ્યું કે **મો'મિનની જિંદગી ખેલકૂદ (આનંદ પ્રમોદ) માટે નથી, જેથી તંદુરસ્તીના માટે ટહેલવું (હરવુ ફરવું) અથવા કસરત માટે થોડુક ખેલવું તો જાઈઝ છે પણ ક્રિકેટ, હોકી જે રીતે રમવામાં આવે છે એમાં કોઈ સહીહ મક઼સદ નથી, બલ્કે ક઼ૌમ તથા દેશનું ઘણુ જ મોટુ નુકસાન છે.**

www.barkatekhwaja.net

કરોડો રૂપિયા સ્ટેડિયમ બનાવવામાં અને ટીમ તૈયાર કરવામાં ખર્ચ કરવામાં આવે છે. પછી જ્યારે દેશ પરદેશમાં પાંચ દિવસ, ત્રણ દિવસ અથવા એક દિવસની જે મેચો થાય છે ત્યારે ઓફીસમાં બેઠેલા કર્મચારીઓ (તથા અન્ય લોકો) કામને બદલે રેડીયો તથા ટેલીવિઝનથી કોમેન્ટરી સાંભળવા અને જોવામાં વ્યસ્ત હોય છે, એમાં કૌમના માલની બર્બાદી અને સમયને વેડફવું છે. અને **દીનના નુકસાનની હાલત તો એ છે કે હજારો લોકો સ્ટેડિયમમાં બેઠા બેઠા દિવસ ભર ખેલ જોતા રહે છે, ન નમાઝની પરવા ન પોતાનો સમય વેડફાવાની પરવા !**

ઈસ્લામનુ નામ લેવાવાળી હુકૂમત પર અફસોસ છે કે મેચને જુમ્આના દિવસે જરૂર રાખવામાં આવે છે. એની એ મસ્લેહત બતાવવામાં આવે છે કે જુમ્આના દિવસે જાહેર રજા હોય છે, જ્યારે કે જુમ્આના સિવાય પણ જે દિવસે મેચ હોય છે, સામાન્યતઃ એલાન વિના ઓફીસમાં કામ નથી થતાં. ગવર્નમેન્ટે પોતાની રીતે જુમ્આના રજાના દિવસના કારણે જુમ્આને મેચનો દિવસ ઠરાવી દીધો છે. પણ એવું ન વિચાર્યું કે હજારો લાખો માણસોની જુમ્આની નમાઝ છૂટવાનો ગુનોહ ગવર્નમેન્ટના ઉપર પણ છે. સારાંશ આ સર્વ ખેલો ખેલવા નાજાઈઝ તથા હરામ છે. અને તેમને જોવા તથા સાંભળવામાં સમય વેડફવો પણ નાજાઈઝ છે.

*(વક઼ારુલ ફતાવા, ૩/૪૩૬)*

**ફાયદો** : ખેલૂકદથી માણસનું દિલ ગાફેલ થાય છે અને એ ગફલત ખૂબ જ નુકસાન પહોંચાડે છે. એને જોવા તથા કોમેન્ટરી સાંભળવામાં પણ એ જ વાત જોવા મળે છે. કસરત માટે ખેલવું એક ખૂબ જ અલગ ચીજ છે, પરંતું આજકાલ જે રીતે એ રિવાજ પામેલ છે તે આપણી સમક્ષ છે. એમાં પૈસા તથા સમય બંનેની બર્બાદી સ્પષ્ટ જોવામાં આવી રહી છે, તેમ છતાં લોકો એનાથી દૂર નથી થતા. લોકોને ગર્વભેર કહેતાં જોવામાં આવે છે કે મેં ફલાણી મેચ ફલાણા સ્ટેડિયમમાં જોઈ, જ્યારે કે **એવું કરનારાઓએ આખો દિવસ નમાઝ વિના ત્યાં પસાર કર્યો હોય છે ! આ છેવટે કઈ રીતે જાઈઝ થઈ શકે છે ?**

## ★ ફતાવા ફયઝુર્રસૂલ થકી જવાબ ★

અલ્લામા મુફ્તી જલાલુદ્દીન અહમદ અમજદી رحمۃ اللہ علیہને ઈન્દોર (એમ.પી.)થી સવાલ કરવામાં આવ્યો કે વોલી બોલ તથા ક્રિકેટ વગેરે રમતો રમવી શરીઅતની રૂએ કેવું છે ?

આપ જવાબમાં લખે છે : "ખેલ (રમત)ના જેટલા પણ પ્રકારો છે સર્વ બાતિલ છે, કેવળ ત્રણ પ્રકારના ખેલની હદીષમાં ઈજાઝત છે : પત્ની સાથે રમત કરવું, ઘોડે સવારી અને તીરંદાઝી કરવી. એવું જ દુર્રે મુખ્તારમાં પણ છે અને દોડમાં હરીફાઈ કરવી પણ જાઈઝ છે એ શરતે કે જુગાર સાથે ન હોય. એ જ પ્રમાણે કુશ્તી લડવી જો ખેલકૂદના રૂપે ન હોય, બલ્કે શરીરમાં શક્તિ લાવવા અને કાફિરોથી લડવાની નિય્યત હોય તો જાઈઝ તથા મુસ્તહસન બલ્કે સવાબનું કામ છે એ શરતે કે સતર પોશી (ડૂંટીથી ગુઠણો નીચે સુધી શરીર છુપાવેલ) હોય. *(બહારે શરીઅત) (ફતાવા ફયઝુર્રસૂલ, ૨/૫૪૬)*

**ફાયદો** : જે ત્રણ રમતોની હદીષમાં ઈજાઝત આપવમાં આવી છે એમાં ફાયદા છે. તેમના સિવાય પણ કેટલીક રમતો સતરપોશી તથા સારી નિય્યતની સાથે જાઈઝ છે, જેમ કે દોડની હરીફાઈ તથા કુશ્તી લડવી. પરંતુ **ક્રિકેટ વગેરે જે રીતે આજકાલ રમવામાં આવે છે એમાં એવી કોઈ ભલાઈની વાત નથી, બલ્કે કેટલાય પ્રકારની બુરાઈઓ જોવા મળે છે જેથી એની ઈજાઝત નથી.**

## ★ કસરતના માટે રમત રમે તો ? ★

ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતામાં છે,

www.barkatekhwaja.net

રાજસ્થાનથી કોઈએ સવાલ કર્યો કે ક્રિકેટ મેચ રમવી, જોવી અને તેમાં દિલચસ્પી રાખવી કેવું છે ? અને કસરતના રૂપે રમે છે તો શું હુકમ છે ?

**જવાબ** : ક્રિકેટ અથવા એના જેવી કોઈ રમત જો ખેલકૂદના રૂપે રમે તો હરામ તથા ગુનોહ છે અને તેનાથી બચવું વાજિબ છે. કુઆને કરીમ ફર્માવે છે :

وَمِنَ النَّاسِ مَنۡ یَّشۡتَرِیۡ لَهۡوَ الۡحَدِیۡثِ لِیُضِلَّ عَنۡ سَبِیۡلِ اللّٰهِ بِغَیۡرِ عِلۡمٍ ۖۗ وَّیَتَّخِذَهَا هُزُوًا ؕ اُولٰٓئِكَ لَهُمۡ عَذَابٌ مُّهِیۡنٌ ﴿۶﴾

"અને કેટલાક લોકો ખેલની વાત ખરીદે છે કે અલ્લાહની રાહથી બેહકાવી દે સમજ્યા વિના અને તેને હંસી બનાવી લે તેમના માટે બેઈજ્જતીનો અઝાબ છે." *(સૂરએ લુકમાન, આ. ૬)*

આ આયતની તફસીરમાં ઈમામ નસફી رحمۃ اللہ علیہ ફર્માવે છે : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે ખેલની વાતોથી મુરાદ ખેલકૂદની સર્વ ચીજો, ગાવા વગાડવાની સર્વ ચીજો તથા ફુઝૂલ (નિરર્થક) વાતો મુરાદ છે. અલ્લાહ તઆલાનું ફર્માન "ખેલકૂદની વાતો થકી અલ્લાહના માર્ગેથી બહેકાવી દે," એટલે કે વિના કોઈ દલીલ તથા હુજ્જતના લોકોને અલ્લાહના દીનથી બહેકાવી દે અને અલ્લાહની આયતોને મજાક બનાવે. તે લોકોથી મુરાદ અલ્લાહની કિતાબની મજાક ઉડાડનારા. "જેવી રીતે રમવું હરામ છે એવી જ રીતે જોવું પણ હરામ છે." જેમ કે ઈમામ સદરે શહીદ હિશામુદ્દીન સમરકંદી એક હદીષ નક્લ કરે છે : ખેલની ચીજોનું સાંભળવું ગુનોહ છે અને એ ચીજોની પાસે બેસવું ફિસ્ક્ છે અને જાઈઝ સમજીને એનાથી આનંદ ઉઠાવવો એ કુફ્ર છે. એવું જ કાફીમાં છે. તિર્મિઝી શરીફમાં છે : દરેક તે ચીજ જેનાથી મુસ્લિમ મર્દ ખેલે તે બાતિલ છે સિવાય ત્રણ ખેલોના. મુસ્લિમ મર્દ પોતાની કમાનથી તીરંદાઝી કરે, અને પોતાના ઘોડાને પલાળે અને પોતાની પત્ની સાથે રમત કરે, આ ત્રણેવ ખેલ બરહક્ક્ છે. (૧/૨૯૩) અને જો કસરતની નિય્યતે રમે તો અમુક શરતોની પાબંદીની સાથે જાઈઝ છે : (૧) નમાઝના સમયોમાં ન રમે. (૨) પોતાની દીની મશગૂલિયતો તેમજ ઈલ્મ પ્રાપ્તિથી ગાફેલ થઈને ખેલમાં જ ગુમ ન થઈ જાય. (૩) ટુર્નામેન્ટમાં ભાગ ન લે. (૪) જાંગ તથા અન્ય અંગો જેને છુપાવવાં વાજિબ છે તે ન ખોલે. વલ્લાહુ અઅ્લમ. *(ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા, ૨/૪૮૯)*

**ફાયદો** : કસરતના માટે રમવાનો એ મતલબ નથી કે દરરોજ કલાકોનો સમય એની પાછળ લગાડવામાં આવે. આજકાલ કસરતના નામ પર લોકો પોતાનો મતલબ પૂરો કરવા ચાહે છે, તેમણે સમજવું જોઈએ કે કસરતના માટે તો ઘણુ થોડુ રમવામાં આવે છે અને વળી એમાં પણ શરતોનો લેહાઝ કરવો જરૂરી છે. એક વાત એ પણ વિચારવા પાત્ર છે કે શરૂઆત કસરતના નામ પર કરવામાં આવે છે પરંતુ રમતાં રમતાં દિલ એવું લાગી જાય છે કે પછી સમય પસાર થઈ જવાનો એહસાસ નથી થતો. અને વળી એવું પણ થાય છે કે ટુર્નામેન્ટમાં ભાગ લઈ લેવામાં આવે છે, અથવા સ્થાનિક નવયુવાનોને ભેગા કરીને ટુર્નામેન્ટ શરૂ કરી દેવામાં આવે છે. આ વાતોથી એ પરિણામ નીકળવામાં મુશ્કેલ નથી થતી કે કસરતના માટે પણ એને રમવું ખતરનાક છે. કસરત માટે અન્ય ઘણા કામો કરી શકાય છે. **ક્રિકેટમાં કસરતનું નામ લઈને આવનારા એમાં જ ડૂબી જાય છે !** અલ્લાહ તઆલા મુસલમાનોને આ ફુઝૂલ કામથી બચવાની તૌફીક અતા કરે.

## ★ મોબાઈલ ફોન પર ગેમ ★

હઝરત અલ્લામા મુફતી ઝુલ્ફિકાર ખાન નઈમી સાહબથી જામિઅતુર્રઝાના એક વિદ્યાર્થીએ મોબાઈલ ફોનના સંબંધે કેટલાય મસાઈલ પૂછયા, જેમાં એક

www.barkatekhwaja.net

એ પણ હતો કે મોબાઈલ ફોન પર ગેમ રમવી કેવું છે ?

આપ જવાબમાં લખે છે : હદીષમાં છે, "દરેક તે રમત જેનાથી મુસલમાન માણસ રમે છે તે બાતિલ છે, પણ તેનું પોતાની કમાનથી તીરંદાઝી કરવું અને પોતાના ઘોડાને કેળવવો અને પોતાની પત્ની સાથે છેડછાડ, તો આ ખેલ હક્ક છે." *(સુનને નિસાઈ, બાબુર્રમી ફી સબીલિલ્લાહ, પેજ–૨૦૨)*

મુલ્લા અલી કારી આ હદીષની શરહ કરતાં લખે છે : હદીષમાં વર્ણવેલ ખેલો (રમતો)માં દરેક તે રમત સામેલ છે જે ઈલ્મ તથા અમલના માટે સહાયક બનતી હોય અને સ્વંય જાઈઝ કામોમાં તેની ગણના થતી હોય, જેમ કે પગપાળા દોડ, ઊંટોની દોડ અથવા શરીરની મજબૂતી અને દિમાગની ઠંડક (રાહત)ના ઈરાદાથી હરવું ફરવું. *(મિર્કાતુલ મફાતીહ, ૭/૩૯૬)*

હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : ખેલકૂદની મજા શરએ કરીમ તથા સુબુદ્ધિની દષ્ટિએ યોગ્ય તથા ફાયદાકારક નથી, પણ જ્યારે કે ખેલ મુબાહ હોય અને પરિશ્રમ બાદ એમાં દિલની રાહત માટે હોય, તો હવે ન એ બેકાર રહ્યું ન હકીકતમાં ખેલકૂદ, ભલે ખેલકૂદના રૂપમાં હોય. જેમ કે હદીષમાં છે : હુઝૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે : "ખેલો કૂદો કે હું એને નાપસંદ કરું છું કે કોઈ તમારા દીનમાં સખ્તી જુએ." આ હદીષને બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી છે. ઈમામ ઈબ્ને હજર મક્કી કફુર્રિઆત, પછી સૈયદી આરિફ બિલ્લાહ હદીકએ નદિયહમાં ફર્માવે છે : જાઈઝ ખેલની નબી કરીમ ﷺથી ઈજાઝત છે.

*(ફતાવા રઝવિય્યહ કદીમ, ૧/૨૦૧)*

આ લખાણોથી એ પરીણામ નીકળ્યું કે મોબાઈલ પર દરેક તે ગેમ રમવી જાઈઝ છે જેમાં દીની કે દુનિયવી ફાયદો હોય અથવા શરીરની મજબૂતી અને દિમાગની રાહતનો હેતુ હોય, અને એમાં શરીઅત વિરુદ્ધ કોઈ ચીજ જેમ કે જાનદારની તસવીર વગેરે ન હોય. અને **એવી ગેમો જેમાં જાનદારની તસવીરો હોય અને એ ગેમથી કોઈ દુનિયવી કે દીની ફાયદો પણ ન હોય, અને ન તો તેનાથી શરીર કે દિમાગને તાજગી મળે, એમાં પોતાનો સમય વેડફી નાખવો કરાહતથી ખાલી નથી.**

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : દરેક ખેલ અને બેકાર કૃત્ય જેમાં ન કોઈ દીનનો મકસદ હોય ન કોઈ દીની જાઈઝ લાભ હોય તે સૌ મકરૂહ તથા નિર્રથક છે, કોઈ ઓછુ કોઈ વધારે..... છેવટ સુધી.

*(ફતાવા રઝવિય્યહ, કદીમ, ૯/૪૪)*

**ફાયદો** : એનાથી ઉસૂલ માલૂમ પડી ગયો કે ખેલ તે જ જાઈઝ છે જેનાથી દીની તથા દુનિયવી ફાયદાનો હેતુ હોય અને એ જ હેતુના માપમાં રમવામાં આવે. એમાં એ પણ જરૂરી છે કે શરતોની પાબંદી કરવામાં આવે દા.ત. રમત કોઈ ગૈર શરઈ કામ ન હોય અને એ ખેલમાં કોઈ નાજાઈઝ કામ ન કરવું પડે, જેમ કે સતરે ઔરતનું (છુપાવવાના અંગોનું) ખુલવું વગેરે.

*.......(ક્રમશઃ)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

عُمر الفاروق رضی اللہ تعالیٰ عنہ

# ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના
## રાજ કારોબારનો અંદાઝ

કાર્યાલય

ઈસ્લામી ઈતિહાસમાં ગવર્નમેન્ટ (રાજ) ચલાવવાની બાબતમાં રસૂલે પાક ﷺના યુગ પછી જે રાજ સત્તાનો દૌર સર્વ જમાનાઓમાં જગતભરના રાજકર્તાઓના માટે રાજ કારોબારની પધ્ધતિના એતબારથી ચમકતો દમકતો રહ્યો છે, અને જેની રાજ કરવાની પધ્ધતિને આજે પણ સમયની દરેક ગવર્નમેન્ટ પોતાના માટે દષ્ટાંત સમજે છે, તે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہનો દૌર છે. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ પોતાના દૌરમાં ઈસ્લામના રાજ કરવાના બંધારણની એક સુનિયોજિત, સિસ્ટમેટિક તથા પ્રભાવશાળી સિસ્ટમનો પાયો નાખ્યો. આપે આપની સર્વ શ્રેષ્ઠ ઉત્તમ રાજ નીતિ થકી પોતાની સલ્તનતને એટલી હદે વિશાળ કરી આપી કે કૈસર તથા કિસ્રાની વિશાળ સલ્તનતો (મહાસત્તાઓ) પણ ઈસ્લામી રાજ્યનો હિસ્સો બની ગઈ. નીચેના લખાણમાં આપની રાજ કરવાની પધ્ધતિનું વિશ્લેષણ તથા સ્પષ્ટતા રજૂ કરવામાં આવે છે.

### ★ ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની રાજ કરવાની પધ્ધતિનો લોકશાહી અંદાઝ ★

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہની રાજ પદ્ધતિ વ્યક્તિગત (એકહથ્થુ) નહીં બલ્કે લોકશાહી મુજબની હતી. રાજ સત્તાનો લોકશાહી મુજબનો અંદાઝ જ ઈસ્લામી તાલીમાતના મુજબ છે. વ્યક્તિ રાજસત્તામાં પબ્લિકની રાય સામેલ નથી થતી, અને એક વ્યક્તિ જ સર્વ મામલાઓમાં કુલ અખત્યારો અને તમામ કજીયાઓ અને ફૈસલાઓનો માલિક હોય છે, જ્યારે લોકશાહી રાજ પધ્ધતિમાં દરેકે દરેક મસ્અલા પર પબ્લિકના મંતવ્ય પર ફૈસલો કરવામાં આવે છે, અને સત્તાધારીઓના અંગત (જાતી) અખત્યારો નથી રહેતા, બલ્કે સામૂહિક રાયના પ્રમાણે ગવર્નમેન્ટ ચલાવવામાં આવે છે.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ પોતાના સર્વ ફૈસલાઓને લોકશાહી અંદાઝમાં કર્યા છે. અને જ્યારે પણ કોઈ મસ્અલાના માટે કોઈ મંતવ્યની જરૂરત પડતી તો આપ "અસ્સલાતુ જામેઅ" શબ્દો વડે એક એલાન કરાવતા હતા જેના આધારે લોકો મસ્જિદે નબવીમાં ભેગા થઈ જતા હતા. પછી આપ બે રકાત નફ્લ નમાઝ અદા કરતા હતા અને ત્યારબાદ પોતાનો હેતુ અને મક્સદ લોકો સમક્ષ વર્ણવતા હતા. આપ મામૂલી તથા રોજબરોજના ફૈસલા એ જ મજલિસમાં કર્યા કરતા હતા. એના નીચે પ્રમાણે દષ્ટાંતો આપણા માટે દીવાદાંડી સમાન છે :

(૧) જ્યારે ઈરાક તથા સીરિયા ફતહ થયાં તો અમુક સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَએ મશ્વરો આપ્યો કે તમામ ફતહ થયેલ વિસ્તારો ફોજને જાગીર રૂપે આપી દેવામાં આવે. અને એના હવાલાથી ઘણી મોટી મજલિસ ગોઠવાઈ. મુહાજિરો તથા અન્સારમાંથી દસ દસ મોટા સરદારો મશ્વરા માટે બોલાવવામાં આવ્યા તેમની સાથે મશ્વરો કરતાં ફર્માવ્યું, "હું પણ તમારામાંથી એક વ્યક્તિ છું અને હું નથી ચાહતો કે કોઈ કેવળ મારા કારણે મારું અનુસરણ કરે." *(ક઼ાઝી અબૂ યૂસુફ, કિતાબુલ ખિરાજ, પેજ-૧૪)*

(૨) એ જ પ્રમાણે ૨૧ હિ.સ.માં નેહાવંદની લડાઈના માટે એ મસ્અલો ખડો થયો કે સમયના ખલીફા જાતે પોતે એ લડાઈમાં શરીક થાય કે ન થાય ? આ મસ્અલા પર મજલિસે શૂરા નિયુક્ત થઈ. હઝરત

ઉષ્માન ગની, હઝરત તલ્હા બિન અબ્દુલ્લાહ, હઝરત ઝુબેર બિન અવામ, હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફે વારાફરતી પોતાની રાય આપી કે આપનુ ખુદ જંગ પર જવું મુનાસિબ નથી. પછી હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہએ ઉભા થઈને આ મંતવ્યનું સમર્થન કરતાં તકરીર કરી. ખૂબ જ પ્રમાણમાં રાયના આધારે એ ફેંસલો થયો કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જંગના પ્રસંગે ન જાય. *(મુસન્નફે ઈબ્ને અબી શયબા, ૩/૧૩૯)*

(૩) એ જ પ્રમાણે ફોજના પગારો, અમલદારોની નિયુક્તિ અને ગૈર ક઼ૌમોને વેપારની આઝાદી અને તેમનાથી મેહસૂલની વસૂલીના માટે આમ ફેંસલાઓ પણ એ જ પ્રમાણે મજલિસે શૂરા થકી કરવામાં આવ્યા.

હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہનો રાજ કરવાનો તરીકો સંપૂર્ણપણે લોકશાહી ઢબનો હતો, આપની ખિલાફતનો સંપૂર્ણ પાયો જ લોકશાહી પર હતો અને એ જ લોકશાહી ખિલાફતની બોલીમાં મુશાવરત હતી. હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہએ હુકમરાની (રાજ સત્તા)ની ઈસ્લામી ઢબ અને ખિલાફતનો પાયો દર્શાવતાં ફર્માવ્યું : "ખિલાફતની રાજ કરવાની પધ્ધતિ કેવળ અને કેવળ પરસ્પર રાય લેવા પર આધારિત છે." *(ઉપર મુજબ)*

મજલિસે શૂરાના ઉપરાંત એક મજલિસ દરરોજના રાજ કારોબારના મામલાઓનું નિરીક્ષણ કરવા માટે મસ્જિદે નબવીમાં ગોઠવાતી હતી. એમાં રાયને પાત્ર સહાબાએ કિરામ શરીક થતા હતા. અને ખિલાફત હેઠળના વિસ્તારોથી આવનારી ખબરોનું અવલોકન કરવામાં આવતુ હતું, અને એના હવાલાથી સામૂહિક રાયના પર આધારિત પગલાં લેવામાં આવતાં હતાં. એનું એક દૃષ્ટાંત કૂફા, બસરા તથા શામમાં ખિરાજ વસૂલ કરવાના માટે અમલદારોની નિયુક્તિ છે. આપે ત્રણેવ રાજ્યોમાં પોતાના હુકમો મોકલ્યા કે ત્યાંના લોકો પોતાની સામૂહિક મરજી તથા રાયના પ્રમાણે પોતાની પસંદના લોકોનાં નામો મોકલે જેઓ તેમની નજીક અધિક પ્રમાણિક તથા કાબેલ હોય. જેમ કે એ વિસ્તારોથી જે નામો મોકલવામાં આવ્યાં તેમને જ હઝરત ઉમર رضی اللہ عنہએ વિસ્તારોના હાકિમ (ગવર્નર) નિયુક્ત કર્યા.

*(કિતાબુલ ખિરાજ, પેજ–૬૪)*

એ જ પ્રમાણે એ જ સામૂહિક મંતવ્ય જો કોઈ આમિલના (પદાધિકારીના) વિરૂધ્ધ હોતુ અને તેનો જુર્મ સાબિત થઈ જતો તો આપ લોકોની એ લોકશાહી ઢબની રાયને માન આપીને તે આમિલને તેની જિમ્મેદારીઓથી દૂર કરી દેતા હતા. એ જ કારણે ઈસ્લામી જગતના મહાન નામવર ફાતેહ હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ જે ઘણા મર્તબાવાળા સહાબીએ રસૂલ હતા અને નૌશેરવાની પાયએ તખ્તના વિજેતા હતા. હઝરત ઉમર رضی اللہ عنہએ તેમને કૂફાના ગવર્નર નિયુક્ત કર્યા હતા. પરંતુ જ્યારે ખૂબ જ અધિક પ્રમાણમાં લોકોની ફરિયાદો મળી તો આપે તરત જ તેમને ગવર્નર પદેથી ઉતારી પાડયા.

*(કિતાબુલ ખિરાજ, પેજ–૬૪)*

## ★ લોકશાહી રાજપદ્ધતિના માર્ગદર્શક નિયમો ★

લોકશાહી રાજ પધ્ધતિનો એ નિયમ પણ ઈસ્લામી શાસન પધ્ધતિની એક વિશિષ્ટતા છે કે દરેક શખ્સને પોતાના હક્કો તથા ફરજોની સંપૂર્ણ સમજ હતી. હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہની રાજસત્તામાં દરેક શખ્સને પોતાનું મંતવ્ય પ્રદર્શિત કરવાની સંપૂર્ણ આઝાદી ઉપલબ્ધ હતી. લોકો જાહેરમાં પોતાના લોકશાહી હક્કોને પ્રદર્શિત કરતા હતા. અને કોઈ સરકારી કર્મચારી તથા આમિલ તેમના હક્કોને ઝૂટવી શકતો ન હતો. હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہએ પોતાની લોકશાહી ઢબની રાજસત્તાને સૌથી વિશેષ પોતાની જાત પર લાગુ કરેલ હતી. જ્યારે એક હાકિમ



www.barkatekhwaja.net

(સત્તાધારી) પોતે લોકશાહી સોચનો માલિક હોય તો પરિણામ રૂપે દરેક જગાએ લોકશાહી રિવાજનુ પાલન જોવા મળે છે. લોકશાહી રાજ પધ્ધતિના નિયમો આ પ્રમાણે છે :

(૧) સમયનો હાકિમ (રાજકર્તા) આમ લોકોની સાથે આમ હક્કોમાં બરાબરી તથા સમાનતા ધરાવનાર હોય.

(૨) તે સામાન્ય (આમ) લોકોની જેમ કાયદાનું પાલન કરે અને કાયદાના પાલનથી પોતાને અપવાદ ન બનાવે.

(૩) રાજ્યની આવક પોતાની જાત માટે અયોગ્ય રીતે ખર્ચ ન કરે.

(૪) સામાન્ય સમાજમાં તેની શાસન કર્તા તરીકેની હેસિયતને ધ્યાનમાં રાખવામાં ન આવે.

(૫) તેના અધિકારો સીમિત હોય અને તે બેલગામ કદાપિ ન બને.

(૬) દરેક વ્યક્તિને તેની આલોચના કરવાનો પાયાનો લોકશાહી હક્ક હાંસલ હોય.

હઝરત ઉપર ફારૂક رضی اللہ عنہ એ આ સર્વ લોકશાહી નિયમો તથા ઉસૂલો પોતાની જાત પર લાગુ કરેલા હતા. તે પોતાની રાજ પધ્ધતિમાં એટલા પ્રમાણમાં લોકશાહી વલણ ધરાવતા હતા કે આજે મોટામાં મોટી અને પ્રખ્યાત લોકશાહી અને લોકશાહી શાસનકર્તાઓમાં આવા લોકશાહી હક્કોનાં દષ્ટાંતો દુર્લભ જોવા મળે છે.

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ જેવી રીતે લોકોને તેમના લોકશાહી ઢબના હક્કોથી માહિતગાર કરતા હતા તેવી રીતે તે પોતાની જાતને હાકિમની હેસિયતથી પોતાની જિમ્મેદારીઓની યાદ પણ અપાવતા હતા. ફર્માવે છે : ''મને તમારા બયતુલ માલ (કોમી ખજાના)માં એટલા પ્રમાણમાં હક્ક છે જેટલો યતીમના પાલકને યતીમના માલમાં હક્ક છે. જો હું માલદાર થઈશ તો તમારા કોમી ખજાનાથી કાંઈ ન લઈશ, અને જો જરૂરતમંદ રહીશ તો અન્ય લોકોની જેમ દસ્તૂર પ્રમાણે ખાવા માટે કાંઈ લઈ લઈશ. હે લોકો ! મારા પર તમારા લોકોના વિવિધ હક્કો છે જેની તમો મારાથી પૂછતાછ કરી શકો છો. તમારાથી ખિરાજ તથા માલે ગનીમત તથા દેશનો ટેકસ અયોગ્ય રીતે ભેગો ન કરું અને તેમને અયોગ્ય રીતે ખર્ચ ન કરું. હું તમારા રોજ તથા પગારો વધારી દઉં અને દેશની સરહદો તથા સંરક્ષણ મજબૂત તથા મેહફૂઝ રાખું અને તમારી જિંદગીઓને ખતરાઓમાં ન નાખુ.''

*(કિતાબુલ ખિરાજ, પેજ-૬૦)*

લોકશાહીનો આ નકશો અને લોકશાહી રાજકર્તાનું આ વલણ આજે ઈસ્લામના માનનારાઓમાં પોત પોતાના વતન અને પોત પોતાના વિસ્તારોમાં હોવું જોઈએ છે.

એક પ્રસંગે કોઈ સામાન્ય નાગરીકે અમીરુલ મો'મિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ને ટોકી દીધા અને અત્યંત સખત કડવા શબ્દો કહેતાં આ પ્રમાણે સંબોધ્યું : ''હે ઉમર ! અલ્લાહથી ડરો !''

*(કિતાબુલ ખિરાજ, પેજ-૬૭)*

ત્યાં હાજર લોકોમાંથી કોઈએ તેને રોકયો કે એવું ન કહો ! પણ આપે ફર્માવ્યું, નહીં ! એને કહેવા દો ! જો એ લોકો નહીં કહેશે તો તેમણે પોતાનો અમાનતનો હક્ક પૂરો નથી કર્યો, અને જો અમે ન માનીએ તો અમે અમારા ફર્ઝને નથી નિભાવ્યો.

### ★ હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ મહાન વ્યવસ્થાપક ★

ગવર્નમેન્ટના બંધારણ અને તેની વ્યવસ્થાની ખૂબી, સુંદરતા તથા પ્રગતિની દલીલ એ છે કે સર્વ વિભાગો પ્રગતિ કરે અને સૌ એકબીજાથી વિશિષ્ટ

www.barkatekhwaja.net

તથા અનોખા પણ હોય. નીચેના લખાણમાં આપની રાજ કારોબારની વ્યવસ્થાના અમુક નોંધપાત્ર પાસાંનું વર્ણન કરવામાં આવે છે :

(૧) હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ઈસ્લામમાં પહેલા રાજકર્તા છે જેમણે પોતાની સત્તા હેઠળના વિસ્તારોને રાજ્યો તથા જિલ્લાઓમાં વહેંચ્યા. દરેક વિસ્તારની યોગ્ય તથા મુનાસિબ હદોને નિશ્ચિત કરી. આપે આપની સત્તા હેઠળની સલ્તનતને આઠ રાજ્યોમાં વહેંચી જેમાં મક્કા મુકર્રમા, મદીના પાક, શામ, જઝીરા, બસરા, કૂફા, મિસર અને પેલેસ્ટાઈન સામેલ હતાં. આ વ્યવસ્થા હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ હિ.સ. ૨૦માં કરી હતી. તદ્ ઉપરાંત સલ્તનતની વિશાળતાની સાથે અધિક રાજ્યો ફારસ (ઈરાન), ખુઝિસ્તાન અને કિર્માન વગેરેનો પણ ઉમેરો થયો. દરેક રાજ્યના દસથી પંદર જિલ્લાઓ હતા. રાજ્યનો મોટો અફસર ગવર્નર તથા આમિલ રહેતો હતો એની સાથે રાઈટર, સચિવ, કોર્ટનો રાઈટર, ફોજનો મુખ્ય સચિવ, કલેકટર, પોલીસ ઓફિસર અને ખજાનચી તથા કાઝી (ન્યાયાધીશ) રહેતા હતા. *(તિબરી, પેજ–૨૬૪૭, ઈબ્ને ખલ્કાન, ૨૫૩)*

જિલ્લાઓમાં આમિલ (પદાધિકારી), ખજાનચી તથા ન્યાયાધીશ વગેરે રહેતા હતા, એ સર્વે ગવર્નરના હેઠળ તથા તેની નિગરાની હેઠળ ગવર્નમેન્ટી મામલાઓ ચલાવતા હતા.

(૨) હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ એ મહત્વની જિમ્મેદારીઓ પર નિમણૂંક માટે એક પસંદગીનું બંધારણ ઘડી કાઢયું હતું. આપ લોકોમાંથી એની પસંદગી કરતા હતા જે અતિશય કાબેલ, લાયક અને સાચાબોલી, વ્યવહાર કુશળતાવાળો હોતો. પસંદગીના બારામાં હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہની બુધ્ધિ કુશળ તા (દિમાગની સચેતતા) તથા તદબીર તેમને દુનિયાના ઈતિહાસમાં એક અજોડ તથા અનોખા મકામ પર બિરાજમાન કરે છે. તેમજ જૌહર શનાસ (હીર પારખુ) તબીઅતે હમેશાં કાબેલ, લાયક તથા સારા લોકોને દરેક દરેક જિમ્મેદારી માટે સેટ કર્યા છે અને તેમને પસંદ કર્યા છે.

(૩) આપે હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહની તજવીઝ પર સરકારી કર્મચારીઓના સારામાં સારા પગારો રાખ્યા હતા જેથી તેઓ દરેક પ્રકારની ખયાનત તથા લાલચથી મેહફૂઝ રહે. જો કોઈ હોદ્દો અધિક મહત્વ ધરાવતો હોતો તો એની પસંદગી માટે સલાહકાર સમિતિની મીટિંગ રાખતા અને જે શખ્સ સલાહકાર સમિતિના સર્વ સભ્યો તરફથી પસંદ કરવામાં આવતો તેને કોઈ અતિ મહત્વની જિમ્મેદારી માટે નિયુક્ત કરતા.

(૪) આપ પદાધિકારીઓને તેમની ફરજોથી માહિતગાર કરતા અને તેના પર કાર્યરત રહેવા માટે તેમને પાબંદ કરવા આદેશ આપતા, "યાદ રાખો ! મેં તમને લોકો પર કેવળ હુકમ ચલાવનાર નિયુક્ત નથી કર્યા અને ન તેમના પર જુલમ તથા બળ પ્રયોગ કરનારા નિયુક્ત કર્યા છે, બલ્કે મેં તમને એમના પર માર્ગદર્શક નિયુક્ત કર્યા કે જેથી તેઓ તમારી જિંદગીનું અનુસરણ કરે અને તમો સૌ મુસલમાનોના ભેદભાવ વિના હક્કો અદા કરો. તેમના પર કોઈ પ્રકારની સખ્તી તથા જુલ્મ ન કરો અને ન તો તેમને બેઈજ્જત કરો, અને ન તો તેમની નિરર્થક પ્રશંસા કરો કે તેઓ આજમાઈશમાં સપડાય, અને એ લોકો માટે તમારા દરવાજા બંધ ન કરો કે ક્યાંક તેમના શક્તિવાળા તેમનામાંના કમજોરોને નુકસાન ન પહોંચાડે. અને એમનામાંથી કોઈને એવી અગ્રતા ન આપો કે તેઓ અન્ય લોકો પર જુલ્મ કરે.

*(કિતાબુલ ખિરાજ, પેજ–૬૬)* –*ક્રમશઃ*

www.barkatekhwaja.net

# આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો
# ૩૧મો આલમી ઈજતેમા કામયાબી સાથે સંપન્ન

**મુંબઈ** : વાદીએ નૂર, આઝાદ મેદાન ખાતે ડિસે. ૧,૨,૩, સુન્ની દા'વતે ઈસ્લામીનો ૩૧મો આલમી ઈજતેમા ૨૦૨૩ના યોજાયો. જુમ્આના રોજ જુમ્આની નમાઝ બાદ તિલાવતે કુર્આન મર્હૂમ કારી રિયાઝુદ્દીન અશરફીના ભાઈ જનાબ કારી મુહમ્મદ ગૌષ સાહબે કરી (ઉર્દૂ તર્જુમો : મૌલાના મુહમ્મદ અફઝલ બરકાતી, અંગ્રેજી : હાફિઝ મોઈનુદ્દીન મોજી–લંડન) ત્યાર બાદ શાહઝાદએ શહીદે રાહે મદીના, મોઈનુલ મશાઈખ હઝરત સૈયદ મોઈન અશરફ અશરફીયુલ જીલાની સાહબની ભલી દુઆઓથી બહેનો માટેનો ઈજતેમા શરૂ થયો. નઅતેપાક આલે રસૂલ સૈયદ ખલીલ સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પેશ કરી. ત્યારબાદ બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ (રુકને શૂરા : સુન્ની દા'વતે ઈસ્લામી)એ પોતાના અનોખા અંદાઝમાં બહેનોની દીની તર્બિયત "સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી" વગેરે ઝિક્રની ફઝીલત દર્શાવીને કરી. ત્યારબાદ હઝરત સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી)એ ઈસ્લાહી બયાન પોતાની આગવી ઢબથી કર્યું. અસર બાદ મુહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી (સદર મુફતી : જામિઆ અશ્રફિયા–મુબારકપુર) થકી વિવિધ દીની સવાલોના જવાબો આપવામાં આવ્યા. મગરિબ બાદ દાઈએ કબીર,વકારે અહલે સુન્નત હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ "ઈસ્લામી લિબાસ અને વર્તમાન ઔરતોની હાલત" પર ખૂબ જ અસરકારક બયાન કર્યું. ઝિક્ર દુઆ પર પ્રથમ દિવસનો ઈજતેમા કામયાબી સાથે પૂર્ણ થયો. એક લાખ ઉપરાંત બહેનોએ સુન્ની ઈજતેમામાં ઉત્સાહભેર હાજરી આપી હતી.

શનિવાર તા. ૨, ડિસેમ્બર–૨૦૨૩ સવારે મજમાને તહજ્જુદની નમાઝ પઢાવવામાં આવી ત્યાર બાદ નઅતે પાક, કિરાઅત, વિવિધ, દીની તર્બિયતી પ્રોગ્રામો મુબલ્લિગો થકી ચાલુ રહ્યા. ત્યારબાદ જનાબ ઈમ્તિયાઝભાઈ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભીવંડી)એ મુસાફિરની નમાઝના મસાઈલ વિગતવાર સમજાવ્યા. ઉપરાંત હાફિઝ અ.રહીમ બરકાતી (ભરૂચ), મૌલાના ઝહીર મિસ્બાહી (જંબુસર) વગેરે મુબલ્લિગોનાં બયાનો થયાં. અન્ય મુબલ્લિગોએ નામે મુહમ્મદ ﷺની ફઝીલત, સુન્નતોની ફઝીલત વગેરે પર બયાનો કર્યાં. જનાબ સાદિક રઝવીએ ખૂબ જ અસરકારક બયાન કર્યું. અસર બાદ મુહક્કિકે મસાઈલે જદીદા થકી દીની સવાલોના જવાબ, મગરિબ બાદ મુફસ્સિરે કુર્આન ખલીફએ મુફતીયે આ'ઝમ હઝરત અલ્લામા કારી ઝહીરુદ્દીનખાન સાહબે બયાન કર્યું. ત્યારબાદ યુકેથી ઓનલાઈન બયાનમાં અલ્લામા કમરુઝ્ઝમા આઝમી સાહબે પયગામ આપ્યો કે કુર્આન પર અમલ કરવામાં જ કામયાબી છે. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદશાકિર નૂરીએ સદ્વર્તાવના બારામાં દીની હુકમો પર ઈમાન અફરોઝ બયાન કર્યું. રાત્રે ૧૦ વાગે બીજા દિવસનો ઈજતેમા ખત્મ થયો.

ત્રીજા દિવસ રવિવાર પણ તહજ્જુદની નમાઝથી ઈજતેમા શરૂ થયો. પછી દર્સ વગેરે મુબલ્લિગો થકી પ્રોગ્રામો બયાનો થતાં રહ્યાં. ૧૦ વાગે સ્ટુડન્સના કેરીયર ગાઈડન્સ માટે સુન્ની દા'વતે ઈસ્લામી ઉમ્મીદ ગ્રૃપ રિઝવાનભાઈ તથા મૂસા એંજીનિયર તથા અન્ય સાથીઓએ માલૂમાતી પ્રોગ્રામ યુવાનો માટે કર્યો. કેટલાક સ્ટુડન્ટસ્ના સવાલોના જવાબો આપ્યા. ઝહોર બાદ જામિઆ ગૌષિયા નજમુલ ઉલૂમના ફારિગ થનાર તલબાની દસ્તારબંદી થઈ જેમાં ખત્મે બુખારી હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી સાહબે કરાવી. ત્યાર બાદ હઝરત મુફતી

ઝુબેર મિસ્બાહી સાહબે "ઈસ્લામમાં હદીષની અહમિયત" પર શાનદાર ખિતાબ કર્યો. ત્યારબાદ હઝરત સૈયદ અમીન અલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ મો'મિનથી મહોબ્બતના વિષયે અસરકારક બયાન કર્યું. અસર બાદ હઝરત મુફતી નિઝામુદ્દીન રઝવી (મુબારકપુર) થકી દીની સવાલો જવાબની મેહફિલ યોજાયી. મગરિબ બાદ હઝરત અર્શદ મિસ્બાહી (માંચેસ્ટર)નું બયાન ઈંગ્લિશ ઉર્દૂમાં થયું ત્યારબાદ ઓનલાઈન બયાન મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરૂઝ્ઝમાખાં આ'ઝમી સાહબે દીની દુનિયવી ઈલ્મના મહત્વ પર ક઼ૌમને ઈલ્મ માટે પ્રોત્સાહિત કરતુ ટૂંકુ બયાન કર્યું. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદશાકિર નૂરીએ નવયુવાનોની ઈસ્લાહ પર શાનદાર બયાન કર્યું હતું. ત્યારબાદ હઝરત મન્નાની મિયાં સાહબ (બરેલી શરીફ) સાહબે ભલી દુઆઓ આપી હતી. છેવટમાં ઝિક્ર દુઆ પર ઈજતેમા પૂર્ણ થયો. ત્રણ લાખ ઉપરના સુન્નીઓના મજમાએ તૌબા ઝિક્ર દુઆમાં હિસ્સો લઈ ઈજતેમાને અદભૂત કામયાબ કર્યો.

## દયાદરામાં જશ્ને ઈસ્તિકબાલિયા પ્રોગ્રામ

**દયાદરા** : ખાતે જનાબ નઝીર વલી લહેરીના સુપુત્ર "જનાબ હાફિઝ મૌલાના નૂરાની" દારુલ ઉલૂમ પ્રિટોરીયા (સા. આફ્રિકા)થી આલિમની ડિગ્રી લઈને તશરીફ લાવતાં તા. ૯–૧૨–૨૦૨૩ શનિવારે ઈશા બાદ મોટા ચકલા પર જશ્ને ઈસ્તિકબાલિયા રાખવામાં આવ્યો જેમાં જનાબ કારી મક઼સૂદ કાવીવાલા (પેશ ઈમામ–દયાદરા)એ નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા. ત્યારબાદ મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ઈલ્મ તથા આલિમની ફઝીલત પર બયાન કર્યું. બાદમાં મુંબઈથી તશરીફ લાવેલ હઝરત અલ્લામા મૌલાના મુફતી ઝુબેર મિસ્બાહી (ઉસ્તાદ : જામિઆ ગૌષિયા નજમુલ ઉલૂમ, સુન્ની દા'વતે ઈસ્લામી મર્કઝ–મુંબઈ)એ અક઼ીદાના મહત્વ તથા દીની ઈલ્મની અગત્યતા પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. મૌલાના નૂરાની લહેરીએ પણ મા બાપની જિમ્મેદારી તથા ઔલાદની તર્બિયત બાબતે તથા આલિમ થવાના દુનિયવી ઉખરવી ફાયદા વિશે સારી એવી ચર્ચા પેશ કરી હતી, છેવટમાં દુઆ સલાતો સલામ પર પ્રોગ્રામ પૂર્ણ થયો. ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા તથા સુન્ની દા'વતે ઈસ્લામી તરફથી મૌલાના નૂરાનીને "બહારે શરીઅત"નો એક ઉર્દૂ સેટ તોહફામાં, આપવામાં આવ્યો તેમજ નૂરી તર્બિયતી સેન્ટર સુન્ની દા'વતે ઈસ્લામી મર્કઝ–જંબુસર તરફથી "અહાદીષે સહીહૈનસે ગૈર મુકલ્લિદીનકા ઈન્હેરાફ" બે જિલ્દો ભેટ આપવામાં આવી હતી. અને સૌએ મૌલાનાને તથા લહેરી ફેમેલીને મુબારકબાદ આપી હતી.

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **પારખેત** : ખાતે ઈકબાલ અહમદ પથ્થરીયાનો તા. ૨૬–૧૧–૨૦૨૩, મુ. ચાંદ ૧૧ જમા. અવ્વલ, હિ.સ. ૧૪૪૫, રવિવાવરના રોજ ઈન્તેક઼ાલ થયો છે.
- **દયાદરા** : ખાતે **હાજી ઈબ્રાહીમભાઈ ગટા**નો ૮૨ વરસની વયે તા. ૨૦–૧૧–૨૦૨૩, મુ. ચાંદ ૬ જમાદિયુલ અવ્વલ હિ. ૧૪૪૫ સોમવારે રાતે ઈન્તેક઼ાલ થયો અને મંગળવારે સવારના દફનવિધિ થઈ. મર્હૂમ નેક નમાઝી નમ્ર સ્વભાવના ઈબાદતગુઝાર હતા. અધિકતર સમય મસ્જિદમાં જ ગુજારતા હતા. તથા **મર્હૂમા જુબેદાબેન ઉમરજી પોષ્ટમાસ્તર**નો તા. ૭–૧૨–૨૦૨૩, મુ. ચાંદ ૨૨ જમા. અવ્વલ, હિ.સ. ૧૪૪૫, ગુરૂવારના રોજ તથા **મર્હૂમ નાશિર માના**નો તા. ૧૩–૧૨–૨૦૨૩ના રોજ ઈન્તેક઼ાલ થયો છે. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે* ***દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*** *ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*